ડિસેમ્બર, ૨૦૧૫

# પાવન હૃદય દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-



"I am counting on you to wake up the world." Pope Francis (Year of Consecrated Life)

*પરિવાર, સગાંસ્નેહીઓ, વતન અને સંત આન્ના મંડળ આપની સેવાપ્રવૃત્તિના સુવર્ણ-જયંતી વર્ષનું ગૌરવ અનુભવે છે.*

# આપ સંન્યસ્ત જીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યાં છો તે પ્રસંગે હાર્દિક અભિનંદન!




## સિસ્ટર આગ્નેસ હ્યુગો મેકવાન
[Charity of St. Anne]



**આપનું મિશનઃ** જરૂરિયાતમંદો, બીમાર, વૃદ્ધો અને ગરીબોની નિઃસ્વાર્થ સેવા.

**આપનાં સ્વૈચ્છિક વ્રતોઃ** ત્યાગ, વિનમ્રતા અને મૌન ફરજ પાલન.

**આપની સેવા-પ્રવૃત્તિનાં સ્થળોઃ** નડીઆદ, વડોદરા, ભાવનગર, રોલ, મોતીનાલા (મધ્ય પ્રદેશ), પોર્ટ બ્લેર (અંદામાન) અને હાલ ઊંટેશ્વરી (કડી)



**CALLED TO DO GOOD**



**Golden Jubilee Mass by Rt Rev Bishop Godfrey De Rozario S.J. at Provincial House, Baroda on 5th Nov. 2015**

**આપનાં પરિવારજનો**
**સ્વ. મણીબેન અને સ્વ. હ્યુગો મેકવાન (વડતાલ)**
**શાંતાબેન - સ્વ. દાનીએલ મેકવાન (વડતાલ)**
**સુશીલા - પૉલ મેકવાન (કેનેડા)**
**સવિતા - ઈસુદાસ મેકવાન (નડીઆદ)**
**તથા સર્વે પરિવારજનો અને સગાંસ્નેહીઓ**

★ ★ ★

"...નિરહંકારી અને નિષ્કામ ભાવના સંન્યાસીની સક્રિય સેવાપ્રવૃત્તતાનું મૂળ છે. એવી સેવાપ્રવૃત્તિનો કોઈ ભાર કે થાક હોતો નથી, બલ્કે ઈશ્વરની 'કલમ' કે 'બાંસૂરી' બની રહેવાનો નિર્મળ આનંદ જ હોય છે!..."

*('દૂત'માં પૂજ્ય ફાધર વિનાયક જાદવ એસ.જે.)*

***"Sing, Oh sing of my Redeemer...***
***With His blood***
***He purchased me...***

***On the Cross***
***He sealed my pardon...***

***Paid the debt...***
***And made me free."***

*Merry Christmas & Happy New Year*

## ફ્લેટની કિંમતમાં તમારું પોતાનું ઘર

## N.A., N.O.C., Title Clear

# Purshottam Park

### ૨ બેડરૂમ + બેઠકરૂમ + રસોડાના અદ્યતન રો-હાઉસ




- દરેક રો-હાઉસની આગળ ૫'૬" જગ્યા.
- દરેક રો-હાઉસને પોતાનો સ્વતંત્ર પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત દાદર કેબિન સાથે.
- સોસાયટીની અંદરના P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીનો સુંદર મેઈન-ગેટ.
- દરેક રો-હાઉસના સ્વતંત્ર પાર્કિંગ એરિયામાં પેવર બ્લોક.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- શરતોને આધીન.

**વધારે વિગત માટેઃ**

**૮૮૬૬૧ ૬૮૯૨૭, ૯૯૨૪૬ ૮૬૬૦૦**

**સાઈટ એડ્રેસઃ**

પુરષોત્તમ પાર્ક, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં,
સરકારી વસાહત પાછળ,
મિશન રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨







**સાઈટ:**
સાંઈ રાજ રેસિડેન્સી
મેઘા ટ્વીન્સની પાછળ,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ,
જિટોડિયા – આણંદ

**ડેવલપર્સ:**
સાંઈ રાજ રેસિડેન્સી
આણંદ – ૩૮૮ ૦૦૧

**ડીઝાઈન બાય:**
અલ્પેશ વી. પટેલ ૯૮૨૫૮૨૩૧૪૨
આણંદ – ૩૮૮ ૦૦૧

**કોન્ટેક્ટ:**
યોગેશ ગુપ્તા – ૯૮૨૫૮ ૨૩૧૪૨
રાજુ ગુપ્તા – ૯૮૨૫૨ ૬૩૨૭૭

**સ્ટ્રક્ચરલ એન્જિનીયર:**
અક્ષર કન્સલટન્ટ
વલ્લભ વિદ્યાનગર
ફોન : ૦૨૬૯૨ ૨૩૧૩૨૨

**રેડી પઝેશન**

**લોન પેપર્સ ઉપલબ્ધ**

**૧૦૬૦ ચો.ફુટના પ્લોટ ઉપલબ્ધ**

...ગુજરાતના પ્રખ્યાત ચર્ચ પાસે...
ખ્રિસ્તી પરિવારો માટે સુંદર, આયોજીત અને લક્ઝુરીયસ 3-BHK ટ્વીન્સ

www.sairajrealty.com

**Publisher's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન (મોઃ ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી (મોઃ ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

**અંકઃ ૧૨** **વર્ષઃ ૨૦૧૫** પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**તંત્રીલેખ**

ઝંખના ✧ જસવંત મેકવાન ૦૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૦

ડો. સિલાસ પટેલિયા ✧ ડો. સુરેન્દ્ર આસ્થાવાદી ✧ રજનીકાંત જે. રાઠોડ ✧ રમેશ મેકવાન ✧ બકુલ મેકવાન

**તમારો પત્ર** ૧૧

બ્ર. થોમસ ✧ જોસેફ આપીઆન ✧ ફ્રાન્સિસ મેકવાન ✧ શાંતિલાલ મેકવાન પીટર મેકવાન ✧ જયંત પરમાર ✧ જેકબ એસ. મેકવાન

**લેખો**

બલિ નહિ દયા ✧ બ્રધર સંજય હોરો એસ.જે. ૧૪
ભલમનસાઈ સચેત કરીએ... ✧ ધર્મબંધુ થોમસ પરમાર એમ.સી. ૧૫
'જનહિત' (સંસ્થા પરિચય) ✧ ડો. પ્રીતિ રાઠોડ ૧૬
આમલી (લઘુકથા) ✧ ગાબ્રિએલ ચૌહાણ ૧૭
વિકલાંગને સક્ષમ બનાવીએ ✧ સૌજન્યઃ ઊંટેશ્વરી સંમિલિતાલયમ્ ૧૮
દયા - પરમો ધર્મ ✧ ફાધર વિનાયક જાદવ એસ.જે. ૧૯
નાતાલનો અદ્‌ભુત ચમત્કાર ✧ ફાધર વર્ગીસ પોલ એસ.જે. ૨૨
રંકથી રાય ✧ શાંતિલાલ ખ્રિસ્તી ૨૪
નાતાલની આસપાસ ✧ સામયન ફ્રાન્સિસ પરમાર ૨૬
હિમશિલા ✧ સ્નેહલત્તા ભાટિયા ૨૮
ભૂમિકા ✧ અનિતા ક્રિસ્ટી ૨૯
'જાઓ...' ✧ બ્રધર અશ્વિન પાંડવ એસ.જે. ૩૦

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧-૩૪

પવિત્ર કુટુંબ ✧ રાજુભાઈ ગોપાલભાઈ મેકવાન ૩૫
પશ્ચાતાપ ✧ ઈન્દુ રાવ ૩૬
શ્રી સ્વામી ચિદાનંદની દૃષ્ટિએ ઈસુ ✧ ડો. થોમસ પરમાર ૩૮
સમૃદ્ધિ કે સર્વનાશ! ✧ જયંતિભાઈ એ. મેકવાન ૪૦
માગીરાજાઓના પગલે... ✧ 'રાજબંધુ' જયંત એમ. પરમાર ૪૧
ઉગ્યો રે ઉગ્યો પ્રકાશ ✧ અલ્પેશકુમાર જે. પરમાર ૪૨
શ્રદ્ધાંજલિ ૪૪

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૫૨

સંદર્ભ સૂચિ ✧ સંકલન : શૈલેષ ક્રિસ્ટી ૫૭

**આવરણઃ** ઈસુ, મારિયા અને જોસેફનું પવિત્ર કુટુંબ, માનવજાત માટે પવિત્ર કુટુંબને આદર્શ છે, એટલે જ વિવિધ સ્વરૂપ-સંસ્કૃતિમાં તેની ઝાંખી જોવા મળે છે. ૮ નવેમ્બર, ૨૦૧૫ના રોજ 'રાજરાજેશ્વર - ડાકોર દેવાલયનો આશીર્વાદવિધિ સંપન્ન થયો, તેમાં પ્રસ્થાપિત ભારતીય પરિવેશમાં પવિત્ર કુટુંબની પ્રતિમા ધ્યાનાકર્ષક છે.' ઈસુ, મારિયા, જોસેફ સા'ય, કરજો અમો સહુને સદાય!

ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ


## વડાધર્મગુરુ ફ્રાન્સિસનાં અમૃત વચન

"રોજને રોજ દુનિયામાં ક્યાંકને ક્યાંક યુદ્ધ ખેલાતું રહે છે એટલે આ વર્ષની ખ્રિસ્તજયંતી ઉદ્વેગ ભરી બની રહેશે, રોશૈની અને મહેફિલની વચ્ચે પણ યુદ્ધનો તરડાયેલો આલાપ સંભળાતો રહેશે......
હજુ પણ દુનિયા શાંતિનો માર્ગ સમજી શકી નથી!"

+++

પરમધામે હો પ્રભુજીને મહિમા!
શાંતિ શુભેચ્છકો કાજ રે, જન્મેલા તારકને મહિમા.

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✝ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✝ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✝ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


## લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય:

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : રૂા. ૧૧,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**



## તંત્રીલેખ...



# ઝંખના

થોડાં વર્ષ પહેલાં મારા મિત્રના સગાવ્હાલામાંથી એક નિસંતાન દંપતીને 'માતૃછાયા' અનાથઆશ્રમ - નડીઆદમાંથી બાળક દત્તક લેવાની ઈચ્છા થઈ. તેઓ બિનખ્રિસ્તી હતા એટલે શરૂઆતથી અંત સુધી હું તેમની સાથે રહું એવો તેમનો આગ્રહ હતો. મારા મિત્ર અને પેલા નિસંતાન દંપતી સાથે હું માતૃછાયા પહોંચ્યો. ઉપસ્થિત સંચાલકગણે તેમને બાળક દત્તક લેવાની આવશ્યકતાથી માંડીને અનેકવિધ પ્રશ્ન કર્યા અને માહિતી મેળવી. વળી નિશ્ચિત દિવસે જરૂરી પ્રમાણપત્ર સાથે ફોર્મ ભરવા આવવા કહ્યું.

ફોર્મમાં દંપતીના બાળપણથી શરૂ કરી આજદિન સુધીનો અહેવાલ આવી ગયો હતો. પતિ-પત્નીનો જન્મ, ઉછેર, અભ્યાસ, લગ્ન, સ્વાસ્થ્ય, વ્યવસાય, વાર્ષિક આવક, જવાબદારીઓ વગેરેની રજેરજ માહિતી તેમાં માંગવામાં આવી હતી. ફોર્મ સુપરત કર્યા બાદ પંદરેક દિવસ કે મહિનામાં સંસ્થા તરફથી તેમની સ્થળ તપાસ કરવામાં આવી, જેમાં ખુદ સંચાલકગણ તેમના ગામ-સમાજ-પરિવશેની પૂરી માહિતીથી વાકેફ થયા. તેમના ચારિત્ર્ય અંગે પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી.

સ્થળ તપાસ સંતોષપ્રદ લાગતાં દંપતીને બાળકની પસંદગી માટે કહેણ મોકલ્યું. અનાથઆશ્રમમાં ઉછરતાં બાળકોને રૂબરુ જોઈ, તેમણે એક દીકરી પસંદ કરી. હવે અવારનવાર પેલી દીકરીને પેલા દંપતી મળવા આવે અને તેની સાથે ઘરોબો કેળવે એવો આગ્રહ સંચાલકગણે રાખ્યો. પેલા દંપતીએ સંચાલકના આદેશનું અક્ષરસઃ પાલન કર્યું. જ્યારે પણ પેલી દીકરીને આ દંપતી મળવા આવે ત્યારે તેના માટે મનપસંદ મીઠાઈ, ફળફળાદિ, રમકડાં અચૂક લઈને આવે. તેની સાથે કલાકો ગાળે, બાળસહજ રમતો રમે. હવે એવો સમય આવ્યો કે દંપતીને માતૃછાયાથી વિદાય લેવાનું વસમું લાગવા માંડ્યું. પેલી દીકરી પણ ક્યારેક તેમના જતાં રોકકળ કરતી અને ફરી ક્યારે આવે તેની ઉત્સુકતાથી રાહ જોવા લાગે.

બાળકની પસંદગી બાદ તેના ભરણપોષણ માટે આશ્રમમાં નિશ્ચિત ધારાધોરણ પ્રમાણે ફી પણ ભરવામાં આવી. હવે શરૂ થઈ કોર્ટની કાર્યવાહી. તેમાં પણ ઘણો સમય નીકળી ગયો. આ બધું સુખરૂપ પાર ઉતરતાં લગભગ નવદસ મહિના વીતી ગયા. હવે હું થાક્યો હતો, કેમ કરીને આ પ્રક્રિયા પૂર્ણ થાય, પેલા દંપતીને દીકરી દત્તક મળે અને મારો છૂટકારો થાય. એટલે જે દિવસે વિધિસર બાળકીને અનાથઆશ્રમમાંથી દત્તકરૂપે મળી, ત્યારે મેં સંચાલકગણમાંથી એકને પ્રશ્ન પૂછી નાખ્યોઃ 'બાળક દત્તક લેવાની આ પ્રક્રિયા ટૂંકાવી શકાય તો? કેટલો સમય તેની પાછળ વેડફાઈ છે?' સ્મિતવદને મને જે જવાબ મળ્યો તેના પડઘા આજે પણ મારા કાનમાં ગૂંજે છેઃ 'સર, માના ગર્ભમાંથી બાળક જન્મ માટે પણ લગભગ આટલો જ સમય થાય છે. નિસંતાન દંપતીની બાળક દત્તક મેળવવાની ઉત્સુકતા-ઝંખના જેમ વધારે તેમ બાળક વધારે સુરક્ષિત એમ અમે માનીએ છીએ. આખરે માતૃછાયાનું બાળક ઉતાવળમાં કોઈ એવા પરિવારમાં ન પહોંચી જાય જ્યાં તેની પરેશાનીઓમાં વધારો થાય, એ જ અમારો પ્રયાસ હોય છે.'

સંચાલકની વાત તો બિલકુલ સાચી છે, આ આખી પ્રક્રિયામાં મને પેલો 'ઝંખના' શબ્દ સ્પર્શી ગયો અને તેથી જ આ વાત નાતાલ ટાણે મારે કરવી છે. ઈસુના જન્મથી માંડી લગભગ બે હજારથી વધારે નાતાલ આપણે ઉજવી હશે અને તેમ છતાં બહુધા, નાતાલઋતુમાં ઈસુ જન્મનો આનંદ ખરેખર આપણા અંતરમાં છલોછલ ઉભરાય જાય એવું બને છે ખરું? જો તેમાં ઉણપ હોય તો, આપણામાં ઝંખનાનો અભાવ હોઈ શકે!

આપણા દેશનો જ દાખલો લઈએ. અંગ્રેજોની ધૂંસરી ફગાવી દેવાનો પહેલો બળવો ૧૮૫૭માં થયો અને છેક ૧૯૪૭માં દેશને આઝાદી મળી. સ્વાતંત્ર્ય સંગ્રામની લડત મહાત્મા ગાંધીજીએ ૧૯૧૫માં ઉપાડી અને ૧૯૪૨ સુધી તો જાણે તેમની આતુરતા ભડકે બળવા લાગી, એટલે 'આઝાદી ન મળે ત્યાં સુધી આશ્રમમાં પાછો નહીં ફરું, ભલે કાગડા-કૂતરાના મોતે મરીશ' એવો દૃઢ સંકલ્પ સાથે તેઓ નીકળી પડ્યા હતા; એટલે ૧૯૪૭, ૧૫ ઓગસ્ટ મધ્યરાત્રિએ જ્યારે દેશ આઝાદ થયો ત્યારે તેમના આનંદની કોઈ સીમા રહી ન હતી! આ આનંદનું મૂળભૂત કારણ તેમના દિલમાં પ્રજવેલ ઝંખનાની જ્વાળાઓ હતી!

કોઈપણ પરિવર્તન રાતોરાત શક્ય બનતું નથી! આપણી પાસે કોઈ જાદુઈ ચિરાગ નથી જે આપણે ઈચ્છીએ તેમ બની જાય! જેના જન્મની સવાસોમી જન્મજયંતી આ વર્ષ સમગ્ર રાષ્ટ્ર ઉજવી રહ્યું છે તે ડો. ભીમરાવ આંબેડકરની ભણવાની તીવ્ર મનોકામનાએ જ તેમને મહાન બનાવ્યા છે. ૧૪ વર્ષ સુધી લશ્કરની શાળામાં શિક્ષણ સાથે સંકળાયેલા ભીવા (ડો. ભીમરાવનું બાળપણનું નામ)ના પિતાજી રામજીભાઈની ઈચ્છા તેને ખૂબ જ ભણાવવાની હતી પણ અછૂતને કોણ પ્રવેશ આપે! આખરે ૧૯૦૦માં સતારાની અંગ્રેજી માધ્યમની

શાળામાં પ્રવેશ મળ્યો પણ અન્ય વિદ્યાર્થીઓ પાટલી પર બેસે જ્યારે ભીવા માટે ભોંય હતી! કંતાનના કોથળા પર બેસી ભીવાએ ભણવાનું અને દુનિયાને સમજવાનું શરૂ કર્યું. તરસ લાગે ત્યારે પટાવાળાને જાણ કરવાની, નાનો ભીવા ખોબો ધરતો અને પટાવાળો ખોબામાં ઉપરથી પાણી રેડતો. ૧૯૦૪માં મુંબઈની એલિફન્સ્ટન હાઈસ્કૂલમાં સંસ્કૃત ભાષા શીખવાની તીવ્ર હોવા છતાં શિક્ષકે ભીવાને સંસ્કૃત ભણાવવાની ના પાડી દીધી ત્યારે સંસ્કૃત ભણવાની ઈચ્છા જતી કરી, અંગ્રેજી અને પર્શિયન ભાષા ભણ્યો. વળી શાળામાં એક શિક્ષક વારંવાર વર્ગમાં ભીવા પર કટાક્ષ કરી તેને ઉતારી પાડતાઃ 'તું મહાર (દલિત જાતિનો) છે. ભણીગણીને કરશે શું? તું ન ભણે તો?' આ બધાની વચ્ચે ૧૯૦૭માં ભીવાએ મેટ્રિકની પરીક્ષા પાસ કરી તે ભીવા મટી ભીમરાવ બન્યો અને એલ્ફિન્સ્ટન કોલેજમાં બી. એ. કરવા પ્રવેશ મેળવી લીધો. માંદગીને કારણે કોલેજનું એક વર્ષ બગડ્યા પછી પણ દાદા કેળુસકરની ભલામણથી ગાયકવાડ મહારાજની ભલામણથી ભણવા માટે શિષ્યવૃત્તિ મેળવી ૧૯૧૨માં બી.એ.ની પરીક્ષા પાસ કરી. ભીમરાવ ભણતા ઉઠી જાય તે માટે સહાધ્યાયીઓ અને ગુરુજનોએ તેને સતાવવામાં પાછી પાની કરી ન હતી, છતાં અતિ કપરા સંજોગોમાં બી.એ. પાસ કરી શક્યા તે વાત જ નેવાંનાં પાણી મોભારે ચઢાવવા જેવી અઘરી હતી! અને ત્યારે પછી તો અમેરિકા (૧૯૧૩) અને બાદમાં લંડન (૧૯૧૫)માં અભ્યાસ કરી ૧૯૧૬માં પી.એચ.ડી. થયા અને ૧૯૨૩માં બેરિસ્ટર થયા અને છેવટે ભારતમાં અછૂતોના મસીહા બનવા છતાં ૧૯૪૭માં ભારતીય બંધારણ કમિટિના અધ્યક્ષ અને સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા.

બાબા સાહેબની શૈક્ષણિક સિદ્ધિઓ, મળેલા ઈલ્કાબો, લખેલા મહાનિબંધ, પ્રગટ થયેલાં પુસ્તક, સામયિકો, સ્થાપેલી સંસ્થાઓ વગેરેની પાછળ અભ્યાસ કરવાની તીવ્ર ઝંખના અને અછૂતોના ઉત્થાનની અદમ્ય ધગશ પાયામાં હતી.

દક્ષિણ આફ્રિકામાં રંગભેદ જાતિ - કાળા અને ગોરા સામે બગાવત કરનાર નેલ્સન મંડેલા પર, દક્ષિણ આફ્રિકાની સરકારે જનતાને જાહેર હડતાલ માટે ઉશ્કેરણી કરવા તેમજ રજા સિવાય દેશ બહાર જવા માટે ૧૯૬૨માં જાહેર આરોપ મૂક્યા હતા અને તત્કાલ પાંચ વર્ષની જેલ કરી હતી. ૧૯૬૩માં જેલવાસ દરમિયાન જ ફરી કાર્યવાહી કરવામાં આવી અને દક્ષિણ આફ્રિકાની સરકારને ઉથલાવી પાડવા ભાંગફોડ કરવા અને તરકટ રચવામાં માંડેલાની સંડોવણી છે, એવા આરોપની ફરિયાદ દાખલ કરવામાં આવી. જોકે પોતે આ બાબતમાં નિર્દોષ છે એવું તેમણે કોર્ટ સમક્ષ પૂરવાર કર્યું હતું. ૧૯૬૪માં ફરી એકવાર મુકદ્દમો ચાલ્યો જેમાં તેમને કસૂરવાર ઠરાવવામાં આવ્યા અને આજીવન કારાવાસની સજા થઈ. બીજી ફેબ્રુઆરી, ૧૯૯૦માં માંડેલાને જેલમાંથી મુક્તિ મળી, ત્યાર બાદ ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ તરીકે જનતાએ ચૂંટી કાઢ્યા અને રંગભેદજાતિ પણ નાબૂદ કરવામાં આવી. ૨૮ વર્ષના લાંબા કારાવાસ દરમિયાન અન્યાય સામેની લડતમાં ન્યાય મેળવવાની ઝંખનાએ જ તેમને સબળ કર્યા. ત્રીજી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ તેમનું માંદગીને કારણે અવસાન થયું.

બાર વર્ષની આગ્નેસ, સાધ્વી બનવાનો વિચાર કરે છે, લોરેટો સાધ્વી સંઘ(આર્યલેન્ડ)માં જોડાયા બાદ ૧૯૨૮માં ૧૮ વર્ષની ઉંમરે વતન છોડી ભારત આવે છે. લોરેટો સાધ્વી તરીકે, ઈતિહાસ અને ભૂગોળ શીખવતાં, કોન્વેન્ટની દીવાલ બહાર ગરીબગુરબાંની વહારે જવા ઉત્સુકતા જાગી! ૧૦ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ (હાલમાં સંઘ પ્રેરણા દિન તરીકે ઉજવે છે.) દાર્જિલિંગ જવા ગાડીમાં મુસાફરી કરતાં હાલનું જીવન તરછોડી ગરીબો પ્રત્યે સેવા કરવાની તીવ્ર ઝંખના-પ્રેરણા જાગે છે. બે વર્ષ સુધી આ હાકલમાંની હાકલ અંગે મનનચિંતન કરે છે, પોતાની ઝંખનાને વધારે સફળ-સાર્થક બનાવવા માટે ૩૮ વર્ષની ઉંમરે મેડિકલ મિશન સિસ્ટર્સ પાસેથી તબીબી સારવારની પ્રાથમિક તાલીમ મેળવે છે અને ડિસેમ્બર, ૧૯૪૮માં તેઓ પોતાની દ્વિતીય હાકલ (a call within call)ને અનુસરે છે, કોલકત્તાની ઝૂંપડપટ્ટીમાં સેવાયજ્ઞનો આરંભ કરે છે, જેમાં એક પછી એક યુવતીઓ જોડાતાં આજે સમગ્ર વિશ્વમાં મધર થેરેસાના સાધ્વીબેનો સેવારત છે. વિશ્વ પ્રસિદ્ધ નોબેલ પ્રાઈઝ મેળવાનાર મધરને ભારત સરકાર તેમજ વિશ્વવ્યાપી અનેક સંગઠનોએ અનેક બિરુદ અને એવોર્ડ આપ્યા છે. ધર્મસભાએ પણ પુનિત મધર થેરેસા ઘોષિત કર્યા છે. આ બધાની પાછળ ગરીબોની સેવામાં જીવન સમર્પિત કરવાની તેમની તીવ્ર ઝંખના જ જવાબદાર છે. સાધ્વી બન્યા પછી લોરેટો કોન્વેન્ટની સુરક્ષિત દીવાલો તેમને આ સન્માન આપી શકી હોત! માનવજાતને ગરીબોમાં ઈશ્વરનાં દર્શન કરવાનો રાહ બતાવી શક્યાં હોત!

'હજો હાથ કરતાલ' ગઝલમાં ગઝલકાર રાજેન્દ્ર શુક્લ તો અંતે 'હજો હૈયે ઝંખના'નો પ્રતિધ્વનિ જગાડે છે. ભારતભરના વિવિધ ધર્મના સંતમહાત્માએ ઝંખનાના રાજમાર્ગે જીવનમાં અર્જિત પરાકાષ્ઠા-ઈશ્વરના સાંનિધ્યની વાત કરે છે. હાથમાં કરતાલ આવતાં જ ઘરસંસસાર ભૂલી જનાર નરસિંહ મહેતાની ઝંખના કેટલી ઉન્નત હશે! દિયર અને નણંદની સતામણી વચ્ચે પણ આ ઝંખના જ મીરાંને કૃષ્ણ દીવાની બનાવે છે. પત્ની પ્રેમમાં વિહવળ બનેલા તુલસીદાસની ઝંખનાનો રાહ બદલાય છે અને સંતપદ ધારણ કરે છે. સચરાચરમાં સર્જકને પામવાની ખેવાના જ કબીરને હિન્દુ-ઈસ્લામ ધર્મીઓના ગુરુપદે સ્થાપે છે. વર્તમાન યુગના વિવિધ ધર્મ અને ક્ષેત્રના ભેખધારીઓ આ ઝંખનાના બળે જ પલ્લવીત બની જીવનમાં સર્વોત્તમ શિખરે પહોંચે છે. બાઈબલમાં તેમજ સમગ્ર માનવજાતના ઈતિહાસમાં અસંખ્ય ઉદાહરણ મળી આવશે જ્યાં ઝંખનાના તેજોવધ દ્વારા માનવ મહામાનવ બન્યા હોય! સંતકવિ સુંદરમ્‌ની તડપન -

'તને મેં ઝંખી છે, યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી'

જો આપણી ઝંખનાની તરસ કવિ જેવી બને તો! રોજરોજ ખ્રિસ્તજયંતી હોય! વાસ્તવિકતા એ છે કે આપણામાંના મોટાભાગના નાતાલની ઉજવણી માટે દેવળમાં પધારે ત્યારે દોડધામ કરતા

રઘવાયા આવે છે. નાતાલની ઉજવણીની પૂર્વતૈયારીનો થાક હજુ આપણા ચહેરા પર વર્તાય છે. ઘરની સાફસૂફી, તોરણ-રોશનીની સજાવટ, સમૂહમિલનના કાર્યક્રમનું આયોજન વગેરેનો થોકબંધ થાક લાગ્યો હોય છે, ઈચ્છા હોવા છતાં કેટલાંક કામ અધૂરાં છે, કેટલીક વાતો મનમાં જ રહી ગઈ અને નાતાલ આવી પહોંચી.

આગમનઋતુ, ખ્રિસ્તજન્મની આધ્યાત્મિક તૈયારીનો સમયગાળો છે પણ આપણામાંના મોટાભાગના, ખ્રિસ્ત ઈસુ આપણા રોજિંદા જીવનમાં જન્મ ધારણ કરે, એવી કઈ તૈયારી કરવા ગંભીર પ્રયાસ ભાગ્યે જ કરે છે! આ પ્રકારની તૈયારી કરવાને બદલે આપણે આપણા પરિવાર, મિત્ર, સહકર્મચારીઓ વગેરે સાથે નાતાલની ઉજવણીના આયોજન અને વ્યવસ્થામાં વધારે પડતા વ્યસ્ત રહીએ છીએ. નાતાલ નજીક આવતી જાય તેમ આ બાબતે જવલેજ આપણે ગંભીર બનીએ છીએ. ઘર-સોસાયટીની સજાવટ, બાળકો માટે નાતાલ ભેટની ખરીદી, નાતાલ કાર્ડની રવાનગી, વિવિધ વાનગીઓ-મીઠાઈની બનાવટ અને નાતાલના સમૂહમિલન કાર્યક્રમમાં હાજરી વગેરેમાં વ્યસ્ત રહીએ છીએ.

ખરેખર જ્યારે નાતાલની પૂર્વસંધ્યા- ખ્રિસ્તજયંતી જાગરણ આવી પહોંચે ત્યારે ફળિયા-સોસાયટી, મોલ-બજારમાં નાતાલનાં વધામણાં (ક્રિસમસ કેરલસ) સતત સાંભળી સાંભળીને આપણા કાન લગભગ વાજ આવી ગયા હોય છે! એટલે ઘણીવાર નાતાલનો તહેવાર આપણને અનુકૂલન કે આનંદ આપવાને બદલે કામની વ્યવસ્તતા-ભારેખમ સાબિત થાય છે. સાચે જ કેટલીક વાર નાતાલઋતુ આપણી સહનશક્તિની કસોટી કરનારો હોય છે, ક્યારેક જ સ્વયંભૂ આનંદ પ્રગટાવનારો હોય છે. જો આપણે થોડા વધારે ગંભીર રીતે વિચારીએ તો, નાતાલની પૂર્વતૈયારી અને નાતાલની ઉજવણીમાં, બહુ જ ઓછો સમય આધ્યાત્મિક તૈયારી માટે ખર્ચીએ છીએ, જેવી તૈયારી તેવો પાક!

આધ્યાત્મિક તૈયારી કરતાં ઘરઆંગણાની સજાવટ, પ્રાર્થના કરતાં નાતાલ ખરીદી પાછળ, તપશ્ચર્યા કરતાં તહેવારની ધમાકેદાર ઉજવણી માટે વધારે નાણાં-સમય આપણે ફાળવીએ છીએ. આગમનઋતુમાં નાતાલની આધ્યાત્મિક પૂર્વતૈયારી કરતાં કદાચ પાર્થિવ તૈયારી વધારે જોશમાં થતી હોય છે અને છેલ્લે બાઈબલનાં પૃષ્ઠ જેની સાક્ષી પૂરે છે તેમ બેથલેહેમમાં મારિયા અને જોસફ માટે કોઈ ઓરડો ખાલી મળ્યો ન હતો તેમ નાતાલના ટાણે આપણાં હૃદયનાં દ્વાર બંધ થઈ ગયાં હોય છે. આધ્યાત્મિક પુર્નજન્મ માટે અવકાશ ભાગ્યે જ રહ્યો હોય છે. નાતાલની ઉજવણી માટે આપણા અંતરમાં ભાવના હોય છે, ખ્રિસ્તજયંતી પર્વે શ્રદ્ધામય જીવનના નવીનીકરણ માટે ઉત્સુકતા પણ હોય છે પણ આપણાં જીવન કામના દબાણમાં બોજિલ હોય છે, અનેકવિધ પ્રવૃત્તિઓ અને થાક, આધ્યાત્મિક પૂર્વતૈયારી માટે ભાગ્યે જ તક આપતાં હોય છે. નાતાલનો ઉંમગ જીવનમાં ભરી દેવાની ખેવના હોય છે પણ અન્ય કામકાજની વ્યવસ્તતામાં, તેની ભારોભાર ઉપેક્ષા થાય છે!

આગમનઋતુની કેવી આધ્યાત્મિક પૂર્વતૈયારી, આપણને નાતાલનો આનંદ પૂર્ણ આનંદ, પ્રદાન કરવામાં વેગવાન બનાવી શકે? આપણું રોજબરોજનું જીવન એટલું દોઝખ તો નથી જ કે આપણે ઈચ્છા કરીએ અને નિષ્ફળ રહીએ. નાતાલ તૈયારીમાં સ્વર્ગીય વાનાં કરતાં ભૌતિક બાબતોનું પ્રાધાન્ય રહે છે, એ માનવીય સ્વભાવથી પરમાત્મા ક્યાં અપરિચિત છે? લગભગ મોટાભાગના ધર્મજનો સભાનપણે પ્રયત્ન કરે છે, છતાં આપણાં બધાં કામ પરિપૂર્ણ થતાં નથી! મધ્યરાત્રિના ખ્રિસ્તજયંતી વખતે પણ આપણા હૃદયદ્વાર બીડાયેલાં જ રહેવા પામે છે! હવે આજ વાતને પડકારરૂપ સ્વીકારી આપણા વ્યસ્ત-ધામલિયા જીવનમાં થોડોક સમય બાળઈસુ માટે ફાળવીએ.

જેમ જેમ નાતાલનો દિવસ નજીક આવતો જાય છે તેમ તેમ કામની ગીચતાનું પ્રમાણ વધતું હોય છે! ઘર, આંગણ, દેવળ, સમાજ, મંડપ વગેરે સંદર્ભે કરવાની કામગીરી આપણને વધારે વ્યસ્ત રાખે છે. પચ્ચીસમી પહેલાં જ બધું આટોપી હોવાની તીવ્ર ઈચ્છા આપણામાં અવશ્ય હોય છે, જે સાચું છે. નાતાલની તૈયારીમાં ઘરેલું કામકાજ છેલ્લી ઘડીએ પણ અધૂરાં રહે તેનો ઝાઝો અફસોસ ન કરીએ. ખ્રિસ્તજયંતીની ઉજવણીના ખ્રિસ્તયજ્ઞમાં સમયસર પહોંચી જઈએ, શક્ય હોય તો પર્વ ટાણે એક સારું પ્રાયશ્ચિત કરીએ, પરિવારજનો સાથે ભોજન કરીએ, અડોશી-પડોશીઓ સ્વજનોને નાતાલની ઉષ્માભરી શુભેચ્છા પાઠવીએ, કોઈ જરૂરિયાતમંદ છે તેને પારખી શકીએ આપણે થાક-ઉચાટ વચ્ચે પણ ખ્રિસ્તજયંતીની ઉજવણી સાર્થક રીતે કરી શકીએ. ભરવાડો અને પૂર્વના પંડિતો જીવનની અથડામણ વચ્ચે પણ જો ઈસુનાં દર્શન કરવા, ભાગ્યશાળી બન્યા હોય તો આપણે કેમ નહીં? ઈસુ જન્મનાં વધામણાં આપણા તનમનને આનંદ-પૂર્ણ આનંદથી છલકાવી દે એ જ મારી પ્રાર્થના.

આપ સૌને આનંદી નાતાલ મુબારક. ● — જસવંત મેકવાન

Email : jasvantmacwan@ymail.com

## ફેબ્રુઆરી - ૨૦૧૬

**મહત્ત્વના દિવસો :**

૦૨ ફેબ્રુઆરી : વિશ્વ જળપ્લાવિત દિન
૧૪ ફેબ્રુઆરી : વેલેન્ટાઈન ડે
૧૯ ફેબ્રુઆરી : અખિલ ભારત પંચાયતીરાજ દિન
૨૧ ફેબ્રુઆરી : વિશ્વ માતૃભાષા દિન
૨૨ ફેબ્રુઆરી : વિશ્વ સ્કાઉટ એન્ડ ગાઈડ ડે
૨૮ ફેબ્રુઆરી : રાષ્ટ્રીય વિજ્ઞાનદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૨ ફેબ્રુઆરી : મંદિરમાં બાળ ઈસુનું સમર્પણ
૦૪ ફેબ્રુઆરી : સંત જોન દે બ્રિતો
૧૦ ફેબ્રુઆરી : ભસ્મ બુધવાર - તપઋતુનો આરંભ
૧૧ ફેબ્રુઆરી : લુર્ડસનાં માતા મરિયમ
૨૨ ફેબ્રુઆરી : સંત પીતરનું ધર્માસન

**૫ જાન્યુઆરી ૨૦૧૬ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાર્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

# કાવ્યધારા



## નાતાલ

ઠંડીની તીક્ષ્ણ ધાર અડે
ને થરથર કંપે કાયા!
રાત્રિના પ્રહર થીજી જાય,
જાણે અંધકાર પહાડ!
ખૂટે નહીં મારગ...
ખૂટે નહીં રાત....
આવી વેળા આકાશના તારા
જુએ... ગભાણે, ચમકતી આંખ!
એ આંખ જુએ
થીજેલાં માનવની આંખ,
ને સહસા આનંદ અશ્રુમાં
એ માનવ આંખ વહે...
કેમકે –
અંધારે અથડાતી એ આંખને
મળી, દિવ્ય આંખ ઈસુ તણી!

*– ડૉ. સિલાસ પટેલિયા*

## ઓછવનું જોર નહિ ચાલે

હવે ઓછવનું નહિ ચાલે
મને પ્રભુજી પોતે સમાલે.... ધ્રુવપદ

પ્રભુ પ્રીતિથી હાથ પ્રસારે,
નિજ શિશુને સંભાળે પાળે,
હવે ચુંબન કરી દે છે ગાલે.... મને...

મને લીલૂડાં ચારે ચરાવે,
શુદ્ધ ઝરણાનું પાણી પીવાડે,
હવે આતમ આનંદે મહાલે.... મને...

ભૂખતૃષાની ચિંતા મટાડે,
મને સ્વર્ગી શય્યામાં સુવાડે,
હવે પીડા કે કષ્ટો ન સાલે.... મને...

હાથ પકડીને મુજને ચલાવે,
મને અભિષેક તેલથી કરાવે.
હવે જીવન ફૂલે ફળે ફાલે.... મને...

*– ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી*

## ઈસુ જન્મ

અહીં જન્મે, તહીં જન્મે,
જન્મે સર્વત્ર ઈસુરાય,
ઝાડપાન, ફળફૂલ
ડાળીએ જન્મે ઈસુરાય....

સૌ પદાર્થમાં ને વાયુવેગે
જળ ઝરણામાં જન્મે ઈસુરાય
ગિરજાઘરોમાં ઘંટારવનાં
નાદે જન્મે ઈસુરાય...

સકલસૃષ્ટિ પર જગનો
રાય જન્મે ઈસુરાય
માનવ હૃદય પર બિરાજમાન
થવા જન્મે ઈસુરાય....

દિલનાં કમાડ બંધ રાખે,
છતાં હદિયામાં જન્મે ઈસુરાય
માનવ અહીંતહીં ભટકે
દર્શન કાજે, જન્મે ઈસુરાય...

*– રજનીકાંત જોસેફ રાઠોડ*

## હતાશાને કહો...

હતાશાને કહો હવે મારી નજીક આવે નહીં,
કે મુજને ડારવામાં એ કદી ફાવે નહીં.

ઘણાં સંઘર્ષ ખેડીને પહોંચ્યો છું અહીંયા,
કે મારા માર્ગમાં અવરોધ કોઈ લાવે નહીં.

તમે તો જોયા છે મુસાફર કંઈ ભટકતા,
હવે તો ભોમિયા પણ મુજને અટકાવે નહીં.

ભલે દુર્ગમ પહાડો
કે સળગતા રણની ચાદર,
એ કોઈ આંધી કે અવરોધ સર્જાવે નહીં.

ધખકતી જવાલા ને લાવા
ખરે મુશ્કેલ છે પણ,
શિખરના માર્ગમાં બસ કોઈ અટકાવે નહીં.

*– રમેશ મેકવાન*

## નાતાલનો સંદેશ...

આવે ને જાય છે,
નાતાલ વરસો-વરસથી,
લઈને એક જ પૈગામ, ઈશ્વરના ધામથી.
દિવસો ધસમસતા
ને રસ્તાઓ છે સાંકડા,
ક્યાં લગી માણસ ગણતો રહીશ આંકડાં.
શાને કરતો મનુજ, મનમાં તું અભિમાન,
કોઈનું નહિ,
પણ ખુદનું રાખને તું ધ્યાન!
શ્વાસ આથમશે,
જિંદગીના દિવસ છે ચાર,
પાછળ તું રહી જશે,
ઓ મિત્ર, મારા યાર.
ઈશ્વર પ્રતિ ફરવાનો નાતાલ છે અવસર,
બાકી જે કાંઈ છે તે બધું જ મિત્ર, નશ્વર!
આવો, ઉજવીએ નાતાલ,
હૈયે ઉમંગ ભરી,
ભાઈ-ભાઈને હૂંફ આપવાની
હૈયે ટેક ધરી.

*– બકુલ મેકવાન*

સરનામું:



To,
ડૉ. સિલાસ પટેલિયા
૨૦૧-સેફોન કલાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮




# તમારો પત્ર




### (૧)

ઓક્ટોબર ૨૦૧૫ 'દૂત'ના મુખપૃષ્ઠ પરના વિધાને "સઘળું તવ ચરણે ધરું છું, પ્રેમને કૃપા મુજને ધરજે." મારા માટે એક પ્રેરણા પુરી પાડી. હાથમાં ગુલાબમાળાનું ચિત્ર માતા મરિયમની યાદ આપે છે. ખાસ કરીને ઓક્ટોબર મહિનો ગુલાબમાળાનો મહિનો છે. સૌને ભક્તિપૂર્વક ગુલાબમાળા જપવાની પ્રેરણા પૂરી પાડે છે.

સ્વ. મધર થેરેસા કહેતાં કે, "માતા મરિયમ પહેલાં મિશનરી હતાં." તેમણે બાળઈસુને નવ મહિના સુધી ગર્ભમાં ધારણ કરી જગતના તારણ કાર્યમાં સહભાગી બન્યાં. એલિઝાબેથના ગર્ભના સમાચાર મળતાં તરત જ તેમની મુલાકાતે ગયાં અને તેમની સેવા કરી. ઈસુના જીવનના બીજા પ્રસંગોમાં પણ માતા મરિયમ ઈસુની સાથે હતાં.

ઓક્ટોબર મહિનાના લેખો મારા સંન્યસ્ત જીવન માટે એક આધ્યાત્મિક ખોરાકરૂપે સાબિત થયા. મારા સંન્યસ્તજીવન માટે પ્રાણ ધબકવા રહેવા માટે માગદર્શન, હિંમત અને ઈશ્વરી કૃપા માટે પ્રેરણા પુરી પાડી ગયા. સમર્પિત જીવનનું નમૂનાનું જીવન મારા તેડા માટે ખાસ ભાગ ભજવે છે. વિશેષ કરીને વડાધર્મગુરુ ફ્રાન્સિસના પ્રેરણાદાયક અને હૃદયસ્પર્શી વાક્યને મારા સંન્યસ્ત જીવન માટે માગદર્શનરૂપ બની રહેશે. મારા સંન્યસ્ત જીવનમાં વફાદારીપૂર્વક આગળ ધપવા માટે શક્તિસ્રોત બની રહેશે. પૂજ્ય તંત્રીશ્રી અને લેખકોને મારાં અભિનંદન. આભાર.

— બ્રધર થોમસ પીટર એમ.સી. (કંધમાલ, ઓડિસા)

### (૨)

ઓક્ટોબર ૨૦૧૫ના 'દૂત'માં સુજ્ઞશ્રી આગ્નેસ વાઘેલાનો લેખ 'ગુર્જર ધરા મહીં સંન્યસ્ત સંઘની વિવિધ કેડીઓ'માં સારી એવી જહેમત લઈ માહિતીના વિશાળ સ્રોતને મર્યાદિત ફલકમાં સમાવેશ કર્યો છે. તેમને ખૂબ અભિનંદન. આમ તો માહિતી છે પણ તે ધર્મજનોને ઉપયોગી કઈ રીતે થાય તેવું કોઈ દિશાસૂચન નથી.

દા.ત. કોઈક મંડળ દવાખાનાં ચલાવે છે પણ દવાખાનાં ક્યાં છે? સારવારનો વ્યાપ કેટલો છે? તેની ખબર પડતી નથી. તેજ રીતે શાળાઓ, છાત્રાલયો કે અનાથાલયો વિષે પણ. આ બાબતમાં એક વિનંતી, એક વિશદ-વિસ્તૃત લેખમાળા આપણી સંસ્થાઓ વિષે લખાય. જેમાં કોન્ટેક્ટ પર્સન, ફ્રોન નંબર, સમાજકલ્યાણ, કેન્દ્રની પ્રવૃત્તિઓની રજૂઆત હોય. જેથી કોઈને આવી સંસ્થાની મદદ જોઈતી હોય તો તે સરળતાથી સંપર્ક કરી શકે.

બીજી બાજુ કોઈ ધર્મજન જેવા કે નિવૃત્ત અધિકારીઓ, શિક્ષકો કે નર્સને આવી સંસ્થાઓમાં સેવા આપવી હોય તો અનુકૂળતા રહે. આર્થિક સહાય પણ આપી શકાય. અલબત્ કામ થોડું મોટું છે છતાં જરૂરી પણ છે.

'કાવ્યધારા'માં રજૂ થયેલી સુંદર રચનાઓ માટે કવિઓને અને સંપાદક ડો. સિલાસ પટેલિયાને અભિનંદન.

— જોસેફ આપીઆન (વડોદરા)

### (૩)

માહે ઓક્ટોબર ૨૦૧૫ના 'દૂત'નું મુખપૃષ્ઠ જોતાં થોડું આશ્ચર્ય થયું. પણ તરત જ મર્મ સમજાયો કે ચાલુ વર્ષે સન્યસ્તજીવન વર્ષની ઉજવણી થઈ રહી છે. જેથી જે જીવન પ્રભુએ આપ્યું છે તેજ જીવન પાછું પ્રભુને અર્પણ કરી પ્રેમ અને કૃપાની યાચના કરેલ છે, ધન્યવાદ.

તંત્રીલેખ 'જીવન સમર્પણ' દ્વારા તંત્રીશ્રીએ સન્યસ્ત જીવન અને ગૃહસ્થ જીવન વિશેના પડકારો, બંને પ્રકારના જીવનોની સામ્યતાના ખ્યાલો સુંદર રીતે સ્પષ્ટ કર્યો છે. લેખની શરૂઆતમાં શાશ્વત સુખની યોગ્યતા માટે પીટર અને દેવદૂતોની કાલ્પનિક વાર્તા રજૂ કરી છે તેના દ્વારા સમર્પિત જીવનના બલિદાનની વિભાવના પરિપૂર્ણ કરવા પહેલાં માનવ બનવા પર ખાસ ભાર મૂક્યો છે. તંત્રીશ્રીને અભિનંદન.

ઉપરાંત શ્રી જોન કાનીસ લિખિત 'દિલમાં વસેલા દિલના સંબંધો'માં ઉત્તમ અને સત્ય હકીકતો જણાવી છે. સાહેબના પિતા સ્વ. કાનીસ સાહેબે શરૂઆતની ધર્મસભાના ઉદયકાળ દરમ્યાન ધર્મશિક્ષક તરીકેની સેવા આપેલી. દરમ્યાન બાલ્યકાળથી જ શ્રી જોન સાહેબ જૂના સ્પેનિશ મિશનરીઓ સાથે કુટુંબ જેવા સંબંધોથી વણાયેલા હતા. સાહેબશ્રીનું જીવન અનેક મિશનરીઓના નિકટના અનુભવોથી ભરેલું છે જેનો થોડો ઘણો આસ્વાદ ધર્મજનોને કરાવ્યો છે. શ્રી જોન સાહેબને અભિનંદન.

ઉપરાંત અન્ય લેખો, કાવ્યો અનેક મહાનુભાવોના હસ્તે લખાયેલ છે જે ઉત્તમ નમૂનેદાર માહિતી પીરસી જાય છે. સર્વ લેખક શ્રીઓને આભાર સાથે અભિનંદન.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

## (૫)

પાવન હૃદય 'દૂત' માહે નવેમ્બરનું વાંચન કર્યુ. સૌ પ્રથમ વડાધર્મગુરુ ફ્રાન્સિસના બાળકો પ્રત્યેના લાગણીસભર અભિગમનું ભાવવાહી નિખાલસ અને સ્નેહસભર મુખપૃષ્ઠ પર કંડારેલ ચિત્ર પ્રેમની પરાકાષ્ઠારૂપ જણાયું.

વાંચન સામગ્રીમાં આમંત્રિતતંત્રી લેખ 'મૃત્યુ' - અર્થસભર જણાયો. મૃત્યુની ભયાનકતાને લેખામાં ન લેવાનું મુનાસિબ જણાયુ. શૈલેષભાઈ ક્રિસ્ટીને અભિનંદન. વડાધર્મગુરુ ગરીબોના બેલી અને વડાધર્મગુરુની નજરે બાળકો બંને લેખો સમયોચિત જણાયા. ગરીબો અને બાળકોને આજના ભૌતિક યુગમાં નગણ્ય ગણવામાં આવે છે. ત્યારે બાળકો અને ગરીબો પ્રત્યેની વડાધર્મગુરુની સંવેદનશીલતાની રજૂઆતવાળા બંને લેખો સૌ કોઈને સ્પર્શે જ અને પ્રેરણાદાયી તેમજ લાભદાયી બનશે તેમાં બેમત ન હોઈ શકે. બંને લેખકોને અભિનંદન.

ફાધર જેમ્સ બી. ડાભીનો લેખ 'રાજાધિરાજ ઈસુખ્રિસ્ત રાજા' મધર ટેરેસાના સુંદર ઉદાહરણ દ્વારા ધર્મજનો સમક્ષ મુકી પડકારરૂપ હોવા છતાં તેનું અંશત; સમલીકરણ થાય તો ભયો ભયો. ફાધર જેમ્સ ડાભીને કોટિ કોટિ પ્રણામ. છેલ્લે જોન બેડા પરમારની લઘુકથા ટચુકડી પણ તાકાતવાન જણાઈ. દીકરીઓ પ્રત્યે ચોરમાયુ વર્તન ધરાવતા પરિવારજનો માટે એક લપડાક સમાન હોતાં પ્રેરણાસ્રોત નીવડશે. સ્વ. ફાધર મોરેટોનો શ્રદ્ધાંજલિ લેખ આજના સેવાભાવી સન્યસ્ત વર્ગ માટે અગુંલિનિર્દેશ જણાતાં પ્રેરણાદાયી બનશે.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

## (૪)

અભિનંદનથી આરંભવા સિવાય અન્ય વિકલ્પ હાથવગો નથી! ઉરાનુંભૂત અભિનંદન. લોકો-ગૃહસ્થ કે સન્યસ્તના દિમાગમાં રાઈ ભરાઈ ગયેલી જોવા મળે છે કે, 'હું ચૂસ્ત કેથલિક! હું ધાર્મિક!' આવા લોકોનો કુનેહપૂર્વક આપે ઉધડો લીધો છે. કોથળામાં પાંનશેરી (પાંચ શેરનું કાટલું) ભરીને સૌને બરાબર ઝાપટ્યા છે. અમૂલ ડેરીના આરંભકાળે કેન ખોલવા રબરનો હથોડો વપરાતો પ્રહાર કરવા. ઢાંકણ ખૂલતું, પણ ઢાંકણને ગોબો પડતો નહીં! ઓક્ટોબરનો તંત્રીલેખ રબરનો હથોડો છે! ગોબો પાડ્યા વિના ઢાંકણ ખોલી, તાક્યા તીર મારે છે!

આજ મતલબની એક પ્રચલિત રમૂજ યાદ આવે છે. મરણોપરાંત બિશપ, ફાધર અને કેટેકીસ્ટ જુદી જુદી કતારમાં ઊભેલા હતા. કેટેકીસ્ટે ફાધરને કહ્યું, "ફાધર, એ તો શોધનાગ્નિની કતાર છે, સ્વર્ગની કતાર તો આ છે. અહીં આવી જાવ!" ફાધરે કહ્યું, "જો બિશપ તો પેલી નરકની કતારમાં છે!"

ફાધરનો બાહ્યાચાર-ક્રિયાકાંડના પ્રતીક તરીકે ઉતરાવી તંત્રીશ્રીએ કમાલ કરી છે. ફાધરના સહાયક ફાધર-ખુશામતિયાઓને પ્રતિબિંબિત કરે છે. ધર્મસભામાં આવા લોકોનો તોટો નથી. તેઓ પ્રત્યે પણ સીધો પ્રહાર તંત્રીશ્રીએ બખૂબી કર્યો છે. ફાધરને ચણાના ઝાડ ઉપર ચઢાવી મૂકવાની સાંપ્રત સમયમાં જે હોડ ચાલી છે, તે તરફ તીવ્ર અણગમો અભિવ્યકૃત્યો છે.

પરાત્પરની દૃષ્ટિમાં 'ઈસુ ચીંધ્યા માર્ગે ચાલવાની બાબતનું જ માહત્મ્ય છે.' ન નર મહત્ત્વનો છે, ન નારી, ન સંન્યસ્ત મહત્ત્વના છે, ન ગૃહસ્થ. ન church-goor મહત્ત્વનો છે, ન church-avoider.

તંત્રીલેખનો હેતુ છે : "તમારાં વર્તનો જોઈને લોકો તમને મારા શિષ્ય કહેશે." પેરિશ કાઉન્સિલર કે સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલના સભ્યગણને, સિનિયર સીટીઝનના સભ્યને, સાક્રેટ્રીશયને કોઈ વિશેષાધિકાર મળી જતો નથી. church-going, રીટ્રીટને આરાધનાઓ, કથા, ઉત્સવો, યાત્રાઓ વગેરે સઘળી પ્રવૃત્તિ ક્ષુલ્લક છે જો વ્યક્તિ-સંન્યસ્ત કે ગૃહસ્થ ઈસુ ચીંધ્યા માર્ગે ના ચાલતી હોય તો!!!

એક ગદ્યાંશ તંત્રીલેખમાંથી ઉદ્ધત કરી અટકું છું 'સ્મિત વેરતાં દૂતે કહ્યું, "અમે શરીરના પ્રત્યેક અંગ-ઉપાંગની તપાસ કરીએ છીએ. હા, અમે વ્યક્તિના વિચાર, કાર્ય, જબાન વગેરેનો ઉપયોગ કર્યો, તેનો સરવાળો કરીએ છીએ. તે ક્યા સંઘનો સદસ્ય છે? કયો ઉપદેશ આપ્યો? તેની તપાસ કરવા બદલે એક વ્યક્તિ તરીકે તે કેવો છે? તેની મૂલવણી કરીએ છીએ."

— પીટર મેકવાન 'દ્વિતારક'

## (૬)

નવેમ્બર, ૨૦૧૫ના 'દૂત' અંકના ઉઘડતાં પાને આમંત્રિત તંત્રીલેખ 'મૃત્યુ' લેખનું પઠન કરતાં મનમાં સાહજિક સ્ફૂરણા થઈ. 'જીવનનું એક અનિવાર્ય સત્ય 'મોત' છે.' લાંબુ જીવન જીવવાની જિજીવિષા અને નજીક દેખાતા મોતનો ડર માણસ માત્રને હોય છે!

પાર્થિવ જીવનની અનિવાર્ય ઘટના 'મોત'નું સાચું રહસ્ય અને જીવન જીવતાં તેનો રહી જતો વસવસો પાંચ પાસામાં સમજાવવાનો પ્રયત્ન સહતંત્રીએ કર્યો છે. અભિનંદન.

મૃત્યુની બીજી સત્યતા એ છે કે આપણી જાણ બહાર સમય-સ્થળ અને સંજોગોના આગોતરા આયોજન સાથે મોતની સવારી ચોક્કસ આવે છે જ. તેથી ફિલ્મી જગતની મહાન હસ્તી તથા ગાયક સ્વ. કિશોરકુમારે ગાયું છે,

"રોતે હુએ આતે હૈં સબ, હસતા હુઆ જાયેગા,
વો મુકદ્દરાકા સિકંદર, જાને... મન... કહલાયેગા."

લેખકે મહાભારતના યુધિષ્ઠિર અને યક્ષ વચ્ચેના સંવાદ દ્વારા મૃત્યુ અજરઅમર નથી. છતાં માનવને ઘમંડ કેટલો બધો છે કે, 'હું અમર જ રહેવાનો છું' પણ મૃત્યુ આવતાં માણસને કેટલો બધો રંજ રહી જાય છે!

ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાનના સંદેશમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસ પહેલાએ વરણી થતાં જ પોતાનાં જીવનકાર્યો દ્વારા જીવનપરિચય કરાવ્યો છે. વડાધર્મગુરુ રંગમહેલ છોડી, સામાન્ય પુરોહિત ઘરમાં વસ્યા, જેલમાં જેલીઓના પગ ધોયા,



**'દૂત' સૌ ગ્રાહક, વાચક, વિજ્ઞાપનદાતા, દાતા, શુભેચ્છકોને નાતાલ તથા નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છાઓ.**

*— ગુજરાત સાહિત્ય પ્રકાશ પરિવાર*

વેટિકન કર્મચારીઓ સાથે નાસ્તો કર્યો. શ્રદ્ધાળુઓને માર્ગદર્શન આપ્યું. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO)માં વ્યાખ્યાન આપી માનવસંદેશ આપ્યો. સંન્યસ્તવર્ગને પ્રોત્સાહન આપવા પ્રવર્તમાન વર્ષને 'સંન્યસ્ત જીવન વર્ષ' જાહેર કર્યું. ઈશ્વર પિતાનો દયાવાન ચહેરો પ્રભુઈસુમાં પ્રગટ કર્યો. 'દયા વર્ષ'ની ઘોષણા કરી.

દુનિયાના વિભિન્ન દેશો વચ્ચે ધાર્મિક સેતૂબંધ સધાય તે માટે બ્રધર અરુલ રાયને સંવાદિતા સાધીને સર્વધર્મ સદ્‌ભાવના પેદા કરી. હરદ્વારના હિન્દુસાધુની મુલાકાતે વડાધર્મગુરુના પ્રેમનો સ્વાદ ચખાડ્યો. ગરીબો પ્રત્યેની મમતા, કરુણા અને પ્રેમનાં દર્શન હિન્દુ સાધુમાં કરાવ્યાં. બ્રધરની સાથે શ્રી જેકબ ડેવિસે વડાધર્મગુરુને 'ગરીબોના બેલી'નું બિરુદ આપી વડાધર્મગુરુ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી તે બદલ ધન્યવાદ. લખનાર લેખક એક અચ્છા ગઝલકાર તેમજ મારા પોતાના જૂના વિદ્યાર્થી છે.

ફાધર ડો. કુમારે વર્તમાન 'સંન્યસ્તવર્ગ અને નેતૃત્ત્વનો અભાવ' નામનો ચિંતનાત્મક લેખ લખી આધુનિક યુગની પુરોહિતની અછત પ્રશ્નને ઉત્તરરૂપે વાચા આપી. આજનું યુવાધન ગેરમાર્ગે દોરવાઈ ફાધર-સીસ્ટર બનવાનું ટાળે છે. આજના યુગની સૌથી મોટી સમસ્યા છે તેડાનો અભાવ, જેને લીધે આપણી ધર્મસભા ભરવાડ વિનાના ઘેટાં જેવી છે. તેમ કહી માર્ક ૬:૩૪-૩૭ કડીનાં વચનો યાદ કરાવ્યાં. 'તમે જ એ લોકોને કંઈક ખાવાનું આપો.' સંન્યસ્તવર્ગની ફરજોનું ભાન કરાવ્યું. યુવાવર્ગ આ લેખ વાંચી કંઈક વિચારશે, ચિંતન-મનન કરશે અને પ્રાર્થનાના બળે અંતરના દ્વાર ઉઘાડશે. અભિનંદન ફાધર કુમારને.

— 'રાજબંધુ' જયંત એમ. પરમાર (વડોદરા)

**(૭)**

નવેમ્બરના 'દૂત'ના અંકે પણ દર મહિનાની જેમ ઉત્તમ લેખોનું પિરસાણ કરવાનો શિરસ્તો ચાલુ રાખ્યો છે તે બદલ તંત્રીશ્રીને અભિનંદન.

શ્રી શૈલેષ ક્રિસ્ટીનો આમંત્રિત તંત્રીલેખ 'મૃત્યુ' વાંચીને તેમના પ્રત્યેનો મારો આદર ઘણો વધી ગયો. શ્રી રવિશંકર મહારાજનો લોકપ્રિય કોર્સ 'The Art of Living' (જિંદગી જીવવાની કળા) ભારતભરમાં પ્રચલિત થઈ રહ્યો છે, ત્યારે હવે 'The Art of Dying well' (સારું મૃત્યુ મેળવવાની કળા) નામનો નવો કોર્સ શરૂ કરવા જેવું લાગે છે. આપણા મૃત્યુ ટાણે બીજા બધાં ભલે રડારોડ કરે પરંતુ આપણે પોતે કોઈપણ જાતના અફસોસ વગર હોઠો પર એક હલકું મુસ્કાન ધરાવીને મૃત્યુને અપનાવવા તૈયાર હોઈ શકીએ તે માટે શૈલેષભાઈએ આપણને ઘણીબધી સરાહનીય સલાહ આપી છે તે માટે તેમનો આભાર.

શ્રી પોલ મેકવાનનો લેખ "તવ શાંતિનું ઝરણ બનું હું..." વાંચીને ઘણો પ્રભાવિત થઈ ગયો. હૃદયરોગની બીમારી અને તેને લગતા તંદુરસ્તીના મુદ્દાથી શરૂ કરી તેમને કેવી ખૂબસુરતીથી સાઈકોલોજી, ફિલસુફી અને આધ્યાત્મિકતા (Sprituality) જેવા ગૂઢ વિષયોને તેમની સહજ શૈલીથી કુશળતાપૂર્વક આવરી લીધા છે, તે પ્રસંશાજનક છે. તેમજ તુલસીદાસ, નરસિંહ મહેતા, ભૂપત વડોદરિયાથી માંડીને ફાધર વાલેસ, બેસ્સી કુવર, ડો. દીપક ચોપરા, આસ્સિસિના સંત ફ્રાન્સિસ અને થોમસ કેમ્પીસ (જેમણે લખેલું પુસ્તક 'The imitation of Christ' ખ્રિસ્તાનુકરણ કેથલિક સંન્યસ્તવર્ગની જીવન શૈલી માટેનું મેન્યુઅલ ગણાય છે). તેવા મહાનુભવોની પંક્તિઓ ટાંકીને તેમના વિશાળ વાંચનનો લાભ આવ્યો છે. આજકાલના આપણા યુવાવર્ગમાં પુસ્તક વાંચનનો શોખ ઓસરી ગયો હોય (કદાપિ ફેસબુક પર બિનજરૂરી સમયનો બગાડ કરવાને લીધે) એ ખેદજનક છે. વડાધર્મગુરુના લેખને બે-ત્રણ વાર વાંચવાથી જ તેને પચાવી શકીશું.

'વેવ્સનાં વિસ્તરતાં વલયો' લેખ દ્વારા વેવ્સ જેવી નિશ્ચિત કેન્દ્ર બિંદુવાળી સંસ્થા જે આપણા યુવાવર્ગને Mass Communication Mediaમાં કારકિર્દી ઘડવા માટે તાલીમ આપવાનું સત્કાર્ય કરે છે, તેનો પરિચય આપવા માટે અને યુવાવર્ગને તેનો લાભ લેવાના આગ્રહ કરવા માટે સુશીલાબેનને અભિનંદન અને આભાર. મને તો ખબર જ નહોતી કે આવી કોઈ સંસ્થા સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાં કાર્યરત છે પણ જનસંપર્ક સંદેશ પ્રસારક તરીકે ઓળખાતી આવી સંસ્થા માટે ગુમનામ રહેવું તે તેમની મોટી ઉણપ કહેવાય.

લેખના અંતે જેમ શૈલેષભાઈએ તેમનો E-mail ID ટાંક્યો છે. તેમ અન્ય લેખકોના પણ ટેલી.નંબર અથવા ઈ-મેઈલ છાપવામાં આવે તો લેખકો વચ્ચે વિચારવિમર્શને અનુકૂળ પડે.

— જેકબ એસ. મેકવાન (મુંબઈ)

## દાન માટે અપીલ

હું વિજયભાઈ રમેશભાઈ પરમાર, અમદાવાદ-ગોમતીપુરનો વતની છું. મારે ડાબા પગમાં ઓપરેશન વખતે નવો બોલ્ટ નાંખવા માટે સિવિલના ડૉક્ટરના જણાવ્યા મુજબ સારવાર માટે દોઢથી બે લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય તેમ છે. મારી આર્થિક પરિસ્થિતિ આ ખર્ચને પહોંચી વળે તેમ ના હોય, આર્થિક મદદ માટે ધર્મબંધુઓને સહાય માટે જાહેર અપીલ કરું છું.

આપની મદદ સીધા મારા બેંક ખાતામાં જમા કરાવવા અથવા રોકડ કે ચેક ગોમતીપુર, કેથોલિક ચર્ચ ધર્મવિભાગના મુખ્ય સભાપુરોહિત ફાધર એસ. બ્રિટો (મો. ૯૪૨૬૩૯૪૨૨૪)ને જમા કરાવવા વિનંતી. કેથોલિક ચર્ચ, ગોમતીપુર.

દેનાબેંક ગોમતીપુર બ્રાન્ચ<br>ખાતા નંબર : ૦૫૯૬૧૦૦૩૪૨૪૧

આભારસહ<br>વિજયભાઈ રમેશભાઈ પરમાર

# ‘બલિ નહિ દયા’

## (ડિસેમ્બર મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર સંજય હોરો એસ.જે.

*‘હું તો દયા ઇચ્છું છું, નહિ કે બલિઓ. હું તો પુણ્યશાળીઓને નહીં પણ પાપીઓને બોલાવવા આવ્યો છું.’ (માથ્થી ૯:૧૩)*

**પ્રભુની દયાનો અનુભવ:** માફી આપતાં ક્યારેય ના થાકનાર પ્રભુની અસીમ દયા અને કરુણાનો સર્વજનોને અનુભવ થાય. દુઃખથી પીડિત કુટુંબમાં બાળઈસુનો જન્મ આશાનું કિરણ પ્રગટાવે.

**દયાળુ બનવા આમંત્રણ:** ‘મારામાં પ્રભુનો આત્મા ઉતરી આવ્યો છે, કારણ, તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને એટલા માટે મોકલ્યો છે કે હું દીનજનોને શુભસંદેશ સંભળાવું, બંદીવાનોને મુક્તિદાન અને અંધજનોને દૃષ્ટિદાન જાહેર કરું, દલિતોને મુક્ત કરું, તેમજ પ્રભુની કૃપાના વર્ષની ઘોષણા કરું.’ (લૂક ૪:૧૮-૧૯) કૃપાના આ વર્ષ દરમિયાન દરેક ઈસુપંથી ઈશ્વરની કૃપાનો અનુભવ કરે અને પરમકૃપાળુ ઈશ્વરની એજ દયા બીજા લોકો સાથે વહેંચે, તે માટે આમંત્રણ છે.

પ્રભુ ઈસુનાં વચન છે : ‘જાઓ અને આ શાસ્ત્રવચનનો અર્થ શીખીને આવો કે, ‘હું તો દયા ઇચ્છું છું, નહિ કે બલિઓ. હું તો પુણ્યશાળીઓને નહીં, પણ, પાપીઓને બોલાવવા આવ્યો છું’ (માથ્થી ૯:૧૩).

દયાળુ પરમસુખી છે, તેઓ દયા પામશે. (માથ્થી ૫:૭)
દયા દાખવવાની કોઈ મર્યાદા ખરી?

કરુણા બતાવવી એટલે કોઈ ભિખારીને થોડાં પૈસા આપવાથી અથવા કોઈ ગરીબને જીવન જરૂરિયાત વસ્તુઓ પૂરી પાડવાથી સંતોષ માનવો તે નથી પણ પૈસાથી ખરીદી ન શકાય એવા પ્રેમ, ક્ષમા, માન વગેરે સદ્‌ગુણો બીજાને પીરસી આપવામાં સાચી દયા ભાવના સામેલ છે.

પ્રભુ કહે છે પણ મારી વાત સાંભળી રહેલા તમને હું કહું છું કે, તમારા શત્રુઓ ઉપર પ્રેમ કરજો, તમારો દ્વેષ કરે તેમનું ભલું કરજો, તમને શાપ આપે તેમને દુવા દેજો, તમારી નિંદા કરે તેમને માટે પ્રાર્થના કરજો (લૂક ૬:૨૭-૨૮).

પરમપિતાની કરુણા શાશ્વત અને અપરંપાર છે તેનો સાક્ષાત્કાર પ્રભુ ઈસુ માત્ર તેમના શબ્દો દ્વારા નહિ, પણ તેમના પોતાના જીવન દ્વારા આપણને કરાવે છે. ઈસુનું જીવન, મરણ અને પુનરુત્થાન એનો પુરાવો છે. ઉડાઉ દીકરાના પિતાની જેમ દરેકે દયાળુ બનવાનું છે. તમારા પિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ થજો. (લૂક ૬:૩૫-૩૬).

ઈશ્વરની દયા ને કૃપા આપણે કોની સાથે વહેંચીશું?

ઈશ્વરની દયા ને કૃપા કોની સાથે વહેંચી શકીએ? એવા લોકો સાથે જે આપણને મદદરૂપ થાય છે? જેઓ આપણી કદર કરે છે? કે જે લોકો આપણી આગળ નમ્રતાથી નમી પડે તેમની સાથે? નિર્દોષ, અનાથ, ગરીબ અને હતાશામાં ડૂબી જનાર લોકો પ્રત્યે દયા દાખવવી સહેલી છે પણ દયા દાખવવાનો સાચો પુરાવો એ છે કે જ્યારે જેઓ આપણી નિંદા કરે, આપણા ઉપર જુલમ ગુજારે અને જેઓ આપણાં ઉપર ખોટા આરોપો મૂકે છે તેવાં લોકો સાથે પણ આપણે દયા વહેંચીએ.

એજ વાત સંત માથ્થીના શુભસંદેશમાં આપણને જોવા મળે છે. (માથ્થી ૫:૪૩:૪૮) તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ, એમ કહેલું છે તે તમે જાણો છો પણ હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુવા માગો; તો જ તમે તમારા પરમપિતાનાં સાચાં સંતાન થઈ શકશો. તે કેવો, ભલા અને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે.

દિવ્યદયાની ભક્તિ અને સંત મારિયા ફોસ્તીના

દિવ્યદયાની ભક્તિ આખી દુનિયામાં ફેલાવવામાં મોટો ફાળો આપનાર છે સંત મારિયા ફોસ્તીના. તેમનો જન્મ ૧૯૦૫ની ઓગસ્ટ ૨૫મી તારીખે પોલેન્ડ દેશમાં થયો હતો. તેમનું કુટુંબ ખૂબ જ ગરીબ હતું. તેથી તેમને ૧૪ વર્ષની ઉંમરથી આયા તરીકે કામ કરવું પડ્યું. તેઓ ૧૯૨૫માં કરુણામય માતા મરિયમના મંડળમાં જોડાયાં. ૧૯૩૧માં પ્રભુ ઈસુએ તેમને દર્શન દીધાં અને દિવ્યદયાની એક છબી તૈયાર કરવાની સૂચના આપી.

૧૯૩૪માં તૈયાર કરવામાં આવેલી એ છબીમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે પ્રભુ ઈસુના પડખામાંથી લાલ અને સફેદ રંગોનાં કિરણો નીકળે છે. તે યોહાન ૧૯:૩૪માં દર્શાવેલું દૃશ્ય ચીતરે છે: પણ એક સિપાઈએ તેમના પડખામાં ભાલો હુલાળ્યો કે તરત જ લોહી અને પાણી વહેવા લાગ્યાં - લોહી માટે લાલ કિરણો અને પાણી માટે સફેદ કિરણો. આ છબી પરથી આપણે એ સમજી શકીએ છીએ કે દયાસાગર પ્રભુ ઈસુની આપણા ઉપરની કરુણા એવી અપાર હતી કે તેમણે રહ્યાસહ્યા લોહી અને પાણી પણ આપણે માટે વહાવી દીધાં! આપણા ઉદ્ધાર માટે તેમણે કશું જ બાકી રાખ્યું નહિ.

દયાસાગર પ્રભુ ઈસુ, સંત ફોસ્તીના દ્વારા આપણને સંદેશ આપે છે કે આપણે તેમના પર વિશ્વાસ રાખીએ : ‘પ્રભુ ઈસુ, હું તમારા પર પ્રેમ રાખું છું.’ વારંવાર આપણે રટણ કરીએ :

JESUS I TRUST IN YOU.

*અનુસંધાન પાન નં. ૧૫ પર જુઓ...*




# ભલમનસાઈ સચેત કરીએ...

✍ **ધર્મબંધુ થોમસ પરમાર એમ.સી.**

*કંધમાલ (ઓડિસા)*

'તકનિકી ખામીને કારણે ન્યુયોર્કની હવાઈજહાજ સેવા હાલ પુરતી બંધ કરવામાં આવી છે.' એવી જાહેરાતથી ઘણાં પ્રવાસીઓ બેચેન થઈ ગયાં. છેલ્લે છેલ્લે ટિકિટવાંચ્છુ આ જાહેરાત સાંભળી બેબાકળો બની ગયો. કાઉન્ટર પર બેઠેલાં બહેનને બેફામ બોલવા લાગ્યો : 'તમે સમજો છો શું? હું એક બિઝનેસમેન છું, મારે એક મહત્ત્વની મિટિંગમાં હાજરી આપવાની છે. હું સમયસર ન્યુયોર્ક ન પહોંચું તો મને લાખો ડોલરનું નુકસાન થશે, તે કોણ ભરપાઈ કરી આપશે?' કાઉન્ટર પરનાં બહેને પેલા ભાઈને સમજાવવાની કોશિશ કરી પણ તેણે ન માન્યું., ઉપરથી પરિસ્થિતિ વણસી ગઈ. નોકરીમાંથી ઘર ભેગા કરવાની ધમકી આપી તે ભાઈ એરપોર્ટ છોડી ગયા.

તેમની પાછળ જ ઉભેલા ભાઈ આગળ આવ્યા. ઓફિસરને વંદન કરી કહ્યું : 'છેલ્લી ઘડીએ તમને તકલીફ આપવા માટે દિલગીર છું પરંતુ કાલે મારે એક મહત્ત્વની મિટિંગમાં હાજરી આપવા ન્યુર્યોક જવું જરૂરી છે. મને મદદ કરશો?' આગંતૂકની વાત સાંભળી, શક્યતા તપાસી જોઈ કહ્યું : 'અડધા કલાક પછી, અહીંથી વોશિંગ્ટનની ફ્લાઈટ છે, ત્યાં પહોંચતાં જ આગળની ફ્લાઈટમાં આપ સમયસર ન્યુર્યોક પહોંચી શકશો.' આગંતૂકે આભાર માન્યો અને ટિકિટ મેળવી આગળ વધ્યો.

બન્ને બિઝનેશમેન હતા. બન્નેને મહત્ત્વની મિટિંગમાં જવાનું હતું. આક્રોશ ઠાલવનાર મદદથી વંચિત રહ્યો જ્યારે વિનંતી કરનારને સમયસર મદદ મળી. બીજા મુસાફરે ઓફિસરના દિલમાં ભલમનસાઈ સચેત કરી, તેનું મધુર ફળ તેને મળ્યું.

દુનિયામાં સારા અને ખરાબ - બન્ને પ્રકારના માણસો જોવા મળે છે પરંતુ સજ્જનને તમામમાં સારું જ દેખાય છે, દુર્જનને તમામમાં ખરાબ જ દેખાય છે. એક સજ્જન તરીકે કોઈપણ વ્યક્તિ સાથે સદ્વ્યવહાર આચરી, તેમનામાં પડેલી ભલમનસાઈને સચેત કરવામાં જ આપણું અને સૌનું ભલું રહેલું છે. આપણા શબ્દો આપણા અંતરનો અરીસો છે. આપણું સારું કે નરસું વર્તન આપણાં ઉત્તમ કે અધમ વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડે છે. એકાદ અપમાનજનક શબ્દ, સામા વ્યક્તિના દિલમાં દુશ્મની ઉભી કરી શકે છે, તેમ એકાદ આદરનો શબ્દ, આપણા માટે સદ્ભાગ્ય જન્માવી શકે છે! ગાઢ દુશ્મનો દોસ્ત બની ગયાના કે દિલોજાન દોસ્ત, જનમ જનમના દુશ્મન બની ગયાના અનેક દાખલા માનવ ઈતિહાસમાં જોવા મળે છે. મનુષ્ય પોતાની જુદી જુદી પરિસ્થિતિનો ભોગ બનતાં વિચાર, વાણી, વર્તનમાં સારો-નરસો ફેરફાર જાણે અજાણ્યે કરી બેસે છે.

વર્ષોથી જે સારું બન્યું છે તેનો આભાર માનીએ, જે કરી શક્યા નથી તેની નોંધ લઈ આગળ વધીએ. જ્યારે પણ, જ્યાં પણ અવકાશ મળે ત્યાં, આપણા સદ્વ્યવહારથી આપણા સંપર્કમાં આવનાર સૌમાં ભલમનસાઈ સચેત કરીએ એજ વર્ષાન્તની ફલઃશ્રુતિ અને નવા વર્ષની તાજગી બની શકે. ●

*અનુસંધાન પાન નં. ૧૪ પરથી...*

દયાસાગર ઈસુનો જન્મ આશાનું કિરણ પ્રગટાવે છે.

"Every child is born with a message that God is not tired of the human race." કવિ રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં દરેક જન્મેલ બાળકમાં માનવતાની મહાન આશા છુપાયેલી છે પણ પ્રભુ ઈસુનો જન્મ તો આખી માનવજાતને એક મહાનત્તમ આશા પૂરી પાડે છે. કેમકે પ્રભુ ઈસુ આ જગતને તારવા માટે માનવ કુટુંબના સભ્ય બને છે અને તેમ કરીને તે માનવ કુટુંબને મહત્ત્વ અને ગૌરવ આપે છે.

આજનાં કુટુંબને જાત જાતના પડકારોનો સામનો કરવો પડે છે, દાખલા તરીકે આર્થિક કટોકટી, બીમારી, વૃદ્ધાવસ્થા, છૂટાછેડા, વ્યસન, અણધાર્યું મૃત્યુ, સ્ત્રીભ્રૂણહત્યા, આત્મહત્યા, અનિશ્ચિત ભવિષ્યની ચિંતા, ડર, મુંઝવણ, શંકા-કુશંકા, કુટુંબમાં મારપીટ, પારંપરિક કૌટુંબિક મૂલ્યો પ્રત્યે ઉદાસીનતા, અપ્રમાણિકતા, બેરોજગારી અને વિશ્વવ્યાપી ભૌતિકવાદ. આ બધાં પડકારોને લીધે કુટુંબમાં સંઘર્ષ થયા કરે છે અને અસંખ્ય કુટુંબીજનોને ઘણું વેઠવું પડે છે. આવી કપરી ને નાજુક પરિસ્થિતિમાં હિંમત હારી ઘણાં નિરાશામાં ડૂબી જતા હોય છે.

નાઝરેથના એક ગરીબ કુટુંબમાં થયેલો ઈસુનો જન્મ એવાં પીડાતાં કુટુંબો માટે હિંમત ને આશા લઈને આવે છે. નાઝરેથના પવિત્ર કુટુંબને પણ અપાર દુઃખો સહન કરવાં પડ્યાં હતાં પણ પવિત્ર કુટુંબનો વિશ્વવિધાતા પરમપિતા ઉપરનો અસીમ ભરોસો તેમજ મરિયમ, યોસેફ અને ઈસુ વચ્ચેનો પરસ્પર પ્રેમ જ બધા દુઃખ અને સંતાપનો સામનો હિંમતપૂર્વક અને ખુશીથી કરવા મદદરૂપ થયા. માટે, આજનું દરેક પીડાતું કુટુંબ જીવનમાં આવતા પડકારો ઝીલવા નાઝરેથના પવિત્ર કુટુંબને અનુસરે. કુટુંબના કોઈ સભ્યે ઉડાઉ દીકરાની જેમ વર્તન કર્યું હોય, એવી વ્યક્તિઓ પ્રત્યે સંયમ અને દયા દાખવવા કુટુંબના સભ્યોને આમંત્રણ છે. પરમપિતાની જેમ દયાળુ બનતા જઈએ અને તેમની કૃપાને પાત્ર બનીએ. આપણે બધાંને નાઝરેથના પવિત્ર કુટુંબની જેમ પ્રેમ, આનંદ અને સાચી શાંતિની અનુભૂતિ થાય. ●



# 'જનહિત'

✍ ડૉ. પ્રીતિ રાઠોડ

*આચાર્યા, પી.ટી.સી. કોલેજ, નડિયાદ*




થોડાંક વર્ષો પહેલાં ખંભાતના એક સંપન્ન પરિવારમાં લગ્નજીવનનાં ૧૩ વર્ષ પછી દીકરાનો જન્મ થયો. પરિવારમાં ખુશી છવાઈ ગઈ પણ આ ખુશીઓ ક્ષણિક બની. દીકરાનાં ડાબી બાજુમાં અંગો જકડાયેલાં હોઈ, તેને પોતીકાં કાર્યો કરવામાં અચડણ પડતી. તે પાંચ વર્ષનો થયો ત્યારે બીજો આઘાત એ લાગ્યો કે બાળક મંદબુદ્ધિનો છે!

દેશ-વિદેશમાં દવાઓ કરાવી છતાં કોઈ ફેર ન પડ્યો. શાળા શિક્ષણ પણ કેમનું આપવું? માતાપિતાનું મન ભાંગી ગયું હતું પણ આ પરિવાર માટે એક સવારે આશાનું કિરણ પ્રગટ્યું. ખંભાતમાં જ જનહિત ચેરીટેબલ સંસ્થાની મંદબુદ્ધિના બાળકો માટે શાળા શરૂ કરાઈ. આ શાળામાં 'દીપ'ને પ્રવેશ આપવામાં આવ્યો. માત્ર બે વર્ષના ટૂંકાગાળામાં લાચાર વિવશ અને તમામ કામો માટે આધારિત 'દીપ' પ્રકાશી ઉઠ્યો. આજે આ બાળક સવારથી સાંજ સુધીની તમામ દૈનિક ક્રિયાઓ ઉત્તમ તાલીમ મળવાથી જાતે કરી શકે છે. અરે! મંદબુદ્ધિ કેન્દ્રમાં તે સંચાલનમાં પણ મદદરૂપ બને છે.

મંદબુદ્ધિના અનેક બાળકો-જરૂરિયાતમંદનું કોઈપણ સરકારી સહાય વિના ઉમદા ઘડતર થતું રહ્યું છે. ખંભાતની 'જનહિત મંદબુદ્ધિ કેન્દ્ર' અનેક નિરાશાવાદીઓ માટે જીવંત સંસ્થા બની ગઈ છે.

આ સંસ્થા ભાલ જેવા છેવાડાના ઉપેક્ષિત અને જરૂરિયાતમંદ વિસ્તારના નાગરિકો માટે આશાનું કિરણ બની છે. સંસ્થાની સ્થાપના પૂર્વે સંસ્થાના સંચાલક મુકેશભાઈ જે. રાઠોડે વિવિધ સંસ્થાઓમાંથી નેતૃત્વ અને સંચાલનના ગુણ મેળવ્યા હતા.

મુકેશભાઈની ઓળખાણ શૈલેષભાઈ સાથે વર્ષ ૨૦૦૫માં થઈ ત્યારે તેમણે મનોમન નક્કી કર્યું હતું કે સેવાક્ષેત્રે કંઈક નક્કર કરવું છે. તેમણે મુકેશભાઈ અને અન્ય પંદરેક મિત્રો એકઠા થયાં અને મુકેશભાઈના જન્મદિન, ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના દિવસે આણંદ ચેરિટી કમિશ્નરની કચેરીએ જનહિત ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. ત્યારબાદ ૨૯-૦૭-૨૦૧૦થી ખંભાત નગરપાલિકા હોલ, વાઘરિયાવડ ખાતે સંસ્થા કાર્યરત થઈ.

**જનહિતના પ્રભાવની એક મિસાલ :** વિદ્યુત જોષીએ નોંધ્યું છે કે; પીડિત, જરૂરિયાતમંદ, વિધવાઓ, મંદબુદ્ધિના બાળકોને ઉન્નત મસ્તકે જીવતા કરવા એ આદર્શ છે. સંસ્થાની મુલાકાતે રાજ્ય બહારથી પણ નાગરિકો આવે છે. સંસ્થાના નેતૃત્વ હેઠળ મૂક-બધિર ભાઈબહેનોનાં લગ્નપસંદગી મેળા થાય છે.

સંસ્થાના કાર્યરત અને સતત દોડતા મુકેશભાઈ રાઠોડની સતત જાગૃતતા, ટ્રસ્ટી રાજેશભાઈ દરજી (મૂક-બધિર)ની મૂક-બધિરોને જોડવાની અને માનવસેતુ રચવાની આવડત અને દિવ્ય ભાસ્કરના બ્યુરો ચીફ, લેખક શૈલેષ રાઠોડ 'અભિધેય'ની કુશાગ્ર બુદ્ધિને કારણે સંસ્થા પાસે મંદબુદ્ધિના બાળકોને લાવવા - લઈ જવા વાન ઉપલબ્ધ છે, બાળકો માટે રમતગમતનાં સાધનો અને તાલીમી શિક્ષકો છે.

જનહિતનું આહ્વાન : જનહિતે ધર્મ-જ્ઞાતિનાં વાડાંને દૂર હડસેલી દીધાં છે. મુકેશભાઈ રાઠોડ જણાવે છે કે, "મનનું રોકાણ આશામાં કરો, તમારી અંદરનું વાતાવરણ બદલાઈ જશે. તાજી હવા અને તાજા વિચાર-તરંગોનો અનુભવ થશે. અમારા સેવાના અભિયાનમાં ખ્રિસ્તી મિશનરીની દૃષ્ટિ વિચાર સંચાર અને પ્રાર્થના છે. આ ભગીરથ કાર્યને લોકભાગ્ય બનાવવામાં હિન્દુ સમાજનો સંપૂર્ણ સથવારો છે."

**સંસ્થાની હાલની પ્રવૃત્તિઓ :**

- મંદબુદ્ધિનાં બાળકો માટે સ્પેશિયલ ચાઈલ્ડ સ્કૂલ
- વિકલાંગ સહાયતા કેન્દ્ર
- વિધવા બહેનો માટે 'સ્પર્શ' સિવણકેન્દ્ર
- તમામ બહેનો માટે સિવણવર્ગ
- જિલ્લા સમાજ સુરક્ષામાંથી વિકલાંગોને ઓળખકાર્ડ, તથા તબીબી પ્રમાણપત્ર મેળવવામાં સહાય.
- પુખ્ત વયના મંદબુદ્ધિના બાળકો દ્વારા અગરબત્તી નિર્માણ કેન્દ્ર
- વિધવા સહાયકેન્દ્ર
- વિધવા તેમજ વિકલાંગોને સરકારી લાભ મળી રહે તે માટે સહાયતા.
- વિકલાંગોને રોજગાર લોન - સાધન સહાય અપાવવી.
- બાળમજૂરી અટકાવવા જાગૃતિ અભિયાન
- સંસ્થાની સંલગ્ન 'ઓમેગા એજ્યુકેશન' મારફતે ગુજરાતમાં કોમ્પ્યુટર શિક્ષણ આપવું.
- ભારત સરકારની યોજનાઓનું અમલીકરણ કરાવવું.

*અનુસંધાન પાન નં. ૧૭ પર જુઓ....*

## લઘુકથા

# આમલી

✍ ગાબ્રિયેલ ચૌહાણ

*મદદનીશ શિક્ષક - આંકલાવ હાઈસ્કૂલ, આંકલાવ*

વસ્તો ખભે કુહાડી મેલી બબડતો-બબડતો ચાલ્યો.

"આજ તો એન મૂળમાંથી કાઢી નાખુ તો જ ખરો. મારી હાહની આટલા વરસો થઈ ખેતરમાં અડીંગો થઈ જ છે!!! લે હેંડ, જોઈ લે, આ જ તો તારું"...

ગામના લોકો તેને જોઈને આભા જ બની ગયા કે "આ વસ્તો આજ કેમ આટલો કાળઝાળ થયો છ! આજ તો કાંક નવાજુની...! પણ આજે તો વસ્તાને આંતરનારું કોઈ નહોતુ. બધાં તો તેને જોઈ તો...!!!

આંખોમાં ખૂનનાં અંગારા લઈ વસ્તો સડસડાટ પોતાના ખેતરમાં આમલી પાસે આવીને ઊભો. આ કુહાડી પર વલવલવા લાગ્યું. પહેલાં તો ચારેકોર ફર્યો. આમલીને ધરાઈને જોઈ, પ્રેમની જગ્યા ખૂન્નસે વસ્તાને હચમચાવ્યો. શરીરનું સર્વ બળ કુહાડીમાં આવ્યું. એક પછી એક એમ ઉપરાછા.... મૂળમાં પડવા લાગ્યાં. મૂળમાં કુહાડીનાં ઘા હૈયાનો ઉભરો પણ ઠલવાવા લાગ્યો!!!!

"આટઆટલા વરસોથી જતી ન તન ઉછેરી. તારી કાળજી કરી છતાં પણ આટલા વરસો પછી એક મળ્યું?.... મારી હાહની વાંઝણી!!! તું મારા જ ખેતરમાં ઊગી?... તન બીજો વગડો ચરો કે રસ્તો જ ખેતર?!! આજ તો તુ મારા ખેતરમાં ના જોઈએ તે ના જ જોઈએ..."

તેના ઉપરાછપરી ઘા ખાતી આમલી બીચારી પડુ પડુ થઈ રહી. છેવટે... એક... બે... કડડભૂસ આમલી હેઠે!!!

આમલી પડતા તો પડી, વસ્તો પણ બેભાન થતાં ત્યાંજ ઢળી પડ્યો...!

જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તે જેલનાં સળિયા પાછળ પડ્યો પડ્યો તે ક્ષણને નજર સમક્ષ નિહાળવા લાગ્યો જે ક્ષણે 'છોકરા ના જણનારી' પોતાની પત્નીને...!!! આમલીની જેમ જ...!!! ●

---

*અનુસંધાન પાન નં. ૧૬ પરથી...*

**'જનહિત'ને પગલે પગલે :** 'જનહિત'નાં પગલાં સેવાને સમર્પિત છે સંસ્થા દ્વારા ડોર ટુ ડોર સર્વે કરી ગરીબ - જરૂરિયાતમંદની ઓળખ છતી કરી, મકાન સહાય માટે કામગીરી કરવામાં આવે છે. સમર કેમ્પ, મૂક-બધિર રમતોત્સવ, વિકલાંગ ઓલમ્પિક, લગ્ન પસંદગીમેળા, ખેલ મહાકુંભના આયોજનો તથા તેમાં ભાગ લેવામાં આવે છે. સંસ્થાનાં બાળકોને વર્ષ ૨૦૧૪માં ખેલ મહાકુભમાં રૂા. ૧ લાખ ૫૬ હજારનાં ઈનામો મળ્યા હતાં. અનુસંધાન પાન નં. ૧૭ પર જુઓ...

અમારી સંસ્થા છેવાડાના ગામેથી શહેરો સુધી વિચારોમાં વિસ્તરી છે. બાળકો પંજાબ, દિલ્હી, મુંબઈ જઈ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. બાળકોને દરરોજ દાળભાતિયા ટ્રસ્ટના સહયોગથી વિનામૂલ્યે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવે છે.

**નવી પેઢી માટે દર્શન :** નવી પેઢી માટે જનહિત મોડેલ સંસ્થા છે. સંસ્થામાં તાલીમ લઈ રહેલ એમ.એસ. ડબલ્યુના વિદ્યાર્થી સિદ્ધાર્થ પટેલ જણાવે છે કે, "બી.એસ.ડબલ્યુ કે એમ.એસ.ડબલ્યુના શિક્ષણ દરમિયાન મેં જે પુસ્તકોમાં વાંચ્યુ હતું તે મૂર્તિમત કરવામાં મુકેશભાઈ રાઠોડ અને શૈલેષભાઈ રાઠોડની ટીમે ક્યાંય કચાશ છોડી નથી. અમને ઉત્તમ તાલીમ આપવાનું કામ આ સંચાલકોએ કર્યું છે. નવી પેઢી માટે દર્શન રૂપ સંસ્થા છે. મારા જેવા અનેક વિદ્યાર્થીઓને સરકાર અને વિવિધ સંસ્થાઓ જનહિતમાં તાલીમ માટે મોકલે છે અને આ સંચાલકો ઉત્તમ માર્ગદર્શક બને છે."

**'જનહિત'ની ભાવિ યોજનાઓ :**

- ઝૂંપડપટ્ટીમાં ધો. ૧ થી ધો. ૧૦નાં બાળકો માટે ગરીબ બાળકો માટે મફત ટ્યુશન વર્ગ શરૂ કરવા
- ટી.બી.ના દર્દીઓ માટે અલગ રહેવા-જમવાની સુવિધા કરવી.
- વિકલાંગ વ્યક્તિઓ માટે રોજગાર તાલીમ કેન્દ્ર શરૂ કરવાં.
- વિકલાંગ બાળક ખંભાતમાં રહી ભણી શકે તે માટે છાત્રાલય શરૂ કરવી
- મંદબુદ્ધિના બાળક માટે જિલ્લા કક્ષાએ છાત્રાલય શરૂ કરવી.
- વિકલાંગ બાળકો માટે આઈ.ટી.આઈ શરૂ કરવી.

**આમંત્રણ :** તમામ પરિવારના સદસ્યો આપ સૌ જન્મદિવસ, લગ્નદિન,
સ્વજનોની પુણ્યતિથિ અથવા ધાર્મિક તહેવારો ઉજવવા સંસ્થામાં અચૂક પધારો અને બાળકોને સથવારો આપો.

**દાન સહાય :** સંસ્થામાં પ્રશિક્ષણ લેતાં બાળકોના દૈનિક ખર્ચ, માસિક ખર્ચ, વાર્ષિક ખર્ચ, યુનિફોર્મ, સ્ટેશનરી ખર્ચ વગેરેમાં સહાય કરી, સહયોગ આપવા વિનંતી.

**સૂત્ર :** અમારી ઉપર હસો નહીં, અમારી સાથે હસો. અમને દયાની નહીં, તકની જરૂર છે :

અમારી સાથે જોડાવ, અમને પણ સ્પર્શની જરૂર છે. સંપર્ક કરો.
મુકેશ રાઠોડ : ૯૯૭૯૮૯૭૫૭૧૫, શૈલેષ રાઠોડ : ૯૮૨૫૪૪૨૯૯૧

International Day of
People with Disability
3 December

# વિકલાંગને સક્ષમ બનાવીએ

## ૩જી ડિસેમ્બર, વિશ્વ વિકલાંગદિને એક પ્રતિજ્ઞા

***શૈક્ષણિક સંસ્થાના સભ્ય તરીકે અમે વિદ્યાર્થીઓ, માબાપ, વાલીઓ, શિક્ષકમિત્રો તથા સંચાલકગણ, હરકોઈને સંમિલિત દૃષ્ટિકોણથી, વિકલાંગ વ્યક્તિને પોતે માનવ-સમાજનો અખંડિત ભાગ છે એવું લાગે એવો માહોલ સર્જવા પ્રતિબદ્ધ થઈએ છીએ કે જેથી કોઈપણ જાતના અવરોધ વગર તેઓ માનવ સન્માન, સ્વાતંત્ર્ય અને ઈશ્વરની હરકોઈ પ્રજા સાથે એકતા અનુભવી શકે.***

**નીચે મુજબના કાર્ય કરીને અમે આ હાંસલ કરીશું :**

- પ્રારંભિક શૈશવના વચગાળાના કાર્યક્રમ દ્વારા માતાના ઉદરમાં રહેલા ગર્ભ અને માતા એમ બંનેને યોગ્ય માવજત અને પાલનપોષણની જરૂર છે. એ હકીકતની હિમાયત કરતી બેઠકોને વધારે મહત્ત્વ આપીશું.
- દરેક શિશુ એ ઈશ્વરની અનુપમ ભેટ છે અને જવાબદારી છે. વિકલાંગ હોવા છતાં દરેક બાળક, પછી ભલે એ નર કે નારી જાતિનું હોય, એ ઈશ્વરની પ્રતિમૂર્તિરૂપ છે. કુટુંબમાં વિકલાંગ બાળકનું આગમન એ હરગિજ શાપરૂપ નથી પણ આશીર્વાદરૂપ છે. કુટુંબ, સંઘ અને સમાજમાં દરેક વિકલાંગ બાળકમાં પૂર્ણ અને સક્રિય સભ્ય બનવાની સુષુપ્ત શક્તિ છે.
- વિકલાંગ હોવું એ કર્મનું ફળ નથી કે પાપની શિક્ષા નથી, શ્રદ્ધાનો અભાવ નથી કે તંદુરસ્તી માટે અનિચ્છા નથી, એ સત્ય અમે વિશ્વના ખૂણેખાંચરે પોકારીશું. આવા પ્રકારની નકારાત્મક માન્યતાઓને અમે અંતઃકરણથી અને સ્વતંત્રતાથી વખોડીએ છીએ. કારણ એમાં ઈશ્વરનાં સંતાન તરીકે માનવની ગરિમાને આંચ આવે છે.
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં, મર્યાદા ધરાવતી વ્યક્તિને ઓળખવાની, પ્રમાણિત કરવાની અને વર્ગીકૃત કરવાની પ્રક્રિયામાં સામાજિક તંત્રને અમે સહાયરૂપ થઈશું.
- સમુદાય આધારિત પુનઃવર્સન કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય, શિક્ષણ, જીવનનિર્વાહ, સામાજિક, સશક્તિકરણ તથા આધ્યાત્મિક બાબતોમાં સક્રિય ભાગ લેવા સમાજના તમામ સભ્યોને અમે પ્રેરણા તથા ચાલકબળ પૂરાં પાડીશું.
- બધાંને માટે શિક્ષણ (એજ્યુકેશન ફોર ઓલ)ના કાર્યક્રમમાં વિશેષ કરીને વિદ્યાર્થીઓ તથા માબાપ ભાગ લે એ માટે અને ઉચ્ચતર શિક્ષણમાં આગેકૂચ કરવા તેમને પ્રોત્સાહિત કરીશું. આ એવું શિક્ષણ છે કે બધાંને સમાવિષ્ટ કરે છે એટલે કે સામાન્ય બાળકો અને વિકલાંગ બાળકો એક જ છત નીચે કેળવણી પામે અને આગળ વધે.
- સહુને સંમિલિત કરતું શિક્ષણ 'બધાનું છે, બધાને માટે, બધાંને સાથે છે' એવી ભાવના અને નીતિ ભારપૂર્વક જાહેર કરીશું. અભિવૃદ્ધ કરીશું અને અમલમાં મૂકીશું.
- અમારાં કુટુંબ, ધાર્મિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓમાં સહુનો આદર - સત્કાર કરીશું અને સહુને માટે અમારાં દ્વાર ખુલ્લાં રાખીશું. અમારી સંસ્થાઓમાં બહારના પારકા લોકોને પોતાના ઘર જેવું લાગે એવો માહોલ ઊભો કરીશું.
- આ જીવન ધ્યેય એકલા હાથે પાર ન પાડી શકાય. અહીં સહયોગ એ જીવનમંત્ર બને છે. આવી મર્યાદા ધરાવતી વ્યક્તિઓ સાથે સાથીદારી અને સહયોગની ભાવનાથી કામ કરીશું. જેથી અમારી શૈક્ષણિક સંસ્થાઓ, સંઘો તથા બૃહદ સમાજમાં તેઓ પોતાનું યોગદાન આપી શકે.
- બીજાઓ પર આધાર રાખ્યા વગર તથા કોઈપણ પ્રકારની મુશ્કેલી વગર ગમે ત્યાં આરામથી હરીફરી શકાય એ હેતુથી યોગ્ય સહકારી સામગ્રી પ્રોત્સાહિત કરીશું અને પૂરી પાડીશું. જે કંઈ કરીએ એ વધુને વધુ અનુરૂપ, પરવડી શકે એવું અને હાથવગું હોય એવું આયોજન અને અમલીકરણ કરીશું.
- તમામ વિકલાંગ વ્યક્તિને જેવાં છે તેવાં પૂરા માન-સન્માનથી સ્વીકારીશું તથા કરુણાસભર હૈયાથી પ્રેમ કરીશું અને તેઓ અનન્ય વ્યક્તિ છે એવું કબૂલ કરીશું.
- જીવન તથા કાર્યક્ષેત્રમાં દરેક પ્રકારના અશક્ત, નબળા તથા વિકલાંગ વ્યક્તિ સાથે એક બની જઈ, સહર્ષ તેમની સેવામાં જોતરાઈ જઈશું. વિશ્વ કુટુંબના એ સહુ આપણાં ભાઈભાંડુઓ છે એવી ભાવનાથી તેમને નિત્ય પૂરી પ્રતિબદ્ધતાથી ને કટિબદ્ધતાથી મળતાં રહીશું અને આમ 'વસુધૈવકુટુંબકમ્'ને સાર્થક કરીશું.
- "વિકલાંગોને સક્ષમ બનાવીએ" (ENABLE THE DISABLED) એ અમારું એકમાત્ર જીવનદર્શન અને જીવનકવન છે. આ સ્વપ્ન વાસ્તવિકતામાં ફેરવાઈ જાય એ માટે સદૈવ મંડ્યા રહીશું. ●

— સૌજન્ય : ઊંટેશ્વરી સંમિલિતાલયમ્,
સંપર્ક : ૦૨૭૬૪-૨૭૭૮૬૩



# દયા - પરમો ધર્મ

✍ ફાધર ડૉ. વિનાયક જાદવ, એસ.જે.


*માનદ્ તંત્રી 'દૂત'*

નામદાર વડાધર્મગુરુ ફ્રાન્સિસે ૮મી ડિસેમ્બર ૨૦૧૫થી માંડીને ૨૦મી નવેમ્બર ૨૦૧૬ સુધીના સમયગાળાને 'દયાના વર્ષ' તરીકે ઘોષિત કર્યો છે. ગુજરાતની ધર્મસભા તરીકે આપણે એની યોગ્ય પૂર્વ તૈયારી કરીને અર્થપૂર્ણ ઉજવણી કરવાની છે. એ નિમિત્તે દયા વિષયક ચિંતન-મનન કરવા અને દયાની ભાવનાને આપણી ખ્રિસ્તી શ્રદ્ધાનો પાયો બનાવવા વડાધર્મગુરુએ સમસ્ત ધર્મસભાને 'દયારૂપ ચહેરો' નામક પરિપત્ર દ્વારા આહ્વાન આપ્યું છે. પ્રસ્તુત લેખ આ પરિપત્રનો ખુલાસા સહિતનો સારાંશ છે.

ઈસુ ખ્રિસ્ત પરમપિતાનો 'દયારૂપ ચહેરો' છે. અર્થાત્ પરમપિતાની અપાર દયાનાં દર્શન માનવ બનેલ ઈસુના ઉપદેશ, ચમત્કાર, બલિદાન અને પુનરુત્થાનમાં થાય છે. ઈસુ પરમપિતાની દયા ભાવનાનું સ્વયં જીવતું જાગતું રૂપ છે. સમગ્ર ખ્રિસ્તી શ્રદ્ધાનું તાત્પર્ય જ ઈસુમાં પ્રગટ થયેલી પરમપિતાની દયા-કરુણા છે. મોશેની રાહબરી હેઠળ ઈસરાયેલીઓને સતત યહોવાહની અસીમ દયાનો અનુભવ થતો રહ્યો. વારંવાર કરારભંગ કરવા છતાં યહોવાહે પોતાની પ્રજાને તરછોડી નહીં, બલ્કે પયગંબરો, કાજીઓ, રાજાઓ રૂપે આગેવાનોને મોકલીને દોરતા રહ્યા. એવા દયા અને કરુણાના ભંડાર સ્વરૂપ ઈશ્વર પિતા આખરે જગતને પોતાની દયાનો અહેસાસ કરાવવા ઈસુને મોકલી આપે છે. જૂના કરારમાં યહોવાહને 'દયાળુ અને કૃપાળુ પરમેશ્વર, સહિષ્ણુ, સત્યવચની અને કરુણાસાગર' (મહાપ્રસ્થાન ૩૪ : ૬) કહ્યા છે. એ જ પિતાનું પ્રગટ સ્વરૂપ એટલે ઈસુ. "જેણે મને દીઠો છે, તેણે પિતાને દીઠો છે" (યોહાન ૧૪ : ૯).

ઈસુનો જીવનસાર પણ દયા જ છે. ઈસુ માનવરૂપ ધરીને આવ્યા, કારણ આદમ અને હેવાના પાપથી ખરડાયેલી માનવજાત સાથે પરમપિતા એકવારકું સમાધાન કરીને પોતાની અપાર દયા વરસાવવા ઈચ્છતા હતા. એટલે જ ૮મી ડિસેમ્બર, મરિયમના નિષ્કલંક જીવધારણના પવિત્ર દિવસે દયાના વર્ષનો આરંભ કરવાનું નક્કી થયું છે. આ શુભ દિન ઈશ્વરપિતાની માનવજાત પરની અપાર દયાનો સૂચક છે. જીવધારણથી માંડીને કાલવારી સુધીની ઈસુના જીવનની પ્રત્યેક ક્ષણ દયાનો સંદેશ છે. પ્રેમસ્વરૂપ પરમેશ્વરને પોતાનાં વાણી-વિચાર અને કર્મો વડે પ્રગટાવવામાં એમણે કશું બાકી રાખ્યું નહીં.

શુભસંદેશની તો કડીએ કડીએ દયા નીતરે છેઃ "લોકોની સ્થિતિ જોઈને તેમનું હૃદય દયાથી ભરાઈ આવ્યું" (માથ્થી ૯ : ૩૬). "તેમનું હૈયું દયાથી ભરાઈ આવ્યું, અને જે માંદાં હતાં તેમને તેમણે સાજાં કર્યાં" (માથ્થી ૧૪ : ૧૪). ભૂખ્યાંને જમાડ્યાં, વિધવાના દીકરાને સજીવન કર્યો, જકાતદાર માથ્થીને માફ કર્યો. વળગાડયુક્ત માણસને ઈસુએ કહ્યું, "તારા પર દયા લાવીને પ્રભુએ તારે માટે શું કર્યું છે તે તેમને જણાવજે" (માર્ક ૫ : ૧૯).




ત્રણ દૃષ્ટાંતો ખોવાયેલી રૂપામહોર, ખોવાયેલું ઘેટું અને ખોવાયેલો દીકરોમાં શુભસંદેશનું હાર્દ સમાયેલું છેઃ ક્ષમા આપવામાં ઈશ્વરને કેવો અનહદ આનંદ આવે છે! પીતરને ઈસુએ ક્ષમાધર્મ શીખવાડ્યોઃ "સાત વાર નહિ, પણ સિત્તેર વખત સાત વાર" (લૂક ૧૮ : ૨૨). સાથી નોકરને ક્ષમા ન આપનાર નોકરને રાજાએ ઠપકો આપ્યોઃ "મેં જેમ તારા ઉપર દયા કરી, તેમ તારે પણ તારા આ સાથી નોકર પર દયા નહોતી કરવી જોઈતી?" (લૂક ૧૮ : ૩૩). દયાને ધર્મના કેન્દ્રસ્થાને સ્થાપતો સ્પષ્ટ ઉપદેશ આપ્યોઃ "દયાળુ પરમસુખી છે, તેઓ દયા પામશે" (માથ્થી ૫ : ૭). નામદાર વડાધર્મગુરુ પરિપત્રમાં દયાનાં વ્યાવહારિકરૂપો પર વધુ ભાર મૂકે છે. દયા એ પોથીનો વિષય નથી, બલ્કે રોજિંદા જીવનમાં જીવી બતાવવાની રીત છે. ક્ષમા વિના દયાની વાત કરવી નિરર્થક છે. ક્રોધ અને બદલાની ભાવનાને જતી કરીને માનસિક-શારીરિક સર્વ હિંસાઓથી મુક્ત રહેવામાં જ હૃદયનો સાચો આનંદ રહેલો છે - દયાનો મર્મ છુપાયેલો છે. "ગુસ્સે થાઓ તો યે પાપ ન કરો. સૂરજ તમને ગુસ્સે જોઈને ન આથમે એ જોજો" (એફેસિસ ૪ : ૨૬).

દયા શ્રદ્ધાનો મર્મ છે અને માપદંડ પણ છે. પહેલાં પરમેશ્વરે માનવજાત પર દયા દાખવી છે અને તેને ક્ષમા તેમ જ પ્રેમને પાત્ર ગણી છે - એ આપણી અન્યો પ્રત્યેની દયાભાવનાનું મૂળ કારણ અને સ્રોત છે. માનવ હૃદય એવી દયાથી છલકાઈ જાય છે પછી અવિરત દયાથી ઉભરાતું જ રહે છે. એટલે જ દયાના આ વર્ષનો મુદ્રાલેખ છે - "પિતા જેવા દયાળુ", જે આપણને શુભસંદેશનો સારાંશ સમજાવે છે : "તમારા પિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ થજો" (લૂક ૬ : ૩૬). દયા દાખવવાનો ભાર તો જ લાગે જો આપણે આપણી નિજી શક્તિથી દયાભાવ દાખવીએ. જે પરમદયાળુ પરમેશ્વરની દયામાં રાચે છે, પોતાના પાપીપણા છતાં ઈશ્વરનાં દયા અને પ્રેમનો અનુભવ કરે છે તેનામાં દયા કદી ખૂટતી નથી. ઈશ્વરની દયા પર જીવતો શ્રદ્ધાળુ અન્ય પ્રત્યે ક્રૂર બની શક્તો નથી, બલ્કે "દયાનો રણદ્વીપ" બની જાય છે. દયાના આ વર્ષમાં સહુને દયાના રણદ્વીપ બનવાની હાકલ છે - રણદ્વીપ કે જે ધોમધખતા રણમાં મુસાફરી કરતા યાત્રાળુને શીતળતા અને તાજગીનો અનુભવ કરાવે તેવી હરિયાળી અને મીઠાં જળ સમાન છે. કબીરનું સ્મરણ થાય છેઃ

એસી બાની બોલીએ, મન કા આપા ખોય
ઓરન કો શીતલ કરે, આપો શીતલ હોય.

પણ શું આપણે આ "દયાનું ડહાપણ" જાણતા નહોતા? દયાનો આ શુભસંદેશ તો બે હજાર વર્ષ જૂનો છે. વડાધર્મગુરુ ફ્રાન્સિસ સંત

યોહાન પાઉલ બીજાને ટાંકે છે. યંત્ર અને વિજ્ઞાન, ભૌતિકતા અને સુખાકારી તેમ જ દ્રવ્યવાદ અને સ્પર્ધાના આ યુગમાં દયાભાવ વિસરાઈ ગયો છે. આધુનિક માનવ સર્વસામર્થ્ય અને આધિપત્યનો અનુભવ કરીને દયાભાવને ભૂલી ગયો છે. પ્રસ્તુત વર્ષ જીવનના આભૂષણ અને માનવતાના સાચા સંસ્કાર એવા આ દયાભાવની યાદ દેવરાવવા આવે છે. બૂઠ્ઠી બની ગયેલી દયાની સંવેદનશીલતાને ધાર કાઢવા આવે છે. સમાનતા અને અધિકારના યુગમાં ન્યાયના સ્તરે અટકી ગયેલા માનવને માનવતાની યાત્રામાં આગળ ધપાવવા આવે છે. ન્યાય દયાનું પહેલું પગથિયું છે પરંતુ દયા ન્યાયથી ચડિયાતી છે. ઈશ્વરે માનવજાત પ્રત્યે કેવળ ન્યાયભાવના દાખવી નથી, બલ્કે દયાભાવ દાખવ્યો છે. ન્યાય પોતાની વ્યાખ્યા અનુસાર આપણને આપણા હક્કનું જ અપાવે છે જ્યારે દયા એ હક્ક ગુમાવી દીધો હોય તો પણ અપાવે છે. ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત કે વાડીમાં છેલ્લે કામે આવેલ મજૂરનાં દૃષ્ટાંતો ન્યાય અને દયાનો ભેદ સ્પષ્ટ કરે છે. ઈશ્વરનું રાજ્ય કેવળ ન્યાયનું રાજ્ય નહીં, દયાનું રાજ્ય છે. ઈશ્વરના એવા દયામય રાજ્યની સ્થાપના ઈસુનું જીવનકાર્ય હતું. એટલે જ દયાના વર્ષની પૂર્ણાહુતિ માટે ૨૦ નવેમ્બરના રાજરાજેશ્વરના પર્વને પસંદ કરવામાં આવ્યું છે. ઈસુ દ્વારા જગત પર આરંભાયેલા અને સ્થપાતા જતા ઈશ્વરના દયા રાજ્યની એ યાદ અપાવે છે, બલ્કે એ સ્થાપના કાર્યને આગળ ધપાવવાના પડકારની પણ યાદ દેવડાવે છે. એટલે જ દયાના વર્ષનાં મંગલાચરણ વડાધર્મગુરુ દ્વારા સંત પીતરના દેવાલયનાં દ્વાર ખુલ્લાં મૂકીને થશે - એ સૂચવવા કે ધર્મસભાનાં "દયાદ્વાર" સદા ખુલ્લાં છે. એ દ્વારે સહુ શ્રદ્ધાળુ યાત્રાળુ બનીને આવે છે. દ્વારનો ઉંબરો ઓળંગીને ઈશ્વરની દયારૂપ પ્રસાદી અને કૃપા પામે છે. એ જ ઉંબરો ઓળંગીને - એ જ દ્વાર વળોટીને જગતને ઈશ્વરની એ દયાની લ્હાણી કરાવવા પાછો જાય છે.

જગતમાં જઈ એ બે પ્રકારનાં દયાનાં કાર્યો આરંભશેઃ દયાનાં ભૌતિક કાર્યો અને દયાનાં આધ્યાત્મિક કાર્યો. ભૌતિક કાર્યો એટલે માથ્થીના શુભસંદેશનાં ૨૫માં પ્રકરણમાં સૂચવાયેલાં કાર્યો - દાન અને રહેમનાં કાર્યો - પરોપકારનાં કાર્યો. "ભલા શમરૂની"ના દૃષ્ટાંતમાં સૂચિત સાવ અજાણ્યા પરત્વે, કશાય બદલાની આશા વિના કરેલાં ભલાઈનાં કાર્યો. કરુણામૂર્તિ મધર થેરેસાનું જીવન દયા અને કરુણાની જીવંત સાક્ષી હતું. જગતને દયાના ઝરણાથી તેઓ ભીંજવતાં ગયાં - દયાના અભિષેકથી પાવન કરતાં ગયાં એટલે જ સૌથી ટૂંકા ગાળામાં ધર્મસભામાં સંતત્વ પામ્યાં. આ વર્ષ દરમિયાન સવિશેષ સમાજના ઉવેખાયેલાં - હડધૂતાયેલાં એવાં જરૂરિયાતમંદો પ્રત્યે સજાગ-સમર્પિત રહેવાનું છે. એ જ ઈસુનું જીવનકાર્ય હતું.

દયાનાં ભૌતિક કાર્યો સહુની નજરે ચડે છે એટલે કરવાં સહેલાં છે. પરંતુ જે દેખાતાં નથી તે દયાનાં આધ્યાત્મિક કાર્યો તુલનામાં અઘરાં છે. ક્ષમા આપવી, બલ્કે ન્યાય જ ન તોળવો એમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ દયા છુપાયેલી છેઃ "કોઈનો ન્યાય તોળશો નહિ એટલે તમારો પણ ન્યાય નહિ તોળાય, કોઈને દોષિત ઠરાવશો નહિ એટલે તમને પણ દોષિત ઠરાવવામાં નહિ આવે. ક્ષમા કરશો તો ક્ષમા પામશો. આપશો તો પામશો;... કારણ, જે માપથી તમે ભરી આપશો તે માપથી જ તમને ભરી આપવામાં આવશે" (લૂક ૬ : ૩૭-૩૮). નિંદા અને કૂથલી પણ હિંસાનાં જ સ્વરૂપો છે - દયા વિરુદ્ધનાં પાપ છે. ક્રોધ અને ઈર્ષ્યા દ્વારા થતી સૂક્ષ્મ હિંસામાં દયાની જ હત્યા છે - હનન છે. પ્રસ્તુત વર્ષ પરોપકારરૂપે દેખીતી દયાનું જ નહીં પરંતુ ન દેખાય તેવી વાણી અને વૃત્તિની દયાનું પણ વર્ષ છે. વડાધર્મગુરુ આ વર્ષે લોકોને સવિશેષ પુરોહિતોને "દયાના મિશનરીઓ" અર્થાત્ "દયા સેવકો" તરીકે દીક્ષા લેવાનો અનુરોધ કરે છે. વિન્સેન્ટ દે પોલ મંડળને માટે આ વર્ષ વિશેષ પ્રોત્સાહન અને પડકારરૂપ છે. દયા સેવકોની સેનાએ આ વર્ષ દરમિયાન આક્રમકપણે દયાનો શુભસંદેશ પ્રસારવાનો છે - વાણી, વિચાર અને વર્તન દ્વારા.

આ વર્ષની તપઋતુ પણ વિશેષ બની રહેવી જોઈએ. પ્રભુ ઈસુએ જ કહ્યુંઃ "હું તો દયા ઈચ્છું છું, નહિ કે બલિઓ" (માથ્થી ૯ : ૧૩). આ વર્ષ દરમિયાન કેવળ "પશ્ચાતાપથી કપડાં ફાડવા" પર જ ભાર મૂકવામાં ન આવે બલ્કે ઈશ્વરની અપાર દયાને પશ્ચાતાપની સાચી પ્રેરણા બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. "પ્રભુને કાજે ૨૪ કલાક" નામે ૨૦૧૪માં શરૂ થયેલી ભક્તિ પરંપરાને વિશેષરૂપે અનુસરવામાં આવે - જેમાં પૂરા ૨૪ કલાક દેવળમાં પરમપ્રસાદની આરાધનાનું આયોજન થાય જે દરમિયાન પ્રાયશ્ચિતસંસ્કાર પ્રદાન પણ થતું રહે. પુરોહિતોને જ નહીં, ધર્માધ્યક્ષો સુદ્ધાંને લોકોને માટે પ્રાયશ્ચિત સંસ્કાર સુલભ બનાવવાનો વિશેષ અનુરોધ છે એટલું જ નહીં, લોકોને દેખાય અને પ્રેરણા મળે એ રીતે જાતે પ્રાયશ્ચિતમાં જવાની ભલામણ છે. (અત્રે યાદ અપાવવું પ્રેરણારૂપ નીવડશે કે સ્વયં વડાધર્મગુરુ ફ્રાન્સિસ સામાન્ય ધર્મજનો માટે દેવળમાં પ્રાયશ્ચિત સાંભળવા બેસે છે. એટલું જ નહીં, ૧૫ થી ૨૦ દિવસમાં એકવાર તેઓ જાતે પ્રાયશ્ચિત કરે છે. જુઓ કેથલિક પંચાંગમાં ફેબ્રુઆરી ૨૦૧૫ માસનું ચિત્ર). પ્રાયશ્ચિતસંસ્કાર ઈશ્વરની દયાનો નક્કર, હાડમાંસમાં અનુભવાય તેવો અહેસાસ કરાવે છે. એ દયાથી પલ્લવિત થઈ, ભીંજાઈ અને ઉભરાઈને કયો ભક્તજન અન્ય પ્રત્યે દયાવાન ન રહી શકે?

આ વર્ષની તપઋતુ દરમિયાન પ્રાર્થના અને ઉપવાસને પણ દયાના રંગે રંગવાં જોઈએ. પયગંબર યશાયા પ્રભુની નજરમાં સાચા ઉપવાસનો અર્થ સમજાવે છે. ઉપવાસ અને દયા જાણે એક જ સિક્કાની બે બાજુઓ છેઃ "ઉપવાસને દિવસે તમે તમારી મતલબનો ધંધો ચાલુ રાખો છો, તમારા માણસો ઉપર જુલમ ગુજારે છો. ઉપવાસ કરીને તમે લડો-ઝગડો છો અને મારામારી કરો છો. આજના જેવા ઉપવાસથી તમારો સાદ સ્વર્ગે નહિ પહોંચે. શું હું આવો ઉપવાસ પસંદ કરું છું, આવું તપ? ...મારો મનપસંદ ઉપવાસ એટલે અન્યાયનાં બંધનો તોડી નાંખવાં, જુલમની ઝૂંસરી ભાંગી નાંખવી, દલિતોને મુક્ત કરવા, ભૂખ્યા સાથે વહેંચીને ખાવું, ઘર વગરનાને પોતાના ઘરમાં આશરો આપવો, ઉઘાડાને જોતાં તેને વસ્ત્ર પહેરાવવાં, અને માનવબંધુઓને ભીડમાં જોઈને આંખ આડા કાન કરવા નહિ" (યશાયા ૫૮ઃ ૪-૧૧).

સહુને સમાવવામાં અને કોઈને ન ઉપેક્ષવામાં સદા માનતા આપણા લાડીલા વડાધર્મગુરુ ફ્રાન્સિસ અન્ય ધર્મો તેમ જ આપણાથી જુદા એવા - ભાષા કે સંસ્કૃતિગત સમુદાયો પરત્વે પણ દયાભાવ ન ચૂકાય એની તકેદારી રાખે છે. કુરાનમાં ઈશ્વરને "ભલો અને

દયાળુ” કહ્યો છે. રામચરિત માનસના રચયિતા તુલસીદાસે પણ સ્પષ્ટ કહ્યું છે:

દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન
તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટ મેં પ્રાણ.
કે
તુલસી જગમાં આયકે કર લિજે દો કામ
દેને કો ટુકડાં ભલા ઓર લેને કો હરિનામ.

વડાધર્મગુરુ ફ્રાન્સિસ પોતાના પરિપત્રોમાં જે કહે છે તે પોતે પાળી બતાવે છે: દયા એમના જીવનનો સવિશેષ પોપ કાર્યકાળનો નિષ્કર્ષ છે - નિચોડ છે. નાનકડા અને છેવાડાના કહેવાતા ત્રીજા વિશ્વના દેશોની મુલાકાતને તેઓ પ્રાધાન્ય આપે છે. અનાથ, ભૂખમરામાં રીબાતાં, કેદીઓ કે ઝૂંપડપટ્ટીની મુલાકાત તેમની સર્વ દેશોની મુલાકાતના કાર્યક્રમમાં હોય હોય ને હોય જ. અમેરિકા જેવા ધનાઢ્ય દેશની મુલાકાત વેળાએ પણ તેઓએ ઉપેક્ષિત વર્ગની મુલાકાત લીધી છે. નિરાધાર અને ભિક્ષા પર જીવતાં દરિદ્રજનો માટે વેટિકનનાં જ નહીં, સમસ્ત ધર્મસભાનાં વૈચારિક દ્વાર તેમણે ખોલી નાંખ્યાં છે. પોતાના અંગત અભિગમમાં પણ દયા જ તરવરે છે: સમલૈંગિકો બાબતે એમના વલણ વિશે પૂછવામાં આવતાં તેઓએ કહ્યું: “એમનો ન્યાય તોળનાર હું કોણ?” પવિત્ર ગુરુવારનો પાદપ્રક્ષાલન વિધિ તેઓએ રોમની કેદમાં કારાવાસ ભોગવતા વિવિધ કેદીઓના (ચોધાર અશ્રુઓ મધ્યે) પગ ધોઈને કર્યો છે (કેથલિક પંચાંગ - માર્ચ માસનું ચિત્ર).

વેટિકનના પટાંગણમાં હોય કે વિવિધ દેશોમાં લોકોને આશિર્વાદ આપતી રેલીમાં હોય, પોપની અમીમય નજર તો પેલાં દયાને પાત્ર એવાં લૂલાં-લંગડાં કે લકવા કે રોગગ્રસ્ત ચહેરાઓને જ શોધતી હોય છે (જુઓ કેથલિક પંચાંગ - એપ્રિલ માસનું ચિત્ર). આપણું કેવું સદ્‌ભાગ્ય છે કે સ્વયં પોતાના જીવન વડે દયાનો આવો પ્રબળ ને પ્રખર શુભસંદેશ પાઠવતા સાચા ગોવાળ આપણને વડાધર્મગુરુ ફ્રાન્સિસરૂપે મળ્યા છે. એટલે જ એમણે આપેલા દયા વર્ષની ઉજવણીના આ આહ્‌વાનમાં સચ્ચાઈ અને આત્મનિષ્ઠાનો ભારોભાર રણકો છે. એમના પરિપત્રનો શબ્દે શબ્દ એમની સંવેદનામાં ઝબોળાઈને આવતો અનુભવાય છે. એ પણ પ્રસન્ન ચહેરે અને સ્મિતભર્યા વદને. દયાનો ભાર ન હોય, દયાની તો કેવળ પરમ આનંદરૂપ પ્રસાદી જ હોય એવો મહાશુભસંદેશ પાઠવતાં એમનાં સાંનિધ્ય અને અમૃતવાણી આપણને સહુને પોતાની જાતને દયાના શુભસંદેશથી પુન:અભિષિક્ત કરવા પ્રેરે છે. સ્નાનસંસ્કાર લેવા માત્રથી શુભસંદેશમય બની ગયાની ઘોર ઊંઘમાંથી જગાડે છે. સમસ્ત ધર્મસભાને જીવનની સાચી મૂડી એવી દયાના રખેવાળ બની રહેવા માટે લલકારે છે. આવો, વડાધર્મગુરુ ફ્રાન્સિસ સાથે ધર્મસભાને દયાના શુભસંદેશથી પુન:અભિષિક્ત કરવાના આ પુણ્ય અભિયાનમાં અંત:કરણપૂર્વક જોડાઈએ તથા સાચા અને સર્વાંગી અર્થમાં ‘શ્રદ્ધાળુ’ ઠરીએ. ●

Email : vinayak.jadav@gmail.com

મારી પાછળ આવો, હું તમને માછલાંને બદલે માણસો પકડતા કરીશ. માર્થી ૪:૧૯

# ધર્મપ્રાંતીય પુરોહિત હાકલ સંમેલન

**શું તમે પુરોહિત બની સંન્યસ્ત જીવન જીવવા ઇચ્છો છો?**
**તો આવો, અમદાવાદ ધર્મપ્રાંત આપને આવકારે છે.**



**હાકલ સંમેલન**

**તા. ૩૧-૧૨-૨૦૧૫, ગુરુવાર**
**સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦**

:: સ્થળ ::
સેંટ જોસેફ સેમિનરી, નિર્મલ નગર, જૂના ડુમરાલ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૨



**અમદાવાદ ધર્મપ્રાંતમાં જોડાવવા માટે સંપર્ક કરો**
**ફાધર નિલેશ પરમાર (૦૨૬૮) ૨૫૫૪૧૭૦, ૯૪૨૭૫ ૪૮૪૪૨**

ફાધર સંદિપ : ૯૬૬૨૨ ૪૬૪૦૦
ફાધર નટુ : ૯૮૯૮૩ ૫૮૬૯૦
ફાધર જીગ્નેશ : ૭૩૮૩૮ ૯૯૩૪૪
ફાધર રાજન : ૯૯૨૫૪ ૩૯૬૬૩



# નાતાલનો અદ્ભુત ચમત્કાર

✍ ફાધર વર્ગીસ પૉલ એસ.જે.

*પૂર્વ તંત્રી 'દૂત'*



'નિર્મલ હૃદય' મધર ટેરેસાએ કોલકાતા ખાતે મરણાસન્ન દરદીઓ માટે સ્થાપેલી પ્રથમ સંસ્થા છે. ત્યાં મધર ટેરેસાનાં સાધ્વીબહેનો દ્વારા જાહેર રસ્તે તરછોડાયેલાં મૃતપ્રાય દરદીઓની ખૂબ પ્રેમથી સારવાર કરવામાં આવે છે. સમાજે તરછોડેલા ગરીબ અને માંદા દરદીઓ માટેનાં મધર ટેરેસા અને એમનાં સાધ્વીબહેનોનાં સેવાકામ ધીમે ધીમે લોકોની નજરે ચડવા માંડ્યાં.

એવામાં એક ખાનગી ટેલિવિઝનના લોકો મધર ટેરેસા વિશે એક દસ્તાવેજી કાર્યક્રમ તૈયાર કરવા કોલકાતા પહોચ્યા. 'નિર્મલ હૃદય'ની બહાર કેટલાંક ફોટા પાડ્યાં પછી એ લોકો 'નિર્મલ હૃદય'ની અંદર ગયા. નિષ્ણાંતો કહેતા હતા કે, ત્યાં દરદીઓની પથારીવાળી ઓરડીમાં ફોટો પાડવા માટે પૂરતો પ્રકાશ નથી. છતાં ટેલિવિઝનના લોકોએ મનેકમને અંદર મધર ટેરેસા અને તેમનાં સાધ્વીબહેનો દ્વારા કરાઈ રહેલી દરદીઓની સેવાનો ખ્યાલ આપતા દસ્તાવેજી ફિલ્મ માટે ફોટા પાડ્યાં. સ્ટુડિયોમાં મધર ટેરેસાના સેવાકાર્યની ફિલ્મ તૈયાર કરવામાં આવી ત્યારે ફોટોગ્રાફરોને સાનંદાશ્ચર્ય થયું. તેઓ માની શકતા નહોતા કે લાઈટને અભાવે કમને પાડેલાં ફોટાઓ પૂરા પ્રકાશમાં બહાર પાડેલાં ફોટાઓ કરતાં દેદીપ્યમાન પ્રકાશથી સુંદર બન્યા હતા!

આ વાત જાણીતી થયા પછી એકવાર પ્રખ્યાત પત્રકાર અને લેખક ખુશવંતસિંહે મધરે ટેરેસાની મુલાકાત લીધી. આ પ્રસંગનો ઉલ્લેખ કરીને ખુશવંતસિંહે પ્રસ્તુત પ્રસંગ ખરેખર સાચો છે કે નહિ તે વિશે મધર ટેરેસાને પૂછ્યું.

"હા, ચોક્કસ. આવા બનાવો ઘણીવાર બને છે. દરરોજ, દર કલાકે અને દર મિનિટે ભગવાન કંઈને કંઈ ચમત્કાર દ્વારા માણસ આગળ પોતાની જાતને પ્રગટ કરે છે." મધર ટેરેસાએ કહ્યું,

ચમત્કાર એટલે એવો બનાવ છે જે માણસના સામાન્ય અનુભવથી પર બને છે. એવા બનાવનો વૈજ્ઞાનિક રીતે કોઈ ખુલાસો નથી, કોઈ પુરાવો નથી. એટલે આપણે એને અદ્ભુત બનાવ કહીએ છીએ.

માણસ માની ન શકે એવા બનાવ બને છે ત્યારે આપણે એવાં બનાવને ભગવાને કરેલો ચમત્કાર માનીએ છીએ. મધર ટેરેસાની દૃષ્ટિએ આવા ચમત્કારો હરહમેશાં આપણા જીવનમાં બને છે પરંતુ એ ચમત્કારો જોવાની આપણી સંવેદના નથી. આપણી જાગૃતિ નથી. આપણી દૃષ્ટિ નથી. રેશનાલિસ્ટો એટલે વિવેકબુદ્ધિવાળા લોકો ચમત્કારમાં બિલકુલ માનતા નથી. માનવબુદ્ધિ અને વિજ્ઞાનથી પર કોઈ બાબતનો સ્વીકાર કરવા તેમની તૈયારી નથી પરંતુ માનવબુદ્ધિ અને વિજ્ઞાનથી પર કંઈક શક્તિ છે, કંઈક તત્ત્વ છે, કંઈક અલૌકિક અસ્તિત્વ છે. તે સ્વીકારવા તેમનું મર્યાદિત મન તૈયાર નથી.

મધર ટેરેસા જેવા, ભગવાન પર શ્રદ્ધા ધરાવતા બધાં ધર્મોના લોકો ચમત્કારમાં માને છે અને પોતાના જીવનમાં નાનામોટાં ચમત્કારની આશા સેવે છે. એટલે અહીં હું ચમત્કારોના ચમત્કારની એટલે મોટામાં મોટા એક ચમત્કારની વાત કરવા ઇચ્છું છું. તે ચમત્કાર છે ભગવાન માણસ બનીને અવતર્યાનો આશ્ચર્યજનક બનાવ. ખ્રિસ્તી લોકો એને નાતાલ કે ક્રિસમસ કહે છે. હા, હું ઈસુના જન્મની વાત કરું છું. નાતાલ એટલે ખુદ ઈશ્વર અદનામાં અદના માનવ બન્યાનો પ્રસંગ. ઈશ્વરે હાલના ઇસ્રાયેલના બેથલેહેમ નગરના વગડામાં એક ગભાણમાં બાળ ઈસુરૂપે જન્મ લીધો છે. એ સમગ્ર દુનિયામાં કોઈ સામાન્ય માનવીએ કલ્પ્યું ના હોય એવી ચમત્કારિક ઘટના છે. બાળક તરીકે ઈશ્વરરીય અવતારની એ ઘટના છે. શુભસંદેશકાર સંત યોહાને પોતાના શુભસંદેશના આરંભમાં ઈસુના માનવ અવતારની વાત આ રીતે કરી છે.

"પ્રારંભમાં શબ્દ હતો જ. શબ્દ ઈશ્વર સાથે હતો. શબ્દ ઈશ્વર હતો. પ્રારંભમાં એ ઈશ્વર સાથે હતો. બધું જ એના દ્વારા બન્યું છે, અને એવું કશું જ નથી જે એના દ્વારા ન બન્યું હોય. જે કાંઈ બન્યું છે તેનું જીવન એ હતો. એ જીવન જ માણસોનો પ્રકાશ હતો. એ પ્રકાશ અંધકારમાં પ્રકાશ્યા કરે છે; અંધકારે એનું ગ્રહણ કર્યું નથી" (યોહાન ૧:૧-૫).

"પણ જેમણે જેમણે તેનો સ્વીકાર કર્યો, જેમણે જેમણે તેના ઉપર શ્રદ્ધા રાખી, તેમને સૌને તેણે ઈશ્વરનાં સંતાન થવાનો અધિકાર બક્ષ્યો, જેઓનો જન્મ લોહીમાંસમાંથી કે દેહની વાસનામાંથી કે કોઈ પુરુષની કામનામાંથી નહિ, પણ ઈશ્વરમાંથી થયો છે" (યોહાન ૧:૧૨-૧૩).

જૂનો કરાર અને નવો કરાર એમ બાઈબલનાં બે ભાગ છે. જૂના કરારમાં ઈસુના જન્મ પહેલાં ઇસ્રાયેલી પ્રજા જોડેની ઈશ્વર પ્રભુની વાત છે. એમાં ઈશ્વરપુત્ર ઈસુના આગમન અંગે ઘણી આગાહીઓ છે. બાઈબલના જૂના કરારના યશાયા, ઈર્મિયા, મિખા અને બારુખ જેવા ગ્રંથોમાં ઈસુના જન્મ વિશેની આગાહીઓ જોવા મળે છે, એટલે ખ્રિસ્તી લોકો ઈસુના જન્મમાં ઈશ્વરે આપેલા મુક્તિદાતાના વચનની કે આગાહીની પરિપૂર્ણતા જુએ છે.

ઈસુના જન્મની આઠેક સદી પૂર્વે લખાયેલા ગ્રંથમાં પયગંબર યશાયાની ભવિષ્યવાણી કહે છે કે, "એક જુવાન સ્ત્રીને ગર્ભ રહ્યો

છે અને તે એક પુત્રને જન્મ આપશે, અને તેનું નામ ઈમાનુએલ - એટલે કે, 'આપણી સાથે ઈશ્વર' - એવું પાડશે" (યશાયા ૭-૧૪).

યશાયાના સમકાલીન પયગંબર મિખા મુક્તિદાતા ઈસુના જન્મની ભવિષ્યવાણી ભાખતાં જણાવે છે કે, "ઓ બેથલેહેમ એફ્રાથા, યહૂદાનું તું એક નાનું ગામડું છે પણ હું તારે ત્યાં ઈસ્રાયલ ઉપર રાજ્ય કરનારને પેદા કરનાર છું, જેના વંશના મૂળ ખૂબ પ્રાચીન કાળમાં છે" (મિખા ૫-૧).

આપણને આવી બધી ભવિષ્યવાણીઓની પરિપૂર્તિરૂપ વાત નવા કરારમાં મળે છે. ઈસુના જન્મની વાત આપણને નવા કરારના સંત લૂકના શુભસંદેશમાં વિગતવાર જોવા મળે છે. ગાબ્રિયેલ દેવદૂત કુમારી મરિયમને સંદેશ આપે છેઃ

"જો, તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઈસુ રાખજે. એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે; પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજસિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઈસ્રાયલની પ્રજા ઉપર રાજ્ય કરશે; તેના રાજ્યનો અંત આવશે નહિ" (લૂક ૧:૩૧-૩૩).

મરિયમ માની ન શકે એવી આ વાત છે. સંત માથ્થીના શુભસંદેશમાં આપણે વાંચીએ છીએ તેમ એમના વિવાહ યોસેફ સાથે થયાં હતાં પણ તેમનો સહવાસ થાય એની પહેલાંની આ વાત છે (જુઓ માથ્થી ૧:૧૮). એટલે મરિયમ ઈશ્વરે બક્ષેલા આ અદ્‌ભુત વરદાન વિશે ખાતરી કરવા દેવદૂતને પૂછે છે,

"એ શી રીતે બનશે? હું તો પતિગમન કરતી નથી"
(લૂક ૧:૩૪).

મરિયમના પ્રશ્નનો દેવદૂત સુંદર જવાબ આપે છે,

"પવિત્ર આત્મા તારા ઉપર ઊતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે અને એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે ઈશ્વરપુત્ર કહેવાશે" (લૂક ૧:૩૫).

(ખ્રિસ્તી લોકો સચ્ચિદાનંદ પ્રભુમાં એટલે પરમપિતા, સત્યસ્વરૂપ શબ્દ અને પાવનકારી આત્મા અને પવિત્ર ત્રૈક્યમાં માને છે. બીજા શબ્દોમાં કહીએ તો પિતા, પુત્ર અને પવિત્ર આત્મારૂપે ત્રણ જણના એક જ પરમેશ્વરમાં માને છે.)

દેવદૂતનો ખુલાસો સાંભળ્યા પછી મરિયમને ઈશ્વરે કરેલી પોતાની વિશેષ પસંદગીનો થોડોઘણો ખ્યાલ આવ્યો. સંત લૂકે એમનો પ્રતિભાવ નોંધ્યો છે.

"મરિયમે કહ્યું, 'હું તો ઈશ્વરની દાસી છું, તારી વાણી મારે વિશે સાચી પડો'"(લૂક ૧:૩૮).

એક સ્ત્રીની 'હા' પર ઈશ્વર માનવ બનવાનું પસંદ કરે છે. પુરુષપ્રધાન સમાજમાં આ પણ એક અદ્‌ભુત ઘટના છે.

પયગંબરોની ભવિષ્યવાણીની પરિપૂર્તિ અને ઈશ્વરે આપેલા અદ્‌ભુત વરદાનની પરિપૂર્ણતા નાતાલમાં છે, ઈસુના જન્મમાં છે, એ વાત આપણે બરાબર સમજી શકીએ છીએ.

ઈશ્વર માણસ બન્યાનો વૃત્તાંત સંત લૂકના શુભસંદેશમાં સવિસ્તાર મળે છે. માણસ પૂરેપૂરું સમજી શકે એવી આ વાત નથી. વિજ્ઞાનની કોઈ પ્રયોગશાળામાં પુરવાર કરી શકાય એવો આ બનાવ નથી. ઈશ્વરપુત્ર ઈસુ આપણી કાચી માટીની કાયા ધારણ કરવાની વાતને ખ્રિસ્તી લોકો ગૂઢ રહસ્ય માને છે. ઈસુ ઈશ્વરપુત્ર હોવાની સાથે સાચા આદમપુત્ર છે, માનવપુત્ર છે, માનવબુદ્ધિ જેનો કદી તાગ પામી ન શકે તેવી આ વાત સમજવા માટે વિજ્ઞાન નહિ પણ ઈશ્વરની વિશેષ કૃપા જોઈએ છે, ઈશ્વર પરની શ્રદ્ધા જોઈએ છે.

દુનિયાની આંટીઘૂંટીમાં ખોવાયેલા માણસ માત્રને એ શ્રદ્ધા આપવા માટે જ ઈશ્વરપુત્ર ઈસુ આપણામાંના એક બનીને, પરિપૂર્ણ માણસ બનીને, એક નિઃસહાય બાળક બનીને આપણી વચ્ચે પધાર્યા છે. આ અકલ્પ્ય ઘટના એટલે નાતાલનો અદ્‌ભુત ચમત્કાર. મને ખાતરી છે કે આ અદ્‌ભુત બનાવને સમજવા માટે બાળ ઈસુ ભલમનસાઈવાળા દરેક માણસને કૃપા આપશે. વરદાન આપશે. શ્રદ્ધા આપશે. આપણને પોતાની કૃપા આપવા માટે જ ઈશ્વરપુત્ર ઈસુ આ દુનિયામાં હાડમાંસના માણસ બન્યા છે. એટલે શ્રદ્ધાથી આપણે ઈસુને મુક્તિદાતા કહીએ છીએ. ઈસુને આપણે માનવજાતના તારણહાર તરીકે ઓળખીએ છીએ. આખરે દેવદૂતે કહ્યું તેમ, "લોકો તેનું નામ ઈમાનુએલ એવું પાડશે. ઈમાનુએલ એટલે ઈશ્વર આપણી સાથે છે" (માથ્થી ૧:૧૩). નાતાલ એ ઈશ્વર આપણી સાથે હોવાનો પુરાવો છે. સાચે જ નાતાલ એક ગૂઢ રહસ્ય છે અને એક અદ્‌ભુત ચમત્કાર પણ છે. ●



079-40021131 (O)
97277 71131 (M)
MAC SONS
Frozen food store
The Quality Store For Quality Peoples

*We wish you a very Happy Christmas & Proseperous New Year to everyone.*
1, Amrapali Complex, Nr. Bank of Baroda,
Maninagar Char Rasta, Ahmedabad - 380008

# રંકથી રાય

✍ શાંતિલાલ ખુશાલભાઈ ખ્રિસ્તી

*નિવૃત્ત શિક્ષક, નડિયાદ*

અરણ્યે, વનવગડે, કસ્બા, ગામ, છાપરે છાપરે કે તંબૂ ડેરા બાંધી ને... વેશ... થી વિભિન્ન... અને આકાશ છત... પૃથ્વી જમીન રહેઠાણનું પાથરણું. ઘેટાંબકરાં, ઢોરઢાંખની મોટી મૂડી લઈ ભટકતી પ્રજા... ભરવાડ, એકલે રંક, ગરીબ, ભટકતી જાતિની શી કિંમત? કેવી ઇચ્છા...!

તાજુ દૂધ... ને રોટલાનો ટુકડો, રાત્રે કડકડતી ઠંડીમાં ચેંટીયાની તાપણી... સ્વચ્છ આકાશમાં... ટમટમતા તારા.... તેમના રાતભરના સાથી....! ત્યાં...!!

એક રાત્રે...! તાપણીના પ્રકાશ ગરમીના માહોલમાં નિરવ શાંતિ...! પોઠ પોઢેલ છે. ત્યાં ત્રણેક ભરવાડો અવાક્ થઈ ગયા...!! પોઠના રક્ષક... કૌતુક દૃશ્ય અને અવાજથી ભયભીત થયા. ગભરાયા અનોખો પ્રકાશ... જાણે અલૌકિક પ્રભુનું ગૌરવ...!! પણ અભણ અને અરણ્યવાસીને શી ખબર...!

સફેદ પાંખો વાળો મનુષ્ય દેહધારી... આકાશમાંથી ઉતરતો... અને વચ્ચે જ અટકી... "બીહો મા"નો પડકાર...!! આગળ એક અદ્‌ભુત વાત... જુઓ, હું મોટા આનંદની સુવાર્તા, સારી ભલાની વાત તમને જણાવું છું.

"હે...? આનંદની વાત...? ભલાની વાત...? કોની...? કેવી...? ગભરાતા-ગભરાતા એકીટસે...! એક ધ્યાને...? કોઈ ઉભો કોઈ બેઠો.. ને કોઈ અર્ધ ઉભેલ અદુગડો...! લાકડીનો ટેકો...!!?"

"તે સર્વ લોકોને અને તમારે માટે...! થશે...?"

"એટલે..? ક્યારે...?"ના મૂંઝવણના પ્રશ્નોમાં અનિમેષ ટગર ટગર જોઈ જ રહ્યા...!

હા...! આજે દાઉદના શહેરમાં તારે સારું... એક તારનાર બાળક એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મેલ છે...!!

હે...? પ્રભુ જન્મ્યો છે...? એ કેવું...? ઈશ્વર જન્મ લે...? એની ખાતરી શી...? આ પાંખોવાળો...!!

હા... હું પરમેશ્વરનો દૂત છું. તે દાઉદના શહેર બેથલેહેમમાં એક બાળક ઈશ્વરપુત્ર જન્મેલ છે.. તે જોવા, મળવા દર્શન કરવા, તમે જાઓ... એક બાળક લૂંગડામાં લપેટેલો ગભાણમાં સૂતેલો ગૌરવી મહિમામાં તમે જોશો...

ત્યાં તો બીજા દૂતોની ફોજ આકાશી સેનાનો મોટો સમુદાય ઉતરી આવ્યો... અને અદ્‌ભુત પ્રકાશે ભરેલા આકાશી દૃશ્યમાં ઈશ્વરની સ્તુતિ કરતા. "પરમ ઊંચામાં પ્રભુજી મહિમા થાઓ..." કહેતા... ગાતા હતા...



ત્યાં ભરવાડોએ મહાઆનંદ કર્યો. આ સ્તુતિથી આનંદ કરતા... દૂતોને આકાશમાં જતા. ગૌરવી ગાનના સૂર સંભળાતા તેઓ અદ્‌ભુત વાતાવરણ જોઈ જ રહ્યા...!! કેવું આહ્‌લાદક દૃશ્ય...!!

"અલ્યા ભાઈઓ...! આ તો જબરું કેહવાય...!" સ્વર્ગીય વાતો અને દૂતો...! ગભાણનો બાળક અને આપણે ઘેટાં પાળક...! પ્રભુનો મહિમા... ગણગણતા.. ચાલો, ભાઈઓ આપણે જઈએ...! બેથલેહેમ...!!

હવે શું...? દૂતે કહી તે ગભાણ શોધતાં શી વાર...!

હા.. હા.. ભાઈઓ ચાલો..! આપણે જઈએ નજીક તો છે જ..!!

પણ આપણો આ નેસડો..! પરિવાર..!!

ભલે અહીં.. તેઓ ભલે સૂઈ રહ્યાં એકને જણાવીએ...!

હા. પાછાં બધાં ગરબડ, સાથે આવવા કે ના જવાની વાત થશે...! માટે ચૂપચાપ..! ત્રણેક નાનાં ઘેટડાં લઈ જઈએ.. પછી તે મળ્યા પછી પરિવાર સાથે ફરીવાર જઈશું...!

ને...! ઉતાવળથી ઝડપથી ચાલી.. દોડતા, હર્ષાવેશમાં ગીત.. પરમ ઊંચામાં...! ગણગણતા.. બેથલેહેમની ભાગળમાં આવી પહોંચ્યા...! એક એક ઘેટું પણ ખભે લઈ આવી પહોંચ્યા વહેલી સવાર, ભોંભરખ્યું મળસકું, મરઘાંનો કૂકડેકૂક... અવાજ..! ધર્મશાળાઓ ભરચક... આટલાં બધાં માણસો...? કેમ...? શું આપણી માફક પ્રભુને જોવા મળવા, દર્શન કરવા આવ્યાં હશે...?

ત્યાં... "એ પરદેશી અત્યારે અહીં તમો...?"

"હા.. હા.. અમો ભરવાડો ગભાણમાં જન્મેલ પ્રભુના બાળકને જોવા આવ્યા છીએ...! દર્શન કરવા આવ્યા છીએ...! તમે પણ..!!"

"ના મિત્રો હું અહીં આ ધર્મશાળાનો રક્ષક છું. આ બધાં સરકારી હુકમથી પોતપોતાનાં નામ નોંધાવવા આવ્યાં છે. તમે...?"

"અમે તો ગભાણમાં જન્મેલા ઈશ્વરપુત્ર બાળકને જોવા...!!"

"હા..! હા..! આવો..! પતિ-પત્ની આવ્યાં છે અને જગ્યા ન હોઈ મેં તેમને આ ધર્મશાળાની ગમાણ આપી છે. તેઓ ત્યાં છે ને તમે કહો છો તે બાળક તેની માતને ખોળે જન્મેલ છે. અર્ધી રાત્રે મેં જાણ્યું છે. સુંદર બાળક છે. હસતો, રમતો, અદ્‌ભુત. લૂગડે લપેટેલ બાળક પોઢેલો છે. તેની માતા પાસે છે. પિતા પણ પાસે જ છે. તમો જે કહો છો શું તેજ છે! ચાલો, બતાવું."

ત્રણ ભરવાડો આ ધર્મશાળાની ગભાણ પાસે ગયા ને તેઓ તે બાળકને જોઈ ખૂબ જ આનંદવિભોર થઈ ગયા. ઘૂંટણે પડ્યા માથું નમાવી હાથ જોડી આ બાળકનાં દર્શન કર્યા ભજન કર્યું. ને ત્રણેયે એક એક ઘેટાનું ત્યાં અર્પણ કરી મહા આનંદ કરતા બાળકની પાસે સામે પલાંઠીવાળી.. બેઠા...!!

"અરે..! આ ચમત્કારી પ્રભુનો જન્મ છે. તમે બન્ને ખૂબ ભાગ્યશાળી છો અમો અરણ્યવાસી ગરીબ રખડતી પ્રજા. તડકોછાંયો, રાત અધરાત મધરાત, સવાર બપોર સાંજ  એમ ગરમી, ઠંડી કે વરસાદની હેલીમાં ખુલ્લા આકાશ ને એ ધરતી પર આમતેમ અમારો વાસ લઈ ફરનારા ગરીબ રંક લોકોને આ બાળક વિશે સ્વર્ગીય દૂતે સંદેશો આપ્યો અને જણાવ્યું અને અમે મહાઆનંદ કરતા અહીં આવ્યા. આ નાના બાળકને જોવાં...! સૌ પ્રથમ દર્શન કર્યા."

"હા ભાઈ હું પણ એક સામાન્ય ગરીબ, રંક માણસ ધર્મશાળાનો રક્ષક ભાગ્યશાળી ખરો કે મને પણ આ પ્રભુના બાળકનાં દર્શન કરવાનાં મળ્યાં આ બન્ને ભાગ્યશાળી માબાપને જોઈ હું મારી જાતને અહોભાગ્ય ગણું છું.. ત્યાં.."

ગભાણમાં એક ખૂણે દૂતોનું ઝુંડ ગાબ્રિયેલ સાથે આકાશી ગીતોનો સૂર... "પરમ ઊંચામાં પ્રભુજીને મહિમા હો..." સાંભળી સૌ તેના મહિમા માંણતાં તરબોળ થઈ ગયા.

ઈશ્વરપુત્ર, રાજાઓનો રાજા, જગતમાં બાળક સ્વરૂપે એક ગભાણમાં જન્મે, ત્યારે સૌ રંક લોકો માટે આ એક સત્ય અને અદ્‌ભૂત ઘટના છે જ...!!

કોઈ મહાન રાજ્યમાં, મોટા રાજા-રાણીને ત્યાં, મોટા વૈભવી રાજમહેલમાં કે અનોખા સ્થાનમાં આ ઈશ્વરપુત્રનો જન્મ થયેલ નથી. છતાં "રાજકુમાર"ની શોધ રાજવંશી કે મહાજ્ઞાનીઓ કરે..! ને તે પણ અગમ્ય, ચિહ્‌ન દ્વારા કોઈ વાણી કે દૂતનાં દર્શન દ્વારા નહિ...! છતાં રાય રાજવીને ઈશ્વરે અદ્‌ભુત તારાના નિશાને જ્ઞાનીઓ-રાજવંશીઓને જણાવતાં તેઓ આ નવીન તારો આકાશે બાળક જન્મેલ સ્થળથી પૂર્વમાં ઈરાન, પારસ દેશમાં દેખાયો... ને આ ત્રણ જ્ઞાની રાજવંશી-માગીઓ આશ્ચર્યમાં પડ્યા. આકાશી દર્શન, આકાશી - ખગોળજ્ઞાનના અભ્યાસી આ તારાને જોઈ તેઓ અચંબામાં પડ્યા. "ચોક્કસ કોઈ રાજકુમાર કે અદ્‌ભુત બાળકનો જન્મ થયેલ છે ને તેને જોવા જવું જોઈએ."

"પરંતુ ક્યાં જવું...? આપણા દેશથી પૂર્વમાં કે પછી ઉત્તરમાં કે કોઈ મહારાજાને ત્યાં...? કઈ દિશામાં...? ક્યાં જવું...?"

"હાસ્તો...! રાજકુમાર જન્મ્યો છે એ નિશ્ચે છે જ...! અને આપણે તેને જોવા જવું જ જોઈએ..!"

વિચારતાં, મુઝાતાં, પુસ્તકોનાં થોથાનાં પાનાં ઉલટાવતાં ને ચર્ચા-વિચારણા કરતાં આખરે એક પાનું પલટાયું ને....?

પયગંબરે આમ લખ્યું છે કે, "હે યહૂદિયા પ્રાન્તમાં આવેલ બેથલેહેમ, યહૂદિયાનાં મુખ્ય શહેરોમાં તારું સ્થાન કંઈ કમ નથી; કારણ, તારે ત્યાં એક એવો આગેવાન ઉદય પામશે, જે મારી પ્રજા ઈસ્રાયલની રખેવાળી કરશે." (માથ્થી ૨:૫-૬)

"હા.. ત્યા.. આ ભવિષ્યવચન... રાજકુમારના જન્મ વિશે જ છે ને તારો એ એક નિશાનીરૂપ. આપણને જણાવે છે તે આજ ભવિષ્ય કથન છે. ચાલો આપણે ત્યાં જઈએ...!!"

"ક્યાં જઈએ..? યહુદિયા દેશ તો મોટો છે. તેને ક્યાં ક્યાં શોધીશું...? આપણા દેશથી પશ્ચિમમાં કેટલો બધો દૂર છે...!"

"અરે..! ભાઈ...! આપણાં ઊંટ દૂર દૂર જઈ શકે છે. થોડા જ સમયમાં આપણે પહોંચી જઈશું...!"

"હા અને યરૂશાલેમ શહેર મુખ્ય રાજધાની છે. ત્યાં હેરોદ રાજા છે. રાજમહેલ છે અને તેમને રાણી છે જ. તેથી આ રાજકુમાર ત્યાં જ જન્મેલ હોય..! એ ચોક્કસ થયું."

"હા.. હા.. ચાલો, અર્પણો પણ સાથે લઈએ."

ઊંટો સજાવ્યાં. અર્પણો લીધાં અને ઈરાન-પારસથી પશ્ચિમમાં યહુદાદ પ્રાંતના યરૂશાલેમ શહેરમાં આવ્યા. રાજમહેલમાં આ ત્રણેય જ્ઞાનીઓ-માગીઓ-રાજવંશીઓ ગયા. તેમને આવકાર્યા અને હેરોદ રાજાએ વાત જાણી. મનમાં ગભરાયો. પોતાના માણસોને આ વાત જણાવી પોતે સતેજ થયો. પણ માગીઓ સમક્ષ ખુલ્લો ન પડ્યો. પણ ગુપ્તમાં તારો ક્યારે દેખાયો વગેરે માહિતી લઈ ખબર આપવા જણાવ્યું. રાજકુમાર ક્યાં જન્મ્યો હશે. તે પ્રશ્ન જ રહ્યો.

માગીઓ રાજમહેલ બહાર આવ્યા. આકાશમાં તારો જોયો તેઓ જતા હતા તેમ તારો આગળ જતો હતો ને તેજ ઠેકાણે આવી થંભ્યો...! માગીઓ તે સ્થળે ધર્મશાળાની ગભાણે ગયા ત્યાં બાળક તેનાં માતાપિતા અદ્‌ભુત પ્રકાશ જોતાં માગીઓ પણ મહાઆનંદ માણી કંચન, બોળ, લોબાન અર્પણ કરી, દર્શન કરી પોતાને ધન્ય અનુભવે છે. રાજવંશી રાજાઓ, રાયને આ ઈશ્વરપુત્રના દર્શન થતાં ઈશ્વરની યોજના વાસ્તવિકતાની પ્રતિતી થઈ. ત્યાં રંક, ભરવાડો, ત્યાં હવે રાજવંશી, માગીઓ અને અન્ય લોકો માટે ઈશ્વરપુત્ર ગભાણનો બાળક ઈસુ સૌને માટે જન્મેલ જગતના રંક અને રાય તથા સર્વ લોકો માટે ઉદ્ધારક છે જ... ●


**શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર**
ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.
શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ
**પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર**
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**
*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*


**Maxi Maker**
**લગ્નની મેક્ષી, ચણિયાચોલી, જ્વેલરી સેટ વગેરે મળશે. લગ્ન પ્રસંગની દરેક ખરીદી એક જ જગ્યાએથી ખરીદો. લગ્નની મેક્ષી : ૩,૫૦૦/- રૂા. સાથે ૧૨ વસ્તુઓ સેટ ફ્રી. ચણિયાચોલી : ૩,૦૦૦/- રૂા. જ્વેલરી જેવી તમામ આઈટમો વ્યાજબી ભાવે મળશે.**
*એકવાર મુલાકાત લેવાનો અવશ્ય આગ્રહ રાખો.*
*બીજી કોઈપણ જગ્યાએ જતા પહેલાં અમારી મુલાકાત અવશ્ય લો.*
**સુનિલભાઈ એસ. મેકવાન (ચેનલવાળા):** નિર્મલનગર ગામડી, આણંદ
**મો. ૯૯૨૫૮ ૩૭૯૩૭ / ૯૯૧૩૪ ૩૯૭૪૯**



# નાતાલની આસપાસ

✍ સાયમન ફ્રાન્સિસ પરમાર

*પૂર્વ તંત્રીશ્રી 'દૂત'*



આખું વિશ્વ નાતાલ અર્થાત્ ખ્રિસ્તજયંતીનું પર્વ ૨૫મી ડિસેમ્બર ઉજવે છે અને એ ઉજવવું જ જોઈએ પણ હકીકતમાં ઈસુનો જન્મ ૨૫મી ડિસેમ્બરે થયો નહોતો.

શુભસંદેશકારોમાં માથ્થી અને લૂક ઈસુના જન્મનું વૃત્તાંત રજૂ કરે છે. માથ્થી લખે છે : હવે ઈસુ ખ્રિસ્તનો જન્મ આ પ્રમાણે થયો હતો :

.......યોસેફે ઊંઘમાંથી ઉઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘરે તેડી લાવ્યા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો તેનું નામ ઈસુ પાડ્યું. (૧:૧૮-૨૫) આ વૃત્તાંતમાં તારીખ, વાર, મહિનો કે ઋતુનો કોઈપણ ઉલ્લેખ નથી.

લૂકનું વૃત્તાંત વધુ વિસ્તૃત છે :

હવે, એ સમયે એવું બન્યું કે બાદશાહ ઓગસ્તસે આખા રોમન સામ્રાજ્યની વસ્તીગણતરી કરવાનું ફરમાન કાઢ્યું. એ પહેલી વસ્તીગણતરી હતી અને તે સમયે કુરીનિયસ સિરિયાનો સૂબો હતો એટલે સૌ પોતપોતાને વતન નોંધાવા ચાલ્યાં ગયાં. એ રીતે યોસેફ પણ દાવિદના વંશના અને કુળના હોવાથી ગાલીલના ગામ નાસરેથથી યહૂદિયામાં આવેલા દાવિદના નગર બેથલેહેમ નોંધાવા ચાલ્યાં ગયાં. તેમની સાથે મરિયમ હતાં જેમની સાથે તેમના વિવાહ થયેલાં હતાં. તે સગર્ભા હતાં અને તે લોકો ત્યાં હતાં એ દરમિયાન જ તેમની પ્રસૂતિનો સમય આવી પહોંચ્યો. તેમણે બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સુવડાવ્યો, કારણ ઉતારામાં તેમને માટે જગ્યા નહોતી.

એ પ્રદેશમાં ખુલ્લા મેદાનમાં રહેતા કેટલાક ભરવાડો વારાફરતી પોતાનાં ઘેટાંની ચોકી કરતા હતા. અચાનક પ્રભુનો એક દૂત તેમની આગળ પ્રગટ થયો આથી તેઓ બહુ ભયભીત થઈ ગયા પણ દેવદૂતે તેમને કહ્યું, "બીશો નહિ; સાંભળો હું તમને ભારે આનંદના શુભસમાચાર આપવા આવ્યો છું. આખી પ્રજાને પણ એથી આનંદ આનંદ થઈ જશે. આજે દાવિદના નગરમાં તમારો મુક્તિદાતા અવતર્યો છે. એજ ખ્રિસ્ત અને પ્રભુ છે. એની એંધાણી એ કે, તમે એક બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સુવાડેલો જોશો. પલકારામાં દેવદૂતની સાથે બીજા સ્વર્ગીય દૂતોનો સમૂહ ઈશ્વરની સ્તુતિ ગાતો નજરે પડ્યો.

'પરમધામમાં ઈશ્વરનો મહિમા,
અને પૃથ્વી ઉપરના પ્રીતિપાત્ર માણસોમાં શાન્તિ'!

પછી દેવદૂતો તેમની આગળથી સ્વર્ગમાં પાછા ચાલ્યા ગયા, એટલે ભરવાડો એકબીજાને કહેવા લાગ્યા, 'ચાલો આપણે સીધા બેથલેહેમ જઈએ અને આ જે વસ્તુ બની છે અને ઈશ્વરે જેની આપણને જાણ કરી છે તેની ભાળ કાઢીએ.'

તેઓ તાબડતોબ નીકળી પડ્યા અને તેમણે મરિયમ, યોસેફને અને ગમાણમાં સુવાડેલાં બાળકને શોધી કાઢ્યાં. તેમને જોયા પછી ભરવાડોએ બાળકને વિષે પોતાને જે કહેવામાં આવ્યું હતું તે કહી સંભળાવ્યું અને જેમણે જેમણે ભરવાડોની વાત સાંભળી તે સૌ અચંબો પામ્યાં પણ મરિયમે એ બધી વાતો મનમાં સંઘરી રાખીને તેના પર વિચાર કરતાં રહ્યાં (લૂક ૨:૧-૧૯) તારાની એંધાણીએ ચાલતા ચાલતા ત્રણ માગીઓ ગભાણે પહોંચ્યા.

ઈસ્રાયેલ દેશ ભૂમધ્ય સમુદ્રના વિસ્તારમાં છે. આ વિસ્તારમાં ડિસેમ્બર માસમાં વરસાદ પડતો હોય છે. ભલે શુભસંદેશમાં ઈસુના જન્મની તારીખ કે મહિનો ના દર્શાવ્યાં હોય. પણ ડિસેમ્બરમાં વરસાદ પડતો હોય છે તો એવા વરસાદમાં એ પ્રદેશમાં ખુલ્લા મેદનમાં ભરવાડો પોતાનાં ઘેટાં સાથે કેવી રીતે રહી શકે? તેથી ડિસેમ્બરમાં ઈસુનો જન્મ થયો નથી એ સાચી હકીકત છે. રોમન બાદશાહ વસતીગણતરીનું અતિ મહત્ત્વનું કાર્ય વરસાદ પડવાની ભારે સંભાવના હોય એવા ડિસેમ્બરમાં યોજવાની મૂર્ખતા કરે જ નહિ.

૨૫મી ડિસેમ્બરે રોમમાં વસતા બિન-ખ્રિસ્તીઓ સૂર્યનો જન્મ દિવસ ઉજવતા હતા અને ઈસુ પણ સૂર્ય જ છે ને તેથી ખ્રિસ્તી રાજવી કોન્ટેનટાઈને ૨૫મી ડિસેમ્બરને ખ્રિસ્તજયંતીનું પર્વ જાહેર કર્યું આમ ઈસુ ૨૫મી ડિસેમ્બર જન્મ્યા નહોતાં છતાં વિશ્વભરમાં ૨૫મી ડિસેમ્બરે ખ્રિસ્તજયંતી ઉજવાય છે. આ આદેશ ૪થી શતાબ્દીમાં આપવામાં આવ્યો હતો એટલે કે ૪થી શતાબ્દીથી નાતાલ ૨૫મી ડિસેમ્બર ઉજવાય છે.

નાતાલઋતુમાં દેવળો અને ઘણાં બધાં ખ્રિસ્તી પરિવારોમાં ગભાણ બનાવવામાં આવે છે જેમાં ગમાણમાં પોઢેલા બાળઈસુ, માતા મરિયમ, ઈસુના પાળકપિતા યોસેફ, ભરવાડો અને તેમનાં ઘેટાં તથા ત્રણ માગી રાજાઓની પ્રતિમાઓ હોય છે. આનું શ્રેય આસ્સિસાના સંત ફ્રાન્સિસને જાય છે. ઈ.સ. ૧૨૨૩માં તેમણે બનાવેલા ગભાણમાં સુવાડેલા બાળ ઈસુ અને જીવતો જાગતો બળદ અને ગધેડો પણ હતો. ગ્રેસિયો નામના કસ્બા નજીકમાં વન્યગુફામાં તેમણે આ ગભાણ બનાવ્યું હતું. અત્રે સંત ફ્રાન્સિસે ગામડાનાં સીધા સાદા લોકોને ઈશ્વરના અનહદ પ્રેમ અને દયા વિષે ઉપદેશ આપ્યો હતો. આ સંતના હાથમાં બાળ ઈસુની પ્રતિમા હતી જે થોડી ક્ષણો દરમિયાન જીવંત દેખાઈ હતી.

આજ સંતના પ્રભાવ હેઠળ લોકપ્રિય ક્રિસમસ કેરેલ્સ (નાતાલનાં ભજનો)નો આરંભ ઈટાલીમાં થયો. જર્મનીમાં નાતાલીગીતો (નોએલ્સ) ૧૧ અને ૧૨મી સદીમાં શરૂ થયાં.

'ક્રિસમસ ટ્રી' (નાતાલવૃક્ષ)નો આરંભ જર્મનીમાં થયો અને એ એદન બગીચાનું પ્રતીક છે જેની વચ્ચે જીવનનું વૃક્ષ છે. આ વૃક્ષ પર લટકાવેલી મીણબત્તીઓનો ઉલ્લેખ ૧૩મી સદીના એક મહાકાવ્યમાં છે. ઈંગ્લેન્ડમાં રાણી વિક્ટોરિયાનાં પતિ જર્મન રાજકુમાર આલ્બર્ટે ૧૯મી સદીના મધ્ય ભાગમાં ક્રિસમસ ટ્રીને લોકપ્રિય બનાવ્યું હતું.

બારીના ધર્માધ્યક્ષ સંત નિકોલાસ અત્યંત ઉદાર અને દયાળુ હતા તેમના અવસાન બાદ ઘણા ખ્રિસ્તીઓએ સદ્‌ગતની સ્મૃતિ જીવંત રાખવા બાળકોની પથારી પાસે આશ્ચર્યજનક ભેટ-સોગાદો મૂકવાની પ્રથા શરૂ કરી, છેવટે આ ભેટસોગાદો આપવાની પ્રવૃત્તિ નાતાલ દિને શરૂ કરાઈ અને સંત નિકોલાસ જે લોકભાષામાં "સાન્તા ક્લોસ" નામે જાણીતા થયા અને યૂરોપના અનેક દેશોમાં નાતાલ પર્વ દરમિયાન બાળકોને ભેટ આપવાનો રિવાજ શરૂ થયો. લોકપ્રિય ચિત્રોમાં સાન્તાક્લોઝ લાલ રંગના પોષાક અને એવા જ રંગની ટોપી પહેરીને બરફ પર સ્લેજમાં નીકળે છે. બે હરણો તે સ્લેજ ખેંચે છે અને સાન્તાક્લોઝ બાળકોનો ભેટ સોગાદો ઘરની ચીમનીમાંથી નીચે સરકાવી દઈને આગળ વધે છે. આવી રીતે નાતાલની ઉજવણી થાય છે. નાતાલની સાચી ઉજવણી ગઈ ગુજરી ભૂલી જઈ પરસ્પર માફી બક્ષી. પરસ્પર પ્રેમ વ્યક્ત કરવાથી જ થઈ શકે. ●


## નોબલ પેરામેડિકલ ઈન્સ્ટીટ્યૂટ

**(મનદીપ ફાઉન્ડેશન / ખ્રિસ્તયોગી મીનીસ્ટ્રી સંચાલિત)**
**સરકાર માન્ય રોજગાર યોજના - બી.એસ.એસ. માન્ય કોર્ષિસ***
**આરોગ્ય / નર્સિંગ એડમિશન ૨૦૧૫/૨૦૧૬**

**:: કોર્ષિસ ::**

- ❖ નર્સિંગ આસિસ્ટન્ટ કોર્ષ / પેશન્ટ કેર - ૧ વર્ષનો કોર્ષ (૧૦ પાસ/નાપાસ)
- ❖ એડવાન્સ નર્સિંગ આસિસ્ટન્ટ કોર્ષ / પેશન્ટ કેર - ૨ વર્ષનો કોર્ષ (૧૨ પાસ/નાપાસ)
- ❖ લેબ ટેકનિશ્યન - ૧ વર્ષનો કોર્ષ (૧૦ પાસ/નાપાસ)
- ❖ ડિપ્લોમા ઈન લેબ ટેકનિશ્યન - ૨ વર્ષનો કોર્ષ (૧૨ પાસ/નાપાસ)

**ખાસ નોંધ :** ડિસેમ્બર ૨૦૧૫થી એડમિશન શરૂ

**:: માર્ગદર્શન ::**

- ❖ જનરલ નર્સિંગ (GNM) ૩ વર્ષનો કોર્ષ (૧૨ પાસ) હૈદરાબાદ, બેંગલોર
- ❖ B.sc નર્સિંગ ૪ વર્ષનો કોર્ષ (૧૨ પાસ), હૈદરાબાદ, બેંગલોર

**:: એડમિશન માટે સંપર્ક કરો ::**

**નાઓમબેન એસ. ક્રિશ્ચિયન (વડોદરા)**
મો. ૯૩૭૭૨ ૯૫૩૨૪, ૮૨૩૮૩ ૬૭૯૩૭
ગોધરા મો. ૯૩૭૭૨ ૯૫૩૨૪
**પ્રિસ્કીલા / મનોજ ક્રિસ્ટી (વ્યારા)** મો. ૮૨૩૮૩ ૬૭૯૩૭

*BSS Permission in procees






પરમેશ્વરનો આભાર માનવો છે?
પરમેશ્વરની સ્તુતિ-આરાધના કરવી છે?
આપણા સર્જનહાર, મુક્તિદાતા અને પરિસંભાળ રાખનારના સહસ્ત્રનામ (બાઈબલ આધારિત) દ્વારા જાપ કરવો છે?

**ગુજરાતી ભાષામાં પ્રથમવાર પ્રકાશિત થઈ છે -**

# સહસ્ત્રાવલિ

**ઉદાહરણ તરીકે સ્મરણ કરવા યોગ્ય વચન.**

**૫૨૮:** દ્વેષ ઝઘડા જગાડે છે, પણ પ્રીતિ બધા દોષોને જોયા ન જોયા કરે છે. (સુભાષિતો ૧૦:૧૨)

**૬૯૪:** તમારામાંનો કોઈ દુઃખમાં છે? તો તેણે પ્રાર્થના કરવી. કોઈ આનંદમાં છે? તો તેણે ભજન ગાવાં. (યાકોબ ૫:૧૩)

**સંપર્ક:- ફાધર ફ્રાન્સિસ ક્રૂઝ એસ.જે.**
**મો. ૯૭૨૭૦ ૭૯૫૯૬**
ઝેવિયર ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટર, O.N.G.C. સામે,
અંકલેશ્વર - ૩૯૩૦૧૦



# હિમશિલા

✍ સ્નેહલત્તા ભાટિયા

*ડિરેક્ટર સુરચના ટ્રસ્ટ, કથક નૃત્યાંગના, ફ્રી લેન્સ કન્સલ્ટન્ટ,*
*સુરત મહિલા પ્રમુખ - નેશનલ હ્યુમન રાઈટ્સ એસોશિયેશન. 'દૂત' તંત્રીમંડળ સભ્ય.*




વીસ વર્ષની રીટા તરલ આંખોમાં આંસુ સાથે કહે છે કે મને તો ઓગણીસ વર્ષની વયે માબાપે શોધેલા અને પસંદ કરેલા છોકરા સાથે પરણાવી દીધી. મને કે મારા કુટુંબીજનોને ખબર ન હતી કે મારો પતિ એચ.આઈ.વી. પોઝીટીવ છે. એક વર્ષમાં હું એચ.આઈ.વી. પોઝીટીવ અને વિધવા બની. મને મિલકત કે વારસામાં ભાગ આપ્યા વિના મારી સાસરીમાંથી કાઢી મૂકી.

✧✧✧

દિવ્ય જન્મથી જ એચ.આઈ.વી. પોઝીટીવ છે. તેણે જન્મના બે વર્ષ બાદ એઈડ્સથી પીડિત પિતા ગુમાવ્યા અને પાંચ વર્ષે મામા-મામી મોસાળ લઈ આવ્યાં કારણ એચ.આઈ.વી. ગ્રસ્ત માતા એઈડ્સના કારણે મૃત્યુ પામી હતી.

✧✧✧

સુનીલ કોલેજકાળ દરમિયાન મિત્રોની સંગતમાં ક્યારેક ઈન્જેક્શન દ્વારા નશીલી દવાનું સેવન કરતો. સમય પસાર થતાં નશો કરવાની આદત કે ઈન્જેક્શન લેવાની લત રોજની થઈ ગઈ. મિત્રો ટોળે વળી એક જ સોય-સિરીંજથી નશીલી દવાનો ડોઝ લેતા. જૂથમાં કોઈ એક એચ.આઈ.વી. ગ્રસ્ત હશે અને એક જ સોય-સિરીંજનો ઉપયોગ કરતા હોવાથી સુનીલને પણ ચેપ લાગ્યો. ત્રેવીસ વર્ષનો સુનીલ એચ.આઈ.વી. પોઝીટીવ છે.

✧✧✧

મનીષને બાલ્યાવસ્થાથી જ છોકરી જેવા શણગાર કરવામાં, કપડાં પહેરવામાં રસ. કિશોર વયે તો ગામના યુવાનોએ તેનું નામ જ મલ્લિકા કરી નાખ્યું. મનીષને મલ્લિકા નામ ખૂબ ગમતું. તે દિલથી ઇચ્છતો કે સૌ કોઈ તેને મલ્લિકાથી જ બોલાવે. ઘરમાં સતત તેના વર્તન માટે રોકટોક રહેતી જ્યારે મલ્લિકાએ રોકટોક વિનાના, બંધન વિનાના આકાશમાં વિહરવું હતું. તેથી તે ગામ છોડી શહેર ભાગી આવ્યો. શહેરમાં તેને કોઈ સામાજિક બંધન ના હતું, તે તેના જેવા અન્ય સમલૈંગિકતામાં રુચિ ધરાવતા પુરુષોના સંપર્કમાં આવ્યો, એચ.આઈ.વી. ગ્રસ્ત બન્યો.

✧✧✧

ત્રણ મિત્રો અમારા કાઉન્સેલિંગ સેન્ટર પર આવ્યા. ત્રણેયના ચહેરા ઉપર ભારે ગભરાટ હતો. વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે વિશાલનો એચ.આઈ.વી. પરીક્ષણ રિપોર્ટ પોઝીટીવ છે. વિશાલને ચહેરા ઉપર ખીલ થતા હોવાથી તેના સમોવડિયાએ સલાહ આપેલી કે "ગણિકા પાસે જઈ આવ ખીલ મટી જશે." વિશાલે સલાહ માનેલી. ગેરમાન્યતાનો ભોગ બનેલો એકવીસ વર્ષનો બી.એસ.સી. થયેલો વિશાલ એચ.આઈ.વી. પોઝીટીવ છે, જે તેનાં માબાપનું એકમાત્ર સંતાન છે.

✧✧✧

અજાણતાં, અજ્ઞાનતા કે ગેરમાન્યતાને કારણે કોઈપણ વ્યક્તિ એચ.આઈ.વી. ગ્રસ્ત ના બને તે માટે જાગૃતિ, શિક્ષણ જ એકમાત્ર ઉપાય છે.

૧લી ડિસેમ્બર 'વિશ્વ એઈડ્સ દિન' તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વની એચ.આઈ.વી. એઈડ્સ માટે કામ કરતી સર્વોચ્ચ સંસ્થા યુ.એન.એઈડ્સ દ્વારા દર વર્ષે એક સંદેશ આપવામાં આવે છે. આ વર્ષનો સંદેશ છે "Getting to Zero" UNAIDSનું સ્વપ્ન છે કે એટલી જનજાગૃતિ આવે, જેથી એચ.આઈ.વી.નો એકપણ નવો કેસ ન નોંધાય. એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિ ભેદભાવ રહિત જીવન જીવે અને એઈડ્સ સંબંધિત મૃત્યુનો આંક શૂન્ય હોય.

એચ.આઈ.વી. સામાન્ય રીતે મુખ્ય ચાર માધ્યમથી ફેલાય છે. એકથી વધુ વ્યક્તિ સાથે અસુરક્ષિત જાતીય સંબંધ, એચ.આઈ.વી. પરીક્ષણ કરાવ્યા વિનાનું લોહી ચઢાવવામાં આવે. જો સગર્ભા માતા એચ.આઈ.વી. ગ્રસ્ત હોય તો તેના અવતરનાર બાળકને શક્યતા છે અને જંતુ મુક્ત કર્યા વિનાના સોય-સિરીંજ કે વાઢકાપના સાધનોથી.

એચ.આઈ.વી.ની કોઈ રસી કે દવા શોધાઈ નથી. તેનો રોકથામ જ ઉપાય છે. એચ.આઈ.વી.નો નાશ શરીરની બહાર ખૂબ સહેલાઈથી કરી શકાય છે પરંતુ તે શરીરમાં પ્રવેશે પછી તેનો નાશ કરવો કે મારી નાખવો અશક્ય છે. શરીરમાં તેને દવા દ્વારા કાબૂમાં રાખી શકાય છે. કાબૂમાં રાખવા માટે જે દવાઓ આપવામાં આવે છે તેને એ.આર.ટી. કહેવામાં આવે છે. જે હંમેશા બે કે તેથી વધુ દવાઓનો સમૂહ હોય છે. આ દવાઓ સમયસર અને તેની નિર્ધારિત માત્રામાં જ લેવાની હોય છે, નહિ તો તે બિનઅસરકારક બને છે. તેથી શરીરમાં વિષાણુ ગુણાત્મક રીતે વધી જાય છે. આ દવાઓની ખૂબ આડઅસરો છે, પરંતુ હાલમાં તેનો કોઈ જ વિકલ્પ નથી. આ દવાઓ આજીવન લેવાની હોય છે.

જે વ્યક્તિ એચ.આઈ.વી. ગ્રસ્ત નથી તેની જવાબદારી છે કે તે એવું કોઈ વર્તન ના કરે જેથી તેને એચ.આઈ.વી.નો ચેપ લાગે અને જે એચ.આઈ.વી. પોઝીટીવ છે તેની જવાબદારી છે કે તે અન્યને ચેપ ના લગાડે.

*અનુસંધાન પાન નં. ૨૯ પર જુઓ....*

# ભૂમિકા

✍ અનિતા ક્રિસ્ટી

*પ્રાથમિક શિક્ષિકા, નડીઆદ*



નાતાલ એટલે ઈસુ અવતરણ. ઈસુ જન્મોત્સવમાં, ઈસુ સાથે અનેક પાત્રો સંકળાયેલ છે. જેઓએ રોજબરોજના જીવનમાં પોતાની ભૂમિકા શ્રેષ્ઠ રીતે ભજવે છે.

આ પાત્રોની જેમજ આપણે અનેક ભૂમિકા જીવનમાં ભજવીએ છીએ. કહેવાય છે કે જીવન એક રંગમંચ છે. અને આપણે પાત્ર ભજવતા કલાકાર. પોતાની ભૂમિકા શ્રેષ્ઠ રીતે ભજવીને પ્રેક્ષકોની દાદ મેળવે છે. તેજ રીતે આપણે પણ જીવનની ભૂમિકા શ્રેષ્ઠ રીતે ભજવવી જોઈએ. શ્રેષ્ઠ ભૂમિકા ભજવતા અભિનય એવી રીતે કરવો જોઈએ જાણે આપણે સાચેસાચ જીવન જીવી રહ્યાં છે. શ્રેષ્ઠ જીવન જીવવા, જીવન એવી રીતે જીવવું જોઈએ કે જાણે અભિનય કરી રહ્યાં છે. જીવનની શ્રેષ્ઠ ભૂમિકા ભજવતા, નાતાલ સાથે સંકળાયેલ પાત્રો પાસેથી પ્રેરણા અને દિશાસૂચન મેળવવા જોઈએ.

પ્રભુ ઈસુના અવતરણમાં સૌથી અગત્યની અને મહત્ત્વની ભૂમિકા માતા મરિયમ ભજવે છે. મરિયમ કહે છે 'હું તો ઈશ્વરની દાસી છું! આમ મરિયમની વાણી અને વ્યક્તિત્વમાં નમ્રતા, આજ્ઞાધીનતા અને પોતાની વાત રજૂ કરવાની સૂઝ સમજણ જોવા મળે છે. મુક્તિદાતા જન્મ લેવાના છે તેની રાહમાં તે પણ પવિત્ર અને ઈશ્વરપરાયણ જીવન જીવતી હતી. ઈશ્વરની શક્તિ અને સામર્થ્યમાં મરિયમને દૃઢ વિશ્વાસ હતો. આથી તે કહે છે, "તારી વાણી મારા વિશે સાચી પડે. મરિયમ મૂલ્યો આપણને આપણા જીવનની ભૂમિકા શ્રેષ્ઠ રીતે ભજવવા કેવી રીતે ઉપયોગી બને છે. શું આપણે ઈશ્વરપરાયણ જીવન જીવીએ છીએ.!"

ઈસુ જન્મોત્સવમાં યોસેફની ભૂમિકા પણ અસરકારક અને નિર્ણાયક જોવા મળે છે. યોસેફ ધર્મિષ્ઠ માણસ હતા. સમાજમાં સન્માનીય હતા. પારિવારિક મૂલ્યોની ઊંડી સૂઝ ધરાવતા હતા. આથી મરિયમને ઉઘાડાં પાડવા ઇચ્છતા ન હતા. પણ દૂતની આશાવશ મરિયમને તેડી લાવી તેમની સાથે સન્માનીય દાંમ્પત્ય જીવન જીવે છે. સ્ત્રી સન્માન, સ્ત્રી દાક્ષિણ્યતા અને પરિવાર પ્રત્યેની કાળજી તેમના વ્યક્તિત્વમાં જોવા મળે છે. સંવાદી સુમેળભર્યું લગ્ન જીવન જીવવા અને પરિવારની કાળજી લેવા યોસેફ મૂલ્યો આપણને કેવી રીતે ઉપયોગી બને છે? શું વિકટ અને મુશ્કેલ સંજોગોમાં યોસેફની જેમ પત્નીની પડખે રહીએ છીએ? સંતાનોની કાળજી લઈ અનિષ્ટ તત્વોથી એમને બચાવી લઈએ છીએ. જીવનની ભૂમિકા ભજવવા યોસેફ મૂલ્યો કેવી રીતે મદદરૂપ બને છે.

એલિસાબેત સૂચક હાજરી પુરાવે છે. કહે છે, 'હું તો કેવી ભાગ્યશાળી મારા પ્રભુની માતા મને મળવા આવી!' સામાજિક સંબંધો, ધાર્મિકતા અને અન્યને મદદરૂપ થવાની એલિસાબેતની ઝંખના, આપણા જીવનમાં છે? એલીસાબેત પ્રભુની બધીજ આજ્ઞાઓનું પાલન કરતાં હતાં. આશાવાદી પ્રભુમય જીવન જીવતાં હતાં. ઈશ્વર સમર્પિત જીવન જીવતા હતા. આથી જ અશક્ય એવી તેમની પ્રાર્થના ઈશ્વર શક્ય બનાવે છે. આપણું જીવન ઈશ્વરને સોંપીને એલિસાબેતની જેમ દૃઢ વિશ્વાસથી પ્રાર્થના કરીએ છીએ. આપણા જીવનનાં કેન્દ્રસ્થાને પ્રભુ છે કે પછી...?

ઝખરિયા પુરોહિત તરીકે ધાર્મિક જીવન જીવતા હતા. ઈશ્વરની નજરમાં ધર્મિષ્ઠ હતાં. તેમને વૃદ્ધાવસ્થામાં પુત્ર અવતરે છે. સંતાનનું નામ પરિવારના સભ્યના નામ ઉપરથી પાડવાની પરંપરા પ્રમાણે ઝખરિયા પોતાના સંતાનનું નામ 'યોહાન' પાડે છે. જે ઈશ્વરની ઇચ્છા હોય છે. આમ ઝખરિયાના વ્યક્તિમાં પરંપરા અને રૂઢિ તોડવાની નીડરતા સાથે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા અને સમર્પણ જોવા મળે છે. ઝખરિયા કુટુંબ વત્સલ, પ્રેમાળ પતિ, પિતા જોવા મળે છે. ઝખરિયાના મૂલ્યો આપણને જીવનની ભૂમિકા ભજવતા કેવી રીતે ઉપયોગી થાય છે.

અંતે... ઈમાનુએલ એટલે ઈશ્વર આપણી સાથે છે. પ્રભુ ઈસુનો જન્મ એટલે પ્રભુ ઈસુનું આપણી પાસે હોવું, આપણા પરિવારમાં હોવું, નાતાલ એટલે પ્રભુ ઈસુનો આપણા વ્યક્તિત્વમાં સૂક્ષ્મ જન્મ લેવો. જો પ્રભુ ઈસુ મારામાં, મારા વાણી, વિચાર, વર્તનમાં હોય તો જ જીવનની ગમે તેવી પડકારજનક ભૂમિકા આપણે શ્રેષ્ઠ રીતે ભજવી શકીએ. પણ એ માટે આપણા જીવનમાં ઈસુની હાજરી હોવી જોઈએ. ઈસુ આપણી સાથે હોવો જોઈએ! શું ઈસુની હાજરી મારા જીવનમાં છે? ●

*અનુસંધાન પાન નં. ૨૮ પરથી.....*

તેણે વહેલી તકે નજીકના એ.આર.ટી. કેન્દ્ર પર જઈ નોંધણી કરાવવી જેથી તે ડોક્ટર અને કાઉન્સેલરની સલાહ-સૂચન પ્રમાણે વર્તે અને પોતાને અન્ય બીમારીઓથી દૂર રાખી શકે.

સગર્ભા માતા એચ.આઈ.વી. ગ્રસ્ત હોય તો તેને તરત જ એ.આર.ટી. દવાઓ ચાલુ કરી દેવામાં આવે છે. નવજાત બાળકને જન્મ બાદ તરત જ ૪૨ દિવસ સુધી પ્રવાહીરૂપે એ.આર.ટી. આપવામાં આવે છે જેથી નવજાત શિશુને એચ.આઈ.વી.ના ચેપથી બચાવી શકાય.

દરેક સિવિલ હોસ્પિટલમાં, સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એચ.આઈ.વી. પરીક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. ભારતમાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના આંકડા જોઈએ તો વર્ષ ૨૦૧૩-૧૪ના ૨૧,૦૦,૦૦૦ હતા અને ગુજરાતમાં માર્ચ ૨૦૧૫ સુધીમાં ૭૯, ૭૬૬ છે. આ આંકડાઓની માહિતી સરકારી દવાખાનાઓમાં નોંધાયેલાની જ છે. ખાનગી દવાખાનાઓમાં નોંધાયેલાઓની કોઈ માહિતી પ્રાપ્ય નથી. તેથી જ લાગે છે કે આ ફક્ત હિમશિલાની ટોચ માત્ર છે. સમસ્યા વિકટ છે. આપણા સૌની જવાબદારી બને છે કે આ આંકડાઓમાં વૃદ્ધિ ના થાય. ●



# ‘જાઓ...’

✍ બ્રધર અશ્વિન પાંડવ એસ.જે.

*‘મારામાં પ્રભુનો આત્મા ઊતરી આવ્યો છે, કારણ, તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને એટલા માટે મોકલ્યો છે કે હું દીનજનોને શુભસંદેશ સંભળાવું, બંદીવાનોને મુક્તિદાન, અને અંધજનોને દૃષ્ટિદાન જાહેર કરું, દલિતોને મુક્ત કરું, તેમ જ પ્રભુની કૃપાના વર્ષની ઘોષણા કરું.’ (લૂક ૪:૧૮-૧૯)*

આપણને આ દુનિયામાં મોકલવામાં આવ્યા છે જેથી આપણે આપણા જીવન દ્વારા શુભસંદેશની ઘોષણા કરીએ. મારા જીવન ઈતિહાસમાં નજર નાખતાં હું ચોક્કસ કહી શકું, કે મારા જીવનમાં ઈશ્વરનો ઘણો સાથ સહકાર રહેલો છે અને રહેશે. મારો જન્મ ભિલોડા ધર્મવિભાગના બુધરાસણ ગામે થયો. અમે બધાં આઠ ભાઈબહેનો હતાં પણ મારાથી નાનો ભાઈ ત્રણ વર્ષની ઉંમરે ઈશ્વરને વ્હાલો થઈ ગયો ત્યારે મારી ઉંમર છ વર્ષની હતી અને છ વર્ષ બાદ મારાથી મોટી બહેન બાર વર્ષ નાના ભાઈને રસ્તે ચાલી નીકળી. આજથી ચાર વર્ષ પહેલાં મારા પિતાશ્રીએ થોડાંક વર્ષો ધર્મશિક્ષક તરીકે સેવા આપીને છેલ્લો શ્વાસ છોડ્યો. આમ અમે પાંચ ભાઈઓ, એક બહેન અને મારી મા સાથે સાત સભ્યો જેમાં હું સૌથી નાનો પણ મારી ભાભીઓ, બનેવી અને તેમનાં સંતાનો સાથે મળીને ૨૭નો પરિવાર છે.

મારી ઉંમર તેર વર્ષની હતી ત્યારે મને ઈસુનો ઊંડો અનુભવ થયો એમ કહું તો એમાં કઈ ખોટું નથી. મારા ફેફસામાં પાણી ભરાઈ જવાથી પહેલી વખત મને અમદાવાદની વી.એસ. હોસ્પિટલનાં દર્શન કરાવવામાં આવ્યાં. મારી દેખરેખ માટે મારો ભાઈ ગણેશ અને બા બાપુજી ખેતીની પરવા કર્યા વગર હાજર હતાં. હાડપિંજર સિવાય કશુજ બાકી રહ્યું ન હતું. એક અડધો દિવસ હું બેભાન રહ્યો. જ્યારે મારી આંખો ખુલી તો મારા પિતાજી પ્રાર્થના કરતા મારી નજરમાં આવ્યા. જેમના શબ્દો હતાં :

“વ્હાલા ઈસુ આ તારું જ બાળક છે તેથી મારી ઇચ્છા પૂર્ણ થાઓ અને હું તમારા બેની વચ્ચે નહિ આવુ.” આ સાંભળ્યા બાદ મનમાં મારી પ્રાર્થના હતી, હે ઈસુ જો તું મને જીવન આપે તો હું તારી સેવામાં ખર્ચી નાખવા તૈયાર છું. આમ જ્યારે સાજોસમો થઈને પાછો હોસ્ટેલમાં ગયો ત્યારે સ્વ. ફાધર એન્થેની શંકુરીકલ જ્યારે મને જોતા તો કહેતા, પુનરુત્થાન પામેલો છોકરો. હું મનમાં કહેતો હું તો ઈસુના પુનરુત્થાનમાં માનું છું અને તેમને સોંપાયેલો છું.

હું નવમા ધોરણમાં ભણતો હતો ત્યારે પુરોહિત બનવાની ઇચ્છા એક ધર્મગુરુને કરી. તેમણે જવાબ આપ્યો, ફાધર બનવું એ તારા જેવાનું કામ નથી. એટલી બુદ્ધિ તારામાં નથી. આમ તેમનો નકારાત્મક જવાબ સાંભળીને હું તો આવાક જ બની ગયો. તેમાંથી બહાર નીકળવા મને સમય લાગ્યો.

એક દિવસ મારા નોવિસ માસ્ટરને મેં જણાવ્યું કે હું પુરોહિત બનવા લાયક હોઉં એવું મને લાગતું નથી તો જવાબમાં તેમણે કહ્યું તને લાગે છે કે હું લાયક છું? એમનો કહેવાનો મતલબ એવો હતો કે ઈશ્વર આપણને લાયક બનાવે છે. આમ મારો પોતા પરથી પરમેશ્વરમાં વિશ્વાસ વધતો ગયો. મારી કહેવાતી મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત મને ઈસુના ક્રૂસમાંથી મળવા લાગી. મારો ઈશ્વર માનવજાતની મુક્તિ ખાતર પોતાના જીવનું બલિદાન આપતા હોય તો મારી ફરજ બને છે કે મારાથી જે કાંઈ થાય એ કરવું જ રહ્યું. આ દુનિયામાં અનુભવાતું દુ:ખ એ જીવસૃષ્ટિનો અવિભાજ્ય ભાગ છે. કારણ વ્યક્તિના દુ:ખ માટે બીજી વ્યક્તિ જવાબદાર હોવાથી તેનો ઉકેલ માણસે જ લાવવાનો છે અને એટલે જ ઈશ્વરે આપણું સર્જન કર્યું છે. જેથી આપણે આ જગતમાં પ્રેમ, શાંતિ, એકતા, ન્યાય, માફી અને ભાઈચારા જેવાં મૂલ્યોની વૃદ્ધિ કરીએ. ધર્મવિદ્યાના અભ્યાસ દરમિયાન મારો નાતો ઈશ્વર સાથે વધુ મજબૂત બન્યો. તેમના વચનો ઉપર સતત વિચાર કરતા અને નવો સંબંધ બંધાયો સતત પ્રાર્થનાથી. ઈસુ સાથેનો મારો આ સંબંધ બીજી વ્યક્તિને, વ્યક્તિ તરીકે સ્વીકારવા મદદ થાય છે.

આમ આજે હું અચૂકપણે કહી શકું, “જો ઈશ્વરની હાકલ હોય તો તે નક્કર પરિસ્થિતિમાં જરૂર ફેરફાર થાય છે, જેના માટે જરૂરી છે સતત પ્રાર્થના અને ખંતની, જેના પરિણામે ઈશ્વરની અઢળક કૃપાઓનો અનુભવ અવિરતપણે થયા કરે છે.” હાકલ એટલે ઈશ્વરે આપેલા વરદાનની ઓળખ અને એ દિશામાં આગળ વધવું. માણસનું કામ છે આ હાકલને ઓળખવાની. માણસ કદાચ હોદ્દા માટે કામ કરે પણ ઈશ્વર આપણે કરેલી મહેનત ઉપર મદાર રાખે છે, જેમકે પેલા નોકરે દસ રૂપામહોર કરી હતી.

આપ સર્વને નાતાલની શુભેચ્છા સાથે ૨૬મી ડિસેમ્બર, શનિવાર સવારે ૧૦:૩૦ વાગે કેથોલિક ચર્ચ માંકરોડા ભિલોડા મુકામે અને ૨૭મી ડિસેમ્બર, રવિવાર ૧૦:૩૦ વાગે ફ્રાન્સિસ-દ-સેલ્સ ચર્ચ બુધરાસણમાં આમંત્રણ આપતા મારું અંતર પાંડવ પરિવાર સાથે આનંદથી છલકાઈ રહ્યું છે. આપ સર્વે તમારા પરિવાર સાથે આવી આ ઘડીને ધન્ય કરજો. ●




## ઓલીવીયા ક્રિએશન

લગ્નની મેક્ષી, કોમ્યુનિયન ફ્રોક, તથા
કોમ્યુનિયન સુટ (છોકરાઓ માટે) ફુલ સેટ.
રૂા.૩,૫૦૦/- થી શરૂઆત થાય છે.

**અંજના શૈલેષ (૯૮૭૯૧ ૮૧૩૪૮)**

૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ

## પ્લોટ વેચવાનો છે

૧૭૫ ચો.મી. જીસસ બંગલો,
૧૦૦ ફૂટ રોડ, આણંદ

**સંપર્ક: ૯૯૨૪૨ ૧૦૯૩૮**










## પ્રભુનો માનવ અવતાર

રાજા, તેની ઉંમરનાં અન્ય બાળકો કરતાં પ્રમાણમાં વધારે તોફાની હતો, એક દિવસ ઘરઆંગણથી દૂર ફળિયામાં રમતો હતો, રમતાં રમતાં તેનો દડો, ફરવા નીકળેલા એક દાદાને જોરથી વાગ્યો. દાદા ખૂબ જ ગુસ્સે થયા અને રાજાને પકડી બરાબર મેથીપાક આપ્યો.

આ પ્રસંગથી રાજાના દિલમાં અવળી અસર થઈ. તેના મનમાં રોષ હતો અને દાદાએ કરેલી ધોલાઈનો બદલો વાળવાની રાહ જોતો હતો. આગમનઋતુ પૂર્ણતાને આરે હતી અને ખ્રિસ્તીજયંતીના 'કેરલ સિંગિંગ'ના સૂરો ચારેકોર સંભળાતા હતા. પ્રત્યેક ધર્મવિભાગ, સંસ્થાઓ, તમામ વર્ગ નાતાલ પૂર્વેના સપ્તાહમાં ખ્રિસ્તજયંતીના આનંદની ઝાંખી કરી રહ્યાં હતાં.

રાજાના વર્ગશિક્ષિકા બહેને, વર્ગના વિદ્યાર્થીઓને નાતાલ ઉજવણીને કેવી રીતે અર્થપૂર્ણ બનાવવી તેની ઉદાહરણ સાથે સમજ આપી હતી. તેમણે ઉમેર્યું : 'આપણા તારણહાર ઈસુને જન્મદિવસની સર્વોત્તમ ભેટ શું હોઈ શકે? જેમણે આપણને હેરાન કર્યા હોય તેમને માફ કરી દઈ, પ્રેમાળ હૃદયની ભેટ આપણે ઈસુને આપી શકીએ?'

રાજાએ પોતાનાં માબાપ સાથે ખ્રિસ્તજયંતીના મધ્યરાત્રીના ખ્રિસ્તયજ્ઞમાં હાજરી આપી. ઘેર પહોંચ્યા પછી, સૌ પ્રથમ કામ રાજાએ કયું કર્યું હશે? પેલા વડીલ દાદાને આગ્રહ કરી, હાથ પકડી ઘેર દોરી લાવ્યો. દાદા તેમના ઘરના મહેમાન બન્યા. દાદાએ ક્રિસમસ કેક કાપી, એકબીજાને ખવડાવી અને ત્યાંજ દુશ્મનીનો અંત આવ્યો.

સઘળી નકારાત્મક બાબતને તિલાંજલિ આપો,
સમગ્ર હકારાત્મક બાબતથી આરંભ કરો.

આગમનઋતુ એ નાતાલની પૂર્વતૈયારીનો ગાળો છે. આગમનઋતુના પ્રથમ રવિવાર - આ વર્ષે ૨૯ નવેમ્બર, ૨૦૧૫થી નાતાલનો આનંદ અને નાતાલભેટની આપલે શરૂ થાય છે. ગરીબ અને જરૂરિયાતમંદને મદદ કરવા, રોજબરોજના ખર્ચમાંથી નાણાં બચાવવાં, આગમનઋતુની વિશેષ પ્રાર્થનામાં જોડાવું વગેરે પ્રવૃત્તિમાં જોતરીને, બાળકોને અંજલિનાં માબાપ નાતાલની યોગ્ય તૈયારી કરી રહ્યાં હતાં. અંજલિ, સારી અને ઉત્સાહી દીકરી હતી. તે મદદ કરવામાં, અન્ય કરતાં અનોખી હતી.

ખ્રિસ્તજયંતીના આગમનના ભણકારા વાગી રહ્યા હતા. એક દિવસ અંજલિ બજારમાં ખરીદી માટે ગઈ. ફળની દુકાન આગળથી પસાર થતાં ફણસ ખરીદવાની તેને ઇચ્છા થઈ. દુકાનદારને ભાવતાલ પૂછે તે પહેલાં જ તેણે જોયું કે તેઓ એક અપંગ વ્યક્તિ સાથે વાત કરી રહ્યા હતા. પેલા ભાઈ પાસે તો પૈસા ક્યાંથી હોય? દુકાનદાર, પેલા અપંગને આગળ જવા ધમકાવી રહ્યો હતો. અપંગની ઇચ્છા રસઝરતાં ફણસ ખાવાની હતી એટલે તેના પગ આગળ વધતા ન હતા.

અંજલિનું દિલ પીગળી ગયું, તેણે હાથમાંનાં નાણાં અપંગના હાથમાં મૂક્યાં અને નાતાલ ભેટ તરીકે મનભાવે તે ખરીદવા જણાવ્યું.

નાતાલ પર્વ એટલે આપવું.

## બાળઈસુને ત્રિવિધ ભેટ

માર્ગી જિદ્દી છોકરી હતી, તે ઇચ્છે તે કરીને જ જંપે. ગભાણ આગળ બેસી તેણે કહ્યું : 'હે બાળ ઈસુ, મને માફ કરો. તમે સ્વર્ગમાંથી ધરતી પર ઉતરી આવ્યા છો, મારું જિદ્દીપણું છોડી દઈશ મારી ભેટ સ્વીકારો.'

★

રાફાયેલ દંગલબાજ હતો, કોઈપણ જવાબદારી ઉપાડવા માટે તે જાતજાતનાં બહાનાં કાઢતો. ગભાણ સન્મુખ ઉભા રહેતાં તેણે કહ્યું : 'હું જવાબદારીથી પલાયન થઈશ નહિ, જવાબદારી ઉપાડવાની મારી ઉત્સુકતા, આજે હે બાળઈસુ, જન્મદિવસની ભેટ તરીકે અર્પુ છું.'

★



રાહેલ સ્વભાવે ગમગીન અને દુઃખી હતી. વાતવાતમાં તેને વાંકુ પડે. તે કોઈપણ બાબત માટે કાં તો પોતાને અથવા બીજાને દોષિત ગણાવે! ગભાણમાં બાળઈસુને જોતાં જ તેના મનમાં પ્રેરણા જાગી : ‘ગભાણમાં પોઢેલા બાળઈસુ, મારી ઉદાસીનતા છોડી દઉં છું. મારામાં અને બીજામાં આશા સંકોરવાની ભેટ તમારા ચરણોમાં ધરું છું.’

★

એ મઝાનો દિવસ હતો. રાજન અને રેહાના નૌકાવિહાર માટે ગયાં. સૂર્યના કોમળ તડકામાં, દરિયાની સહેલગાહ આનંદપ્રદ હતી. કેટકેટલી વાતો તેમણે કરી. તેઓ દરિયાકિનારાથી ઘણે દૂર નીકળી ગયાં. રેહાનાએ કહ્યું : ‘રાજન, આપણે બહુ દૂર આવી ગયાં, ચાલો પાછાં વળીએ.’ રાજને, રેહાનાનું કહ્યું માન્યું. બન્નેએ દરિયાકિનારા તરફ પાછું પ્રયાણ શરૂ કર્યું, ઓચિંતા જ હવામાનમાં પલટો આવ્યો. આકાશમાં કાળાં વાદળ ઉમટી પડ્યાં. તોફાની વાયરો નૌકાને થપાટો મારવા લાગ્યો. દરિયાનાં મોજાંથી હોડી છલકાઈ ગઈ. હવે દરિયામાં કૂદી પડવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો.

બરાબર એ જ સમયે લાકડાનું એક પાટિયું દરિયાની સપાટી પર તેમણે જોયું, બન્ને પાટિયા પર કૂદી પડ્યાં અને જોરથી પકડી રાખ્યું, પણ પાટિયું એક જ વ્યક્તિનો ભાર વહન કરી શકે તેવું પાતળું હતું. ફક્ત એક જ જણ બચી શકે.

રેહાનાએ કહ્યું : ‘રાજન, તું પાટિયાને બરાબર પકડી રાખ. તેં લગ્ન કર્યાં છે, તારું કુટુંબ તારી પર નિર્ભર છે.’ રાજને પ્રત્યુત્તર વાળ્યો : ‘રેહાના તારા ઘરમાં ઘરડાં બા અને નાની બહેન છે, તારું જીવન બચવું જોઈએ.’

**રેહાનાએ કહ્યું :** ‘જો હું ડૂબી જાઉં તો તું મારા ઘરની દરકાર કરી શકે છે પણ તારી ગેરહાજરીમાં તારા ઘરની કાળજી લેવી લગભગ અશક્ય છે.’ કહેતાંની સાથે રેહાનાએ પાટિયું છોડી દીધું, દરિયાના મોજાના ઝપેટમાં તે વિલીન થઈ ગઈ. રાજન બચી ગયો. તેણે પોતાના અને રેહાનાના પરિવારની સંભાળ રાખી.








– દિલોજાન દોસ્તી, પવિત્ર બલિદાન માંગે છે.
– ઈસુનો જન્મ, માનવજાત માટે મહામૂલું બલિદાન છે.

આગળ જુઓ, આજુબાજુ જુઓ, અસંખ્ય તારાગણ! તેઓ આશાના પ્રેરક છે. નીલવર્ણું આકાશ, ઊંડી આધ્યાત્મિકતા સૂચવે છે. પરમાર્થી જીવન માટે તે આમંત્રણ પાઠવે છે. આકાશનાં વાદળ, આપવાનો આનંદ શીખવે છે. પડકાર આપતા પહાડો, સાહસિક બનવા લલકારે છે. ઝાડવાં, છોડવાં અને વલરીઓનાં જીવન આપણા જીવન માટે પ્રેરણારૂપ છે. ફળ પ્રભુની સુંદરતા ગૂંથે છે. સ્ત્રી, પુરુષ અને બાળકો પરમેશ્વરનાં પ્રતિમૂર્તિ છે. આ તમામ સદ્‌ગુણો અને શક્તિઓનો અખંડ અને આદર્શ બેથલેહેમના બાળઈસુમાં પરિપૂર્ણ થાય છે. આ દૈવી બાળક, દુનિયાની આશા અને જીવન છે.

કિશોરમિત્રો,
આપ સૌને આનંદી નાતાલ તથા નૂતનવર્ષનાં અભિનંદન.
મોટેરાંઓને આપે પાયલાગણ કરી આશીર્વાદ મેળવજો.

**– રાજેશ ક્રિશ્ચિયન**



# પવિત્ર કુટુંબ

✍ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ

*મદદનીશ શિક્ષક, સરદાર પટેલ વિનય મંદિર, વાસદ*

આપણી આજુબાજુ નજર કરતાં આપણા ધર્મવિભાગામાં કે ધર્મસભામાં ઘણા કુટુંબો છે, પણ તેઓ પવિત્ર છે ખરા? આ પ્રશ્ન વિચાર માગે તેવો છે. આપણા ધર્મવિભાગમાં ધાર્મિક કુટુંબો છે, નિયમિત ચર્ચમાં જઈ, દેવળનું કામ કરનારા, ધર્મના રીતરિવાજ પાળતા કુટુંબો છે પણ પવિત્ર કુટુંબ ક્યાં? આજે આપણે પવિત્ર કુટુંબ શોધવાનો પ્રયાસ કરીએ. સૌ પ્રથમ પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે પવિત્ર કુટુંબ એટલે કેવું કુટુંબ? તે કુટુંબ કેવા કાર્યો કરે, તેનાથી સમાજ કે ધર્મસભાને શો ફાયદો થાય, તેની ઉપસ્થિતિથી આપણામાં કેવાં ભાવ જન્મે, આપણને તેમાંથી કેવા પ્રકારની પ્રેરણા મળે? બધાં જ સવાલોનો એક જ જવાબ છે પવિત્ર મરિયમ, સંત જોસેફ અને તેમના પુત્ર પવિત્ર ઈસુનું કુટુંબ આપણે તેમને યાદ કરીએ છીએ કારણ એટલું જ કે તેઓ પોતાની ઇચ્છા મુજબ નહિ પણ પરમેશ્વરની ઇચ્છા મુજબ જીવ્યા હતા. આમ પવિત્ર કુટુંબનું સર્વ પ્રથમ લક્ષણ છે પરમેશ્વરની ઇચ્છાને માન આપવું ને તે પ્રમાણે વર્તવું. જે પરમેશ્વરની ઇચ્છાને માન આપે છે તેની બધી જ ઇચ્છા પરમેશ્વર પૂરી કરે છે.



આજના ઈન્ટરનેટના યુગમાં કુટુંબમાં ટી.વી., મોબાઈલ, લેપટોપ છે. પરિણામે મજા છે, આનંદ નથી. જે કુટુંબમાં મજા હોય પણ આનંદ ન હોય તેને પવિત્ર કુટુંબ કહી શકાય? મારા મતે ના. કારણ કે મજા ખરીદી શકાય છે, આનંદ નહિ. આનંદ પ્રાપ્ત કરી શકાય છે. તમે ફક્ત એક જ વખત તમારા મનની વાત માનજો અથવા કોઈ જરૂરિયાતમંદને મદદ કરજો, તમારા સ્વાર્થની પરવા કર્યા વગર, તમે જતું કરીને તેને સુખ આપવાનો પ્રયત્ન કરજો. પછી જો જો, તમારા જીવનમાં પરમેશ્વર કેવી રીતે આનંદ પ્રગટાવે છે. ઈશ્વર આપણા કુટુંબને પવિત્રતા તરફ દોરી જવા માગે છે માત્ર આપણે ઈશ્વરના સાયુજ્યમાં ચાલવાની જરૂર છે.

પરિવારમાં આપણે 'ટાંટિયા ખેંચ'ની પ્રવૃત્તિ કરીએ છીએ બીજાને આગળ જવા દેતા નથી. લોકોની નિંદામાં, લોકોના દોષો જોવામાં આપણે સમય વ્યતિત કરીએ છીએ. મેં જોયું છે કે આપણે કામ કરતાં નથી પરંતુ બીજાના કરેલ કાર્યની ભૂલો શોધીએ છીએ, એથી ઓછું હોય તેમ સલાહ આપવા માંડીએ છીએ. પવિત્ર કુટુંબનું આ લક્ષણ હોઈ શકે ખરું? આપણી જાતને પ્રશ્ન પૂછીએ, અને જવાબ મેળવીએ કે આપણે ક્યાં છીએ?

નિયમિત પરમપૂજામાં ભાગ લેવાથી, રાત્રે સાથે ભોજન અને પ્રાર્થના કરવાથી કે દાન આપવાથી, ચર્ચનું થોડું કાર્ય કરવાથી કે પુરોહિતોને મદદરૂપ થવાથી આપણું કુટુંબ પવિત્ર બની જતું નથી. પવિત્ર કુટુંબ બનવા માટે માતા મરિયમ જેવી નમ્રતા, પવિત્ર જોસેફની જેમ આજ્ઞાપાલનતા અને ભગવાન ઈસુની જેમ મદદ કરવાની ભાવના અને ક્ષમા આપવાની ઉદારતા કેળવવી જોઈએ. આ ગુણો આપણા કુટુંબમાં આવે તો પવિત્ર કુટુંબ બની શકે. શું મારું કુટુંબ પવિત્ર છે?

આપણે સૌ પામર મનુષ્યો "ફટાકિયા મોતી" જેવા છીએ જે ગમે ત્યારે તૂટી શકે છે. આપણે સમાજમાં જીવતા હોવાથી ક્યારેક કમને ખોટાં નિર્ણયો લઈએ છીએ પરિણામે "પવિત્ર કુટુંબ"ની પરિભાષામાંથી આપણું કુટુંબ રહી જાય છે. મને એક ભાઈએ કહ્યું, "ખરેખર, તમારું કુટુંબ પવિત્ર છે." મેં કહ્યું - "ના". કારણ કે માત્ર બાહ્ય આચાર-વિચાર કરવાથી મારું કુટુંબ પવિત્ર બનતું નથી. કારણ કે હજુ પણ મારા મનમાં છ શત્રુઓ પડેલા છે, મારા ઘરે પ્રાર્થના થાય છે પણ માત્ર "પોપટ"ની જેમ. વાતચીત થાય છે પણ સંવાદ થતો નથી, ટી.વી., મોબાઈલ માટે સમય છે પણ એકબીજા માટે નથી, દયાના ભાવ જન્મે છે પણ દયાનો ભાવ અમલમાં મૂકી શકાતો નથી, નમ્રતાનો ગુણ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરું છું પણ લોકો 'ગાંડો' કહેશે એ વિચારે પાછો પડુ છું, બીજાનું ભલુ કરવાનું ઇચ્છું છું પણ ઘરની ચિંતામાં તે ભૂલી જાઉં છું. બીજા પાસે માફી માગું છું પણ સ્નેહીજનોને માફ કરી શકતો નથી. આ બધું હોવાથી મારું કુટુંબ પવિત્ર નથી. અલબત હું પવિત્ર કુટુંબ બનાવવા પ્રયત્ન કરું છું. એ આશાએ કે ઈશ્વર ચોક્કસ સફળતા આપશે.

સંત જોસેફના પરિવારને ધ્યાનમાં રાખીને આપણે પવિત્ર કુટુંબ બનાવવા પ્રયત્ન કરીએ. ઈશ્વરના સાંનિધ્યમાં જઈ, તેમના જીવનપંથ પર ચાલી, પોતાનામાં પરિવર્તન લાવી આપણા બાળકોને પરમેશ્વર સમીપ લઈ જઈ પવિત્રતાનો પ્રસાદ મેળવીએ—

"ઈસુ મારીઆ, યોસેફ સા'ય કરજો અમે સહુને સદાય
કુટુંબ તમારું પવિત્ર પ્યારું ઉત્તમ જગની માંય;
એવું કરજો કુટુંબ અમારું માગીએ લાગી પાય." ●





# પશ્ચાતાપ

✍ ઈન્દુ રાવ

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

દિવ્યાની કૂખે ત્રીજુ બાળક અવતરવાનું હતું. એનાં બેઉં નાનકડાં માસૂમ બાળકોની ખુશીનો કોઈ પાર નહોતો. દિવ્યાની ગેરહાજરીમાં બાળકોની સાર-સંભાળ રાખતા રીતેશે ઘરનું રિનોવેશન કરવાનું કામ પણ શરૂ કરાવ્યું હતું. ક્રિસમસની આડે બરાબર બે મહિના બાકી હતા. રીતેશના ઘરમાં ધામધૂમપૂર્વક ક્રિસમસની તૈયારીઓ ચાલી રહી હતી. તેય દિવ્યાની અનુપસ્થિતિમાં, ગૃહિણીની ગેરહાજરીમાં! આથી પાસપડોશમાં રહેતાં સૌ અંદરોઅંદર ગુસપુસ કરતાં કરતાંય રીતેશને દિવ્યાની ખબર-અંતર પૂછતાં રહેતાં હતાં.

છેલ્લા સાતેક મહિનાથી દિવ્યાની તબિયત અત્યંત નાજુક હોવાથી તે હોસ્પિટલમાં હતી. રીતેશ ઘરકામની સાથે બંને બાળકોની પ્રેમપૂર્વક સંભાળ રાખી રહ્યો હતો. તદુપરાંત હવે ઘરને નવો ઓપ આપવા તેણે છત પર સુંદર પી.ઓ.પી કરાવીને, દીવાલોને આકર્ષક રંગોથી રંગાવીને, અવનવી લાઈટ અને ફોટોફ્રેમથી સજાવડાવ્યું. એટલું જ નહીં નવી નવી ચીજવસ્તુઓની ખરીદી કરીને આખા ઘરની તાસીર જ બદલી નાખી. એને એની વહાલી પત્ની દિવ્યાને મોટી સરપ્રાઈઝ આપવી હતી. રીતેશ દિવ્યાની સુંદર ઘરની મંછા પૂર્ણ કરવા એને અઢળક ખુશી આપવા મથી રહ્યો હતો.

દિવ્યાની નાનકડી બોલકી છોકરી 'ખુશી' પોતાના બાળમિત્રોને કહેતી, "જોજોને, આ વર્ષે છે ને, ક્રિસમસના દિવસે જ અમારા ઘરે નાનકડા 'બાળઈસુ' પધારવાના છે! મારી મમ્મી દવાખાનામાંથી બાળઈસુને લઈને ઘેર આવવાની છે." વળી ખુશી એ રીતે વાતો કરતી હતી કે એના બાળમિત્રોય ખુશીની મમ્મીની આતુરતાપૂર્વક, કાગડોળે રાહ જોઈ રહ્યાં હતાં. તેમને બાળઈસુને જોવાની ઉત્સુકતા હતી.

ક્રિસમસના દિવસે જ દિવ્યા હોસ્પિટલમાંથી પાછી આવી પણ ખાલી હાથે! નાના બાળઈસુ વિના! નાનકડી ખુશીનું મ્હોં તુરંત વિલાઈ ગયું. દિવ્યાને એ વળગી પડી. દિવ્યાની રડી-રડીને સૂજી ગયેલી લાલચોળ આંખો જોઈને પાડોશીઓ દિવ્યાની ખબર પૂછતાં કહેવાં લાગ્યાં, 'દિવ્યા, પ્રભુને ગમ્યું તે ખરું! પ્રભુએ તારી કૂખે પૂરા મહિને સંતાન આપીને પાછું લઈ લીધું એનું તને ભારે દુઃખ થાય પણ એ આપણા હાથની વાત નથીને. દુઃખી ના થઈશ. પ્રભુએ તને સુંદર મજાનાં બે બાળકોની ભેટ આપેલી છે. એમને જોઈને તારું દુઃખ વિસારે પાડ.' દિવ્યા પડોશીઓની વાત મૌન રહીને સાંભળતી. એની આંખોમાંથી આંસુઓની ધાર વહેતી રહેતી. એ મૂંગીમંતર બની ગઈ હતી.

દિવ્યા થોડાં દિવસોમાં ઘરમાં હરતી-ફરતી થઈ ખરી પણ સુનમૂન પૂતળાંની જેમ! જાણે એના દેહમાંથી સઘળી ચેતના હણાઈ ગઈ હોય તેમ! એની રાત-દિનની નિંદર વેરણ બની ગઈ હતી. એનાં બેઉ બાળક અને આનંદ-પ્રેમથી કિલ્લોલ કરતાં વળગતાં તોય એ જાણે બીજી કોઈ દુનિયામાં ખોવાઈ ગઈ હોય તેમ સ્તબ્ધ થઈ જતી. બાવરી બની જતી, એની સ્થિર કીકીઓમાં નર્યો ખાલીપો, શૂન્યતા છવાઈ જતાં હતાં. દિવ્યામાં થઈ ગયેલા આમૂલ પરિવર્તનથી રીતેશ ખૂબ ગભરાઈ ગયો. એને દિવ્યાની ભારે ચિંતા થવી લાગી.

રીતેશ દિવ્યાને ખુશ રાખવા અથાગ પ્રયત્નો કરવા લાગ્યો. તેને પહેલાં જેવી જ દિવ્યા જોઈતી હતી. હરણાંની જેમ દોડતી, હસતી સદા ખુશખુશાલ! એ માટેની મથામણ કરતાં તે બોલ્યા, 'દિવ્યા, આપણાં નવા રિનોવેશન થયેલા ઘરને જોઈને તને જરાય ખુશી નથી થતી?! તારા થકી આ બધું શક્ય બન્યું છે. એનો તને જરાય આનંદ થતો નથી? તેં આપણાં નાનકડા કુટુંબને સુખી કરવા, આર્થિક રીતે સદ્ધર કરવા શું શું નથી વેઠ્યું? હકીકતમાં મારી ઓછી આવકને કારણે જ... સાચે જ દેવું, હું તારો ખૂબ ખૂબ આભારી છું. હું તારો ઋણી છું.'

'રીતુ, સાચે એનો જ મને ભાર લાગી રહ્યો છે. તું મારી મનોદશા ક્યારેય નહીં સમજી શકે. તને ખબર છે આપણા ઘરની નવી રંગીન દીવાલો મૂંગી મૂંગી મારો ઉપહાસ કરી રહી છે. ઘરની એકેએક નવી ચીજ-વસ્તુઓ મારી સામે અદૃશ્ય રીતે મારી અવહેલના કરે છે. તું, એક સ્ત્રીની આંતર વ્યથા નહીં જાણી શકે. જે સ્ત્રી પોતાના ઉદરમાં નવ મહિના સુધી જે ગર્ભને પાંગરવા દે છે, એનો નાભિ-નાળ સાથે બંધાયેલો જોડાયેલો સંબંધ આજીવન અન્યોન્ય એકબીજાને પ્રેમ-મમતાના બંધનમાં કાયમી બાંધી રાખે છે. પોતાના લોહી-માંસથી રચાયેલ પિંડને પૂર્ણ બાલસ્વરૂપે દુનિયામાં અવતરણ કરાવીને તે અજાણ્યા હાથોમાં સોંપતી વખતે જે પીડા થાય, જે વેદના અનુભવાય તે ફક્ત મારા જેવી અભાગી સ્ત્રી જ સમજી શકે.

આપણા કુટુંબની આર્થિક સ્થિતિ સુધારવાના મોહમાં, લાલચ-લોભમાં, ખરું કહું તો આ દેખા-દેખીમાં કચવાતા મને મેં મારી કૂખ અન્યના બાળક માટે ભાડે આપી ખરી, પરંતુ એ નવ મહિના મેં કેમના ગુજાર્યા છે રીતુ, એ સમયની મારી મનોસ્થિતિની તને ખબર છે? પંડનાં બાળકોને લાંબો સમય વિખૂટાં પાડીને મારા પ્રેમથી તથા એમને યોગ્ય સાર-સંભાળથી વંચિત રાખીને માત્રને માત્ર પૈસા ખાતર સ્વાર્થી બનીને અન્યના પિંડને પાળ્યો-પોષ્યો પણ છેવટે એય મારું જ બાળક કહેવાયને?! એ નાનકડા જીવને અત્યારે મારા પ્રેમની, મારા દૂધની, મારી માવજતની જરૂર છે ત્યારે એને મેં એર નિર્જિત વસ્તુની જેમ સોંપી દીધો. હું કેવી દુર્ભાગી જન્મદાત્રી છું. વળી મારે એ બાળકને હવે ક્યારે જોવાનું નહીં. એનું પ્રથમ રૂદન મારા કાનોમાં પડઘા પાડી રહ્યું છે. કેવી અભાગણી મા છું હું! પોતાના સ્વાર્થમાં અંધ બનેલી મા! રીતેશ, માતૃત્વ વહેંચાય, કદી એનું વેચાણ ન થાય! મારો ભગવાન મને ક્યારેય, કદીયે માફ નહીં કરે! રીતુ, તું મને એવી કોઈ જડી બુટ્ટી લઈ આપ કે હું આ બધું ભૂલી જાઉં. નહીંતર કદાચને... આપણા ઘરની રંગીન દીવાલો મને પાગલ બનાવી દેશે. પેલો દીવાલ પર ટીંગાડેલો પવિત્ર કુટુંબનો સુંદર ફોટો રીતુ, મહેરબાની કરીને ઉંધો કરી દેને! એની દિવ્યતા મારા હૈયાંને દઝાડી રહી છે. મને મારું જીવન અકારું થઈ પડ્યું છે. નિષ્કલંક

જીવનધારણ કરનારી બાળઈસુની જન્મદાત્રી માતા મરિયમ આગળ આપણે પ્રભુ ઈસુ મને માફ કરી દે તેવી વિનંતી કરી શકીએ? તું મને સદા સાથ આપશેને? રીતુ, મા આપણા બેઉની અરજ લેખામાં લેશેને? માની વિનંતીથી પ્રભુ ઈસુ મને માફ કરશે?'

દિવ્યા મોટે મોટેથી કલ્પાંત કરતી હૈયાંફાટ રડવા લાગી. રીતેશ અવાચક બની ગયો હતો. તેને શું બોલવું તે સૂઝતું નહોતું. જરાક કળ વળતાં તે દિવ્યાની પીઠ પ્રેમપૂર્વક પસવારતાં બોલ્યો, 'પ્રભુ ઈસુ બહુ ઉદાર છે. દેવુ, એ તો ભલાઈ-દયાનો ભંડાર છે. આપણે બંને ખરા અંતઃકરણથી પસ્તાવાનું પ્રાયશ્ચિત કરીશું કારણ આપણે બંને આ કાર્યનાં સરખાં ભાગીદાર છીએ. મેં તને પ્રોત્સાહિત કરવામાં કશીયે પાછી પાની કરી નહોતી. જો કે એ ખરું કે ત્યારે આપણા બેઉના મનમાં એક સારો વિચાર ઘર કરી ગયો હકો કે 'આપણે એક નિઃસંતાન દંપતીને સંતાન સુખ આપીશું એટલે આપણો પ્રભુ આપણી ઉપર રાજી રહેશે.' મારી આંખો પર ધનલાલસાનાં એવાં પડળ બંધાઈ ગયાં હતાં કે મને સ્વપ્નાં પણ આપણે ભવિષ્યમાં સુખ-સંપન્ન થઈને મઝાથી સંસારસુખ માણીશું એવાં જ સ્વપ્નો આવતાં હતાં. દેવુ, પ્રભુ સમક્ષ તારા કરતાં વધારે મોટો અપરાધી હું છું. એ પહેલાં તારો અપરાધી. એટલે પહેલાં તારે મને માફ કરવો પડશે. હું આર્થિક રીતે કુટુંબને સુખી રાખવા સક્ષમ હોત તો તારે... તું મને માફ કરીશને દેવુ? પડોશના રેડિયોમાંથી સૂર રેલાઈ રહ્યા હતા :

"હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે;
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે." ●

## 55th Happy Birthday

Happy 55th Birthday
to the most
handsome man,
Our Daddy.

An understanding heart, a source of strength and support right from the very start, all of it defines my Father.

We love you Daddy to the moon and back.



**Mr. Richard Macwan**
8.12.1960 - 8.12.2015

***Gerald and Cinderella***

# હાર્દિક શુભેચ્છા



ઈશ્વરપિતાની મહાનકૃપાથી મારાં ધર્મપત્ની અને બાળકોનાં વ્હાલાં મમ્મી તથા અમારાં નાનાં ભુલકાંઓનાં દાદી **શ્રીમતી લલિતાબેન જયાનંદ ગોહિલ** શિક્ષિકા તરીકેની ૩૬ વર્ષની સરકારી સેવા બજાવી તા. ૩૧-૧૦-૨૦૧૫ના રોજ પે સેન્ટર શાળા, જુનાબિલોદરા, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા ખાતેથી સુખરૂપ વયનિવૃત્ત થયેલ છે ત્યારે અમો સૌ હૃદયના ઊંડાણથી પરમેશ્વર પિતાનો આભાર માનતાં તેમને અભિનંદન તથા શુભેચ્છા પાઠવીએ છીએ.

અમારી સૌની હૃદયપૂર્વકની પ્રાર્થના છે કે, હવે પછી નિવૃત્તિના સમયમાં તેમના પ્રત્યેક દિવસો ખૂબજ આનંદમાં, સંપૂર્ણ તંદુરસ્તભર્યા બની રહે. પરમેશ્વર તેમને દીર્ઘાયુષ બક્ષે. વળી સૃષ્ટિના સર્જનહાર તેમના હકમાં તેમના તમામ મનોરથો પૂર્ણ કરે એવી અમો સૌની પ્રાર્થના સહિતની હાર્દિક શુભેચ્છા છે.

**-: શુભેચ્છા સહ :-**

જયાનંદ એ. ગોહિલ - પતિ
મનીષા - વિજય (દીકરી-જમાઈ) ધવલ-કેરેન
આશિષ - શિલ્પા (પુત્ર - પુત્રવધૂ) પ્રેરિત-પ્રેયર, અભિષેક - હેતસ્વી (પુત્ર - પુત્રવધૂ) આરવ

*૯૭, નવદીપ નગર સોસાયટી, પવનચક્કી રોડ, નડીયાદ - ૩૮૭૦૦૨*
*જિલ્લો. ખેડા (ગુજરાત) મો. ૮૪૬૯૭ ૩૫૬૪૯, ૯૭૨૬૯ ૯૭૨૪૧*



# શ્રી સ્વામી ચિદાનંદની દૃષ્ટિએ ઈસુ

✍ ડૉ. થોમસ પરમાર

*પૂર્વ તંત્રીશ્રી 'દૂત'*

દિવ્ય જીવન સંઘ (The Divine Life Society) યોગવિદ્યાનું શિક્ષણ આપતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. તેની સ્થાપના યોગવિદ્યાના મહાન પ્રચારક અને આદર્શ સંન્યાસી શ્રી શિવાનંદ સ્વામીએ ૧૯૩૬માં કરી હતી. આ સંસ્થા ઉત્તરાખંડમાં ઋષિકેશમાં ગંગાના તટે મુન કી રેતી પાસે આવેલી છે. તેની શાખાઓ ભારતમાં અને દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, કેનેડા વગેરે દેશોમાં આવેલી છે. સ્વામી ચિદાનંદનો જન્મ તા. ૨૪-૦૯-૧૯૧૬માં થયો હતો. તેઓ સ્વામી શિવાનંદના શિષ્ય હતા. જનસેવાને પ્રભુસેવા માની રક્તપિત્ત જેવા ચેપી રોગોથી પીડાતા દર્દીઓની સેવા કરી. આશ્રમમાં યોગ મ્યુઝિયમ બનાવ્યું. યોગ વેદાંત અરણ્ય એકેડેમીના ઉપકુલપતિ બન્યા. ૧૯૬૩ થી ૨૦૦૧ સુધી દિવ્ય જીવન સંઘના પ્રમુખ તરીકે સેવાઓ આપીને સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. તા. ૨૮-૮-૨૦૦૮ના રોજ તેમનું મહાનિર્વાણ થયું. હાલ તેઓશ્રીના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી થઈ રહી છે.

કોલેજનું શિક્ષણ તેમણે ચેન્નઈની લોયોલા કોલેજમાં લીધું હતું અને બી.એ. થયા હતા. તેમનું વિદ્યાર્થી જીવન મોટા ભાગે ખ્રિસ્તી ધર્મની શૈક્ષણિક સંસ્થાઓમાં જ વ્યતીત થયું હતું તેથી ખ્રિસ્તી ધર્મનો તેમના વ્યક્તિગત જીવનમાં ઘણો પ્રભાવ પડ્યો. તેમના હૃદયમાં પ્રભુ ઈસુ, ઈસુના દેવદૂતો તથા ખ્રિસ્તી સંતોના ભવ્ય આદર્શોનું હિંદુ સંસ્કૃતિના તત્ત્વો સાથે એક સુંદર સુરેખ ઐક્ય થયું હતું. બાઈબલનો સ્વાધ્યાય તેઓ દરરોજ કરતા હતા. એટલું જ નહિ પણ બાઈબલનો અભ્યાસ તેમના માટે ભાગવતીય જીવન હતું. બાઈબલનું જ્ઞાન તેમના જીવનમાં તેટલું જ જીવંત હતું જેટલું વેદ, ઉપનિષદ અને ગીતાનું જ્ઞાન હતું. તેઓ ભગવાન વિષ્ણુના જેટલા ભક્ત હતા તેટલા જ ઈસુખ્રિસ્તના ભક્ત હતા.

તેઓશ્રી ૧૯-૦૨-૧૯૫૯ના રોજ વડાધર્મગુરુ પોલ છઠ્ઠાને મળવા રોમ ગયા હતા. સ્વામીજીએ પોતાના ઘૂંટણો પર બેસી પાશ્ચાત્ય પરંપરા પ્રમાણે વડાધર્મગુરુનું અભિવાદન કર્યું હતું. ત્યારે વડાધર્મગુરુએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, 'મહાન ઈસુખ્રિસ્ત આપને આપના પવિત્ર કાર્ય કરવામાં યશ આપો.' સ્વામીશ્રી રોજ સવારે પ્રાર્થના વખતે, વિશિષ્ટ પ્રસંગો અને તહેવારના દિવસોમાં પ્રવચન આપતા. આમાંના કેટલાંક પ્રવચનમાં તેઓશ્રીએ ઈસુ વિશે અને ખ્રિસ્તીધર્મ વિશે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા, તે દ્વારા ઈસુ વિશેની તેઓશ્રીની દૃષ્ટિ જાણી શકાય છે.

એક નાતાલની પૂર્વ સંધ્યાએ તેઓ પ્રવચનમાં ઈસુનો ઉપદેશ ટાંકે છે : "સૌથી પહેલાં તું સ્વર્ગનું સામ્રાજ્ય ખોળ" અને "જો સમસ્ત જગતની પ્રાપ્તિ થાય પણ માણસ પોતાનો આત્મા જ ખોઈ બેસે, તો તેથી માણસને શું લાભ થાય?" તેમણે જાહેર કર્યું કે, ઈશ્વર પ્રાપ્તિ તથા માનવની કેન્દ્રીય નિયતિની પૂર્ણતાના મહાન લક્ષ્યની પ્રાપ્તિ - આ બન્ને વાતની સરખામણીમાં બીજી બધી વસ્તુઓને ગૌણ ગણો.



તમારા પૂરા હૃદયથી, તમારા પૂર્ણ મનથી, તમારી સમગ્ર જાતથી ભગવાનનું ભજન કરવાનો તેઓનો (ઈસુનો) મહાન આદેશ છે. તમારું જીવન અખંડ આત્માથી કરેલું ભજન બની રહે. તેઓએ આ ઉદ્‌ઘોષણા કરી, એટલું જ નહિ, આ બાબતે ઉપદેશ આપ્યો અને જાતે તેને અનુરૂપ જીવન જીવ્યા. ભલું કરવામાં, બીજાઓને મદદ કરવામાં, દુઃખદર્દ ઘટાડવામાં નિરંતર લાગ્યા રહેતા. સાથોસાથ અંતરથી ભગવાનમાં તેમનાં મૂળ કાયમી લાગેલાં રહેતા.

શબ્દશઃ તેઓ જીવ્યા, હર્યાફર્યા અને ઈશ્વરમાં વસી રહ્યા. ગીતાના જ્ઞાનોપદેશનો તેઓ જીવંત નિષ્કર્ષ હતા. આપણે તેમનામાં ગીતાજ્ઞાનની મૂર્તિ, ગીતા યોગની પ્રતિકૃતિ નિહાળીએ છીએ. ઈશ્વરમાં મૂળ નાખી, સાથીઓને મદદરૂપ થાઓ. તેમણે આવું શીખવ્યું અને કહ્યું કે, આ રીતનું રહસ્ય એ છે કે સતત આંતરિક પ્રાર્થનાની અવસ્થા બની રહેવી જોઈએ.

ઈસુએ પ્રવૃત્તિની સાથોસાથ ઈશ્વરને કેન્દ્રમાં રાખીને જીવવાનો યોગ આપણને શીખવ્યો. આજ પ્રવચનમાં તેઓશ્રી 'હે અમારા બાપ...' પ્રાર્થનો ઉલ્લેખ કરે છે :

હે અમારા પિતા, તું સ્વર્ગમાં બેઠો છે  
તારું નામ રોશન થાવ, તારું સામ્રાજ્ય પ્રવર્તો,  
સ્વર્ગની માફક પૃથ્વી પર પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ.  
આજે અમને ભૂખ્યાં ન સુવાડજે,  
અમે જેમ અમારા દેણદારોને માફ કર્યા છે  
તેમ તું અમને માફ કરજે.  
અમને પ્રલોભનોમાં માગદર્શન આપજે,  
અમને અનિષ્ટ તત્ત્વોથી બચાવજે.

"તારું સામ્રાજ્ય પ્રવર્તો" એટલે અમારાં હૃદયમાં તારું સામ્રાજ્ય સ્થપાય. તું અમારા દિલ પર કાબૂ જમાવ, બીજું કશું નહિ. સ્થૂલ વાસનાઓ, સ્વાર્થવૃત્તિઓ, દુન્યવી ભાવનાઓ, લાલસાઓ નહિ, પણ તું અમારા હૃદયનો સ્વામી બન. ભગવાનને પોકાર છે : મારા પર શાસન કરો, મારા જીવનને દિશા આપો. મારું કેન્દ્ર બનો. મારો અહ્મ નહિ, મારાં અજ્ઞાન અને અવિચાર નહિ પરંતુ તારું ડહાપણ, તારો પ્રકાશ, તારી દિવ્યતા જ ફક્ત પ્રબળ રહે. આ રીતે હું ઈશ્વરથી ભરપૂર થાઉં, હું તારાથી ભરપૂર થાઉં, દિવ્યતા મારામાં છલોછલ ભરાય.

આ મહાન ગુરુના અવતરણની પૂર્વ સંધ્યાએ, ચાલો, તેના ઉપદેશને જાણવા, મૂલ્યાંકન કરવા અને સમજવા પ્રયત્ન કરીએ અને આપણાં દૈનિક જીવનમાં તેના ઉપદેશનું સ્થાન નક્કી કરીએ.

અન્ય એક પ્રવચનમાં સ્વામીશ્રી ઈસુના ઉપદેશ વિશે જણાવે છે. ઈસુના ઉપદેશની પ્રસ્તુતતા એ વાતમાં છે કે, તે સદા વિદ્યમાન સાંનિધ્ય છે, તે શાશ્વત સાક્ષી છે, આપણો હમસફર છે, આપણી જોડે જીવે છે અને આપણો દરેક વિચાર, આપણું દરેક હલનચલન, અંદરથી તેમજ બહારથી જુએ છે. તેની દિવ્ય વ્યક્તિત્વની આ હાજરી તેના પોતાના સમકાલીન સમયથી ખૂબ લાંબુ ટકી ગયેલ છે અને હજુય શક્તિભરી ઉપસ્થિતિ ધરાવે છે.

ઈસુ અને તેમણે પ્રબોધેલ ખ્રિસ્તી ધર્મની પ્રસ્તુતતા તેમની હાજરી, દિવ્ય ઉપસ્થિતિ, અહીં અત્યારે જ તેમજ વિશ્વમાં અનંતપણે છે તે દ્વારા સમજી શકાય છે.

"મને અનુસરો" ઈસુના આ આદેશનું પાલન કરનાર ઈસુનો જે અનુયાયી છે તે પોતા પાસે નીચેની કસોટીથી સાચી પરખ આપે છે : "જો ઈસુ મારી પાસે હોય કે હું તેની જોડે ચાલતો હોઉં, તો આ સંજોગોમાં હું શું કરું?" આવી ક્ષણે, આવી પરિસ્થિતિમાં શું ઈચ્છું? હું કેમ વર્તું તેમ તે ઈચ્છે? "તમારું જીવન અને જીવનની રહેણીકરણી આ પ્રશ્નને અનુરૂપ હોવાં જોઈએ. આ માપદંડને આધારે માણસે પોતાનું ચારિત્ર્ય અને વર્તણૂંક ઘડવાં જોઈએ. આ છે ખ્રિસ્તીધર્મનું સારતત્ત્વ. ખરી માન્યતાનું આ હાર્દ છે અને આજ્ઞાંક્તિતાનો શ્વાસ અને પ્રાણ છે.

નાતાલ આવી રહી છે તેની પૂર્વસંધ્યાએ આ સત્ય પર મનન કરજો. આપણા જીવનમાં ઈસુ એક જીવંત પરિબળ બની રહે તો જરૂર નાતાલ એક સંક્રાન્તિ બિંદુ બની રહેશે. એક પ્રકાશ અને શાનના નવા જીવન માટેનો અર્થસભર પ્રવેશકાળ બની રહેશે. "ઉઠો અને મને અનુસરો" "ઉત્તિષ્ઠત જાગ્રત, પ્રાપ્ય વરાન્ નિબોધત" —ઉઠો, જાગો, જ્ઞાની પાસે જઈ જ્ઞાનવાન બનો.

સ્વામી ચિદાનંદ ઈસુને અને ખ્રિસ્તીધર્મને કેટલું ગહન રીતે સમજ્યા હતા તે તેમના ઉપરોક્ત પ્રવચનોને આધારે જાણી શકાય છે. ઈસુને તેમણે "આપણો હમસફર" ગણાવ્યા છે તે કેટલી મોટી વાત છે!

સંદર્ભગ્રંથ : 'સાધનામાં અંતરદૃષ્ટિ' :
અનુવાદક : પ્રસન્નકુમાર મંકોડી
'પ્રકાશ પુંજ' : સ્વામી ચિદાનંદ


**આપનાં લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં અમો આપને હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ**



અમારાં વંદનીય મમ્મી-પપ્પાને લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક અભિનંદન.

આ શુભ દિવસે સફળ અને સાર્થક જીવન માટે અમારા સૌની અંતરની અભિલાષા.

ઈશ્વરપિતા આપ બંનેને આવનાર વર્ષોમાં આધ્યાત્મિક આશીર્વાદથી ભરપૂર કરે તથા તંદુરસ્ત સભર દીર્ઘાયુષ્ય બક્ષે એજ પ્રાર્થના.

**રતનબેન સંગ ડાહ્યાભાઈ**
લગ્નજીવન : ૨૩-૧૨-૧૯૬૫

**લિ. શશીકાન્ત - રશ્મીકા, નેન્સી - દર્શન**
**પ્રિયલ, નોયલ, રેચલ**
**તથા સમગ્ર પરિવાર**
*ગામ : પાડગોલ*

# સમૃદ્ધિ કે સર્વનાશ !

✍ જયંતિભાઈ એ. મેકવાન

*નિવૃત્ત અધિકારી, ગાંધીનગર*

ત્રણ બાળકો અને એક પત્નીનું જીવન ટકાવી રાખવા મથતો એક પિતા અને પતિ સાથે જ એક મહેનતકશ આદમી હતો. એક સારા પગારની નોકરી મેળવવા તેની દરરોજ સાંજ તાલીમ વર્ગમાં પસાર થતી. રવિવાર સિવાય ભાગ્યે જ તે સહકુટુંબ ભોજન લઈ શકતો. પોતાના કુટુંબને સારામાં સારી સગવડ મળે તે માટે તે ખૂબ જ અભ્યાસ અને મહેનત કરતો હતો.

અલબત તેના કુટુંબમાં અવારનવાર ફરિયાદ ઉઠતી કે તે બહુ ઓછો સમય તેઓની સાથે ગાળતો હતો પરંતુ તે તેઓને સમજાવતો કે બધી મહેનત તે આખરે તો બધાંની સુખાકારી માટે કરતો હતો. અંદરખાને તેને પણ પોતાના કુટુંબ સાથે વધુને વધુ સમય રહેવાની તીવ્ર ઝંખના મનમાં ઉઠતી હતી.

સારી નોકરી પ્રાપ્ત કરવા પિતાએ જે પરીક્ષા આપી હતી તેનું પરિણામ બહાર પડ્યું. બધાંનાં આનંદ વચ્ચે તેઓ ડિસ્ટિંક્શન સાથે પાસે થયા અને એક કંપનીમાં સિનિયર સુપરવાઈઝર તરીકે સારા પગારની નોકરી મળી. પિતાનું સ્વપ્ન હવે સાકાર થયું. પોતાના કુટુંબને સારાં કપડાં, સારુ ભોજન અને થોડાં પર્યટનો જેવી નાની સગવડ હવે ઉપલબ્ધ બની.

પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ. પહેલાં અઠવાડિયામાં એકવાર ભોજન લઈ શકતો પિતા હવે અઠવાડિયાંઓ સુધી કુટુંબીજનોને મળતો બંધ થયો. જે કંપનીમાં તે કામ કરતો હતો તેમાં મેનેજર બનવાની અપેક્ષામાં તે વધુ મહેનત કરવા લાગ્યો. આ બઢતી માટે વધુ લાયક બનવા માટે તેણે દૂરની ઓપન યુનિવર્સિટીમાં એડમિશન પણ મેળવી લીધું.

તેના કુટુંબ તરફથી વારંવાર ફરિયાદ થતી રહેતી કે તે કુટુંબ માટે પૂરતો સમય ફાળવતો નથી. તે વખતે તે તેઓની સુખાકારી માટેનું બહાનું આગળ ધરતો પરંતુ અંદરખાને કુટુંબ સાથે વધુ સમય ગાળવાની તીવ્ર ઝંખના તેનો પીછો છોડતી નહોતી.

પિતાની મહેનત અને લગન આખરે ફળ્યાં અને તેને મેનેજર તરીકે બઢતી મળી. પોતાની પત્નીને ઘરકામમાંથી છૂટકારો અપાવવા તેણે એક કામવાળી બાઈ રાખવાનું નક્કી કર્યું. ત્રણ બેડરૂમના ફ્લેટની જગ્યાએ હવે મસમોટો બંગલો લીધો. પોતાની એ મહેનતનો આટલો સારો બદલો મળ્યો છતાં તેણે વધુ એક બઢતી માટે કમર કસી. અને આગળ અભ્યાસ ચાલુ રાખ્યો.

કુટુંબને તેનો સહવાસ મળતો ઘટતો જ ગયો અને આ અંગેની પેલી ફરિયાદ સતત થતી જ રહી. તેની સામે આ બધું તે આખરે તો કુટુંબ માટે જ કરી રહ્યો છે તેવો જવાબ તે આપતો જ રહ્યો. ક્યારેક રવિવારની રજાના દિવસે પણ તેને ઓફિસ જવું પડતું. કુટુંબ સાથે વધુને વધુ સમય ગાળવાની તેની પેલી તીવ્ર ઝંખના તેની અંદર દબાઈને પડી રહી.

ફરી એકવાર અપેક્ષા મુજબ પરિણામ મળ્યું. સિંગાપુરના દરિયા કિનારે એક સુંદર બંગલો ખરીદવાનું તેણે વિચાર્યું. એક રવિવારે સાંજે નવા ખરીદેલ બંગલામાં પિતાએ કુટુંબ વચ્ચે જાહેરાત કરી કે હવે એ કોઈપણ પ્રકારનો અભ્યાસ કરશે નહીં અને કોઈપણ બઢતીની પાછળ દોડશે નહીં. હવે તે બધો સમય કુટુંબ સાથે ગાળશે. પેલો પિતા બીજી સવારે પથારીમાંથી ઉઠ્યો જ નહીં. ●

– Courtesy : internet

**WANTED STAFF**

1) Nurses : Female / Male
OT Nurse / Ward Nurse / ICU Nurse
2) Laparoscopy Surgery Assistant
3) Ward Boys & Sweepers
4) Receptionist
5) Public Relations Officer (PRO)

Contact : - Dr. Preetej Macwan
Sanjeevani Surgical Hospital & Laparoscopy Centre
*Mahavir Marg, Anand*

Timing : 10 to 01.00 - 05.00 to 07.00

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| ફ્રાન્સિસકા માનુએલ ડાભી | ચાવડાપુરા | ૫૦૦ |
| પ્રવિણાબેન પી. પરમાર | અમદાવાદ | ૨૫૧ |
| રોબર્ટ એમ. ડેમોલા | ગાંધીનગર | ૨૫૦ |
| કિરીટભાઈ યાકુબભાઈ ખ્રિસ્તી | પેટલાદ | ૨૦૧ |
| નયના તથા સંદિપનાં લગ્નપ્રસંગે | આણંદ | ૨૦૧ |
| લલિતાબેન જયાનંદ ગોહિલ | નડિયાદ | ૨૦૦ |
| સ્વ. માર્થાબેન જે. ડાભી | વડોદરા | ૧૫૧ |
| સ્વ. સુમિત્રાબેન મણીલાલ | વડોદરા | ૧૫૧ |
| ભાવિનકુમાર સિલાસભાઈ પ્રવાસી | ચાવડાપુરા | ૧૫૧ |
| હેલેના જોન ડિસોઝા | જૂનાગઢ | ૧૫૦ |
| સ્વ. આશિષકુમાર શૈલેષભાઈ મકવાણા | પેટલાદ | ૧૫૦ |
| સ્વ. મહીજીભાઈ (માર્ટીન) | ડભાસી | ૧૦૧ |
| સ્વ. વિલ્યમભાઈ સુલેમાનભાઈ ચૌહાણ | ગામડી-આણંદ | ૧૦૧ |
| સ્વ. રેગીનાબેન માયકલભાઈ | અમદાવાદ | ૧૦૧ |
| જયંતીભાઈ એન. વાઘેલા | આણંદ | ૧૦૧ |
| સ્ટીવન એસ. રાઠોડ | આણંદ | ૧૦૦ |
| સ્વ. કેલ્વીન મેકવાન | જૂનાગઢ | ૧૦૦ |
| સ્વ. જોન ડિસોઝા | જૂનાગઢ | ૧૦૦ |
| સ્વ. શાંતાબેન પોલ મેકવાન | ગોધરા | ૧૦૦ |
| અનામી દાતા | | ૧૦૦ |
| થોમાસ ખન્ના | ગાંધીનગર | ૧૦૦ |
| પીયુષભાઈ | ગાંધીનગર | ૧૦૦ |
| સાહિલ ફ્રાન્સિસ પાંડવ | ભરૂચ | ૧૦૦ |
| સંકેત ફ્રાન્સિસ પાંડવ | ભરૂચ | ૧૦૦ |
| સુરેશચંદ્ર દિનશચંદ્ર ક્રિશ્ચિયન | તારાપુર | ૧૦૦ |
| જયંતીભાઈ આર્સેન મેકવાન | મણીનગર | ૧૦૦ |

# માગીરાજાઓના પગલે......

✍ 'રાજબંધુ' જયંત એમ. પરમાર

તારાના સંકેતથી પૂર્વ દેશોના ત્રણ નમ્ર માગીરાજાઓને ખબર થતાં, ઈશ્વરી પ્રેરણાને તેમણે આવકારી લીધી. ભારે તૈયારી કરી તારણહારની ખોજમાં નીકળી પડ્યા. દૈવી તારલો તેમની આગળ આગળ અને પાછળ પાછળ માગીઓ બેથલેહેમના ગભાણે પહોંચ્યા.

તેમણે ત્યાં સાદા વસ્ત્રમાં લપેટેલા એક બાળક, માતા મરિયમ અને યોસેફને નિહાળ્યાં. તેઓની નમ્રતા અને સરળતા, પવિત્રતા તેમને સ્પર્શી ગઈ. તેથી એક સામાન્ય બાળકમાં વિશ્વેશ્વર નિહાળી તેનો સત્કાર કર્યો. તે તારણહાર છે. પાવન અને અલૌકિક છે, તે સમજી શક્યા. તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. પોતાની કિંમતી ભેટો બાળને ચરણે ધરી. કૃતાર્થ થઈ પોતાના વતન પાછા ફર્યા.

અભિમાનીને ઈશ્વરનાં દર્શન દુર્લભ છે. પોતાના રાજ્યમાં અને પોતાના ગામમાં પધારેલા ઈશ્વરી બાળકને હેરોદ ઘમંડી રાજા ન પારખી શક્યો. તેને મહાન પંડિતો મારફતે સમાચાર મળ્યા હતા. તેની ભાળ પણ તેમણે જ કાઢી આપી છતાં તેને મળેલી અમૂલ્ય તકનો લાભ પણ ન લઈ શક્યો. ઉલટાનો ચિંતામાં પડી ગયો. 'મારા જેવો બીજો કોણ?' એમ માની તેણે નિર્દોષ બાળકને મારી નાખવાનો મનસૂબો કર્યો.

પોતાના મદમાં મસ્ત થતાં નાનાં બાળકોને વધ કરવાનો આદેશ પણ આપ્યો. તે છતી આંખે આંધળો થઈ ગયો. ગામને પાદરે ગમાણમાં સૂતેલા બાળરાજને તે ન જોઈ શક્યો કે પારખી શક્યો. પ્રભુ કરે ને આપણી સ્થિતિ આવી ન બને. વર્ષોથી ખ્રિસ્તજયંતીની ઉજવણી આપણે કરીએ છીએ, છતાં આપણે ઠેરનાં ઠેર છીએ. આપણામાં થોડો પણ ફેર પડ્યો નથી. બેથલેહેમના ભરવાડોની જેમ આપણે એમનાં દર્શન કરવાં થોડી પણ મહેનત કરી છે ખરી?

મારી દોટ કદાચ પૈસા માટે હોઈ શકે, મોટાઈ માટે, વિલાસ માટે હોય શકે? મારામાં ખૂબ અહમ છે, તેથી હું ઈશ્વરી દર્શન પામ્યો નથી. એનો સંદેશો મારે માટે રાજા હેરોદની જેમ બાધારૂપ અને ચિંતાજનક બન્યો છે? હું ધનનો-દોલતનો લાલચુ બની ગયો છું.

માગી રાજાની જેમ મારું બધું જ કામ પડતું મૂકીને ઈશ્વરી સંકેત અને પ્રેરણાથી દૈવી દર્શન માટે તૈયાર રહી, તારનારની શોધમાં હું નીકળી પડું તો જ મને ઈશ્વરનાં દર્શન થાય. મારા જીવનનું લક્ષ્ય પરદુઃખભંજક હોવું જોઈએ. આ માટે આપણે માગીઓના પગલે કંઈક શીખીએ.

૧) તેમણે યહુદીના રાજા, બાળઈસુની શોધ કરી.

૨) તેમણે બાળઈસુનાં દર્શન કર્યાં.

૩) તેમણે પોતાનું ધન બાળકના ચરણોમાં મૂકી દીધું.

૪) તેમણે સાષ્ટાંગ પ્રણામ કર્યા.

૫) ઈશ્વરની ચેતવણી પ્રમાણે બીજા રસ્તે થઈ પોતાના દેશમાં ગયા.

આ પાંચ સંદેશ આપણે આપણા જીવનમાં ઉતારીએ અને તેનું આચરણ કરીએ. તો જ સાચા અર્થમાં આપણે નાતાલ ઉજવી કહેવાય!

૧) આપણે બાળઈસુને શોધીએઃ જેવી હરણી જલધારા માટે તલસે છે. તેમ આપણે પણ તલસીએ. જેઓ ઈશ્વરની શોધમાં છે તેઓ સુરક્ષિત છે. એટલા માટે શાસ્ત્રકારો કહે છે કે હું પ્રભુની પ્રતીક્ષા કરું છું.

૨) આપણે ઈસુના દર્શન કરવા તરસીએઃ ઈસુના જન્મથી માંડીને મૃત્યુ સુધી અનેક લોકો તેનાં દર્શન માટે તેની પાસે આવ્યા. ઈસુ કહે છે : "આવો અને જુઓ" (સંત યોહાન ૧:૩૯) 'થાકેલા, માંદા અને ભારથી લદાયેલાઓ તમે સઘળા મારી પાસે આવો. હું તમને આરામ આપીશ.' (માથ્થીઃ ૧૧:૨૮) માગીઓ, ભરવાડો, સિમિયોન, આન્ના તથા બીજા અનેક લોકોએ ઈસુનાં દર્શન કર્યા.

૩) આપણે ઈસુના ચરણોમાં બધું જ અર્પણ કરી દઈએ : માગી રાજાઓએ સોનુ, લોબાન, બોળ અને ભરવાડોએ ઘેટાંબકરાં અર્પણ કર્યા. તેમ આપણે પણ આપણી કમાણીનો દસમો ભાગ દાનદક્ષિણામાં આપીએ. ગરીબગુરબાંને મદદ કરીએ. જેઓ પૈસે ટકે દુઃખી છે. તેમનાં દુઃખ દૂર કરીએ. તો જ ઈશ્વરના દર્શન થશે.

૪) સચરાચરમાં વ્યાપ્ત ઈસુને પ્રણામ કરીએ, પ્રણામ કરવા પહેલાં નમ્ર અને સરળ બનીએ.

૫) પ્રત્યેક ક્ષણે પરમાત્મા આપણને સદ્‌વ્યવહાર માટે ઉત્તેજન અને દુર્વ્યવહાર માટે ચેતવણી આપે છે. આપણે પ્રભુની ચેતવણી પારખીએ અને અનુસરીએ. પ્રભુ પ્રકાશના પર્વ નિમિત્તે આપણી પ્રાર્થના :

હે અમારા ઉદ્ધારક પ્રભુ,<br>
સર્વ દેશો ને સર્વ યુગોના લોકો આગળ<br>
તમે તમારો મહિમા પ્રગટ કર્યો.<br>
પૂર્વના પંડિતોએ તારાને ઊગતો જોયો,<br>
ને સર્વ પ્રજાઓએ તમારો પ્રકાશ ને તમારી મુક્તિ નિહાળ્યાં.<br>
તમારા પુત્ર ઈસુ અમારા જીવન મારફતે પૂર્ણપણે પ્રકાશી ઊઠો,<br>
જેથી જ્યાં હજી અંધકાર છવાયેલો છે,<br>
ત્યાં તમારા સત્યનાં અજવાળાં પથરાય<br>
ને બધાં લોકો જગપ્રકાશ ઈસુનો<br>
પોતાના મુક્તિદાતા ને પ્રભુ તરીકે સ્વીકાર કરે. ●



# ઉગ્યો રે ઉગ્યો પ્રકાશ

✍ અલ્પેશકુમાર જે. પરમાર

*રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત*



સુરેશ અને સંગીતાના દામ્પત્યજીવનનાં તેર વર્ષનાં વ્હાણાં વીતી ગયાં પણ ખોળાના ખૂંદનારની ખોટ હતી. ઉત્તરાવસ્થામાં ઘરમાં આનંદ ઉમંગથી ભરી દેવા મિત્રો-સગાંવ્હાલાંના આગ્રહ-સલાહ સ્વીકારીને ‘માતૃછાયા’ અનાથાશ્રમમાંથી બાળક દત્તક લીધું. શિવમ્‌નું આગમન ઘર માટે આશીર્વાદરૂપ નીવડ્યું. શિવમ્ હવે પહેલા ધોરણમાં આવ્યો ત્યાં જ સંગીતાની કૂંખે સૌરભ જન્મ્યો., પણ શિવમ્‌ના ઉછેરમાં કોઈ કચાસ રહેવા ન પામે તેની તેઓ સભાનતાથી કાળજી રાખતાં.

શિવમ્ અને સૌરભ, સંગીતાબેન અને સુરેશભાઈની આંખોના રતન હતાં. શિવમ્ કારકિર્દી ઘડવામાં વ્યસ્ત હતો ત્યાં જ સૌરભને કોલેજકાળ દરમિયાન, એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો. સૌરભને ખાનગી મલ્ટીનેશનલ કંપીનમાં જોબ મળી અને શુચિતા પણ પાર્ટટાઈમ બ્યુટિશિયનનું કામકાજ કરતી. દીકરાની ઇચ્છાને વશ થઈ, શિવમ્‌ની સંમતિ સાથે સૌરભ અને શુચિતાનાં ધામધૂમથી લગ્ન પણ થયાં. થોડાક મહિનામાં જ આ લગ્નને કારણે ઘર આખામાં હવે કકળાટ મચી ગયો. પુત્રના જન્મ પછી પણ શુચિતા હજુ સ્થિર બની ન હતી. ઘરમાં બપોરનું જમવાનું લગભગ બનતું નહીં, બહારથી કંઈક લાવી સાસુ-સસરાને ધરાવી દેતી. સાંજે તો સૌરભની હાજરીને કારણે ઘેર બનાવતી પણ તે પણ રસકસ વગરનું! પોતાનો સાચો પગાર પણ તે પોતાના પતિથી છુપાવતી, તે પોતાની દુનિયામાં રાચતી હતી.

અત્યાધુનિકતાના રવાડે ચડેલી શુચિતાને કારણે ઘર હવે ઘર રહ્યું ન હતું! સવાર-સાંજ કારણ-અકારણ શુચિતા તેનાં સાસુ-સસરાને ઘરમાં ને બહાર ઉતારી પાડતી! ફિલ્મી સ્ટાઈલનો તેનો પહેરવેશ અને લાગણીહીન બરછટ ભાષાએ, સગાંવ્હાલાં તો હવે તેના ઘરનાં પગથિયાં ભૂલી ગયાં હતાં. હા, તેનાં પિયરિયાં બેરોકટોક ગમે ત્યારે આવી જતાં, ત્યારે તેનું રૌદ્રરૂપ જોઈ અચંબો પામતાં પણ તેઓ પણ લાચાર હતાં. પૌત્ર સ્નેહની હાજરી ઢળતી ઉંમરમાં સંગીતાબેન અને સુરેશભાઈના જીવનમાં એક આશાનું કિરણ હતું. ઈન્ટરનેટ અને પોતાના આઉટિંગમાં શુચિતાને સ્નેહ માટે સમય જ ક્યાં મળતો હતો? એટલે સ્નેહ લગભગ દાદીદાદાના ભરોસો જ મોટો થતો હતો., જોકે દાદાદાદીને આ વ્યાજ પર વિશેષ વ્હાલ હતું, હોય જ ને!

જોકે, આજે દીકરો પારકી થાપણ જેવો જ બની ગયો છે. સૌરભ, માબાપ અને શુચિતા વચ્ચે સોપારીની જેમ કપાતો પણ તે સંયમ દાખવી પરિસ્થિતિ વણસી ન જાય તેની કાળજી રાખતો. શુચિતા, તેને વારંવાર સાસુસસરાને ઘરડાંઘરમાં મોકલી આપવા આગ્રહ કરતી. નાતાલની ઉજવણી પોતાની મનમાની રીતે કરવાના અભરખામાં, સાસુસસરાને તે પહેલાં જ ઘરડાઘર ભેગાં કરી દેવાની તેને ઉતાવળ હતી., એટલે એક દિવસ અકારણ જ તેણે સૌરભ આગળ પ્રસ્તાવ મૂક્યો : ‘ક્યાં સુધી મારે તમારાં માબાપની અને મોટાભાઈની સેવા કરવાની! હવે તો હદ થાય છે, જો તમને સમય ન હોય તો હું જ તેમની વ્યવસ્થા કરી દઉં.’ શું કરવું, શું જવાબ આપવો તે સૌરભને સૂઝતું ન હતું ત્યાં જ બીજા ઓરડામાં બેઠેલા સુરેશભાઈ તેની વહારે આવ્યા. ‘દીકરા હું છેલ્લા મહિનાથી ઘરડાઘરની વાત સાંભળું છું. હું જાતે જ ભાળ મેળવી આવ્યો છું. તમારું લગ્નજીવન ટકી રહે તેવા શુભ ઈરાદાથી અમે ઘરડાઘરમાં જવા તૈયાર છીએ.’ સંગીતાબેન ઉભરો ઠાલવવા જતાં હતાં જ ત્યાં સુરેશભાઈએ તેમને શાંત કર્યા. નજીકના રવિવારે સૌરભ માબાપને જાતે જ સરસામાન સાથે ઘરડાઘરમાં મૂકી આવ્યો. સૌરભને આ નિર્ણય અમાન્ય હતો પણ સૂચિતાના સ્વભાવને કારણે તે લગ્નજીવનથી ડરી ગયો હતો, એટલે તે કરે પણ શું?

સુરેશભાઈ અને સંગીતાબેનની વિદાય પછી ઘરમાં સન્નાટો છવાય ગયો. શિવમ્ અવાક્ જ થઈ ગયો., તે લગભગ બહાર રહેતો. ક્યારેક હૈયું ભરાઈ આવે ત્યારે ઘરડાંઘરની લટાર મારી આવતો. પણ નાનકડો સ્નેહ લાચાર હતો. તેને તો ખબર સુદ્ધાં ન હતી કે દાદાદાદી ક્યાં ગયાં છે? સાસુસસરાની ગેરહાજરીમાં શુચિતાને નાતાલની ઉજવણી, ઠાઠમાઠથી કરવી છે. આયોજન અને વ્યવસ્થામાં તે ગળાબૂડ છે. સૌરભને આ કશામાં રસ નથી પણ પહેલેથી સૂચિતાને આપેલી સ્વતંત્રતા હવે તેને ભારે પડવા લાગી છે! મધ્યરાત્રીના નાતાલ જાગરણમાં તેઓ ગયાં પણ સૌરભના દિલમાં માબાપની ગેરહાજરી ઉચાટ બની ગઈ હતી., સૌએ તેની નોંધ લીધી. દૂરથી શિવમ્ તેને જોતો-સમજતો હતો. પણ નિસહાય હચો. સૌરભનો ભાર હવે વધે એવું કંઈ કહેતો નહીં. હૈયાની વલોપાત કોણ કોની આગળ ઠાલવે?

નાતાલની ઉજવણી ટાણે આમંત્રિતોથી ઘર છલકાય ગયું પણ સૌરભનું દિલ ડંખતું હતું. ક્રિસમસ કેક અને ગરમ કોફીની લહેજત આમંત્રિતો માણી રહ્યા હતા, ત્યાં જ સૌરભને સ્નેહ ન દેખાતાં ફાળ પડી, ઘરમાં-સોસાયટીમાં-સગાંવ્હાલાંમાં તપાસ કરતાં સ્નેહનો પતો ન લાગ્યો, ચારપાંચ કલાકની રઝળપાટ પછી પણ સ્નેહ ન મળતાં સૌરભનો પારો સાતમા આસમાને પહોંચી ગયો. તેણે શુચિતાને આ માટે જવાબદાર ઠેરવી, પહેલીવાર બધાનાં દેખતાં તેનાં દુષ્કૃત્યો સૌને જણાવી, ભારે અફસોસ કર્યો. હમેશાં સયંમ જાળવતા સૌરભનો ગુસ્સો પહેલીવાર જોતાં સુચિતા ડરી ગઈ., કોઈપણ ભોગે સ્નેહની ભાળ કાઢવા હવે કરગરવા લાગી.

સ્નેહના ગૂમ થવાની જાણ તે માબાપને કરવા ગયો ત્યાંજ સામેથી ઘરડાઘરના સંચાલકે સ્નેહ ઘરડાઘરમાં દાદીના ખોળામાં હોવાની જાણ કરી. સૌરભ અને શુચિતા તાબડતોબ ઘરડાઘર પહોંચ્યાં, ત્યાં પણ નાતાલની ઉજવણી હતી.

શિવમ્ આ વર્ષે ઘરડાઘરમાં નાતાલ ઉજવણીનું આયોજન કર્યું હતું. પ્રત્યેક વૃદ્ધ માટે નાતાલભેટ શિવમ્ લાવ્યો હતો. ભોજન પહેલાં વડીલો માટે મનોરંજન રમતગમત ચાલતી હતી ત્યાંજ શુચિતા-સૌરભે ઘરડાઘરમાં પ્રવેશ કર્યો., દીકરાને સલામત જોતાં તેમણે હળવાશ અનુભવી પણ શુચિતા પોતાને કાબૂમાં રાખી ન શકી. સૌરભની ધીરજ, સહનશક્તિ અને સાસુસસરાની સમજણ પ્રત્યે તેનામાં આદર જન્મ્યો. બધાની વચ્ચે તે સાસુમાને પગે પડી, પોતાની અપરિપક્વતા માટે માફી માગવા લાગી. સ્નેહ અને માબાપને ઘેર લઈ જવાના તેણીના આગ્રહ વચ્ચે જ શિવમ્, ભાઈ-ભાભીને નાતાલની ઉજવણીમાં સામેલ થવા આગ્રહ કર્યો., તેમણે સ્વીકાર કર્યાં, ફરી એકવાર સંગીતખુરશીની રમત ચાલુ થઈ, ખ્રિસ્તજયંતીનાં વધામણાંએ વાતાવરણને ભરી દીધું :

અંધારે આથડતા, લોકોએ ભાળ્યું કે
તે જે ઝળુંબ્યું આકાશ
મૃત્યુની છાયામાં વસનારા લોકો પર,
ઉગ્યો રે ઉગ્યો પ્રકાશ. ●

Email : alpeshkumar.2333@gmail.com.


## સેલ... ફર્નિચર સેલ... ફર્નિચર

## આણંદમાં ફર્નિચર સેલ

યરુશાલેમ ફર્નિચર સામરખા હવે આણંદમાં કૃપા સ્ટીલ એન્ડ વુડન ફર્નિચરનો મેગા સેલ.

અમારે ત્યાં સ્ટીલ તેમજ વુડન તિજોરી, વોર્ડરોબ, સ્ટોરવેલ, દિવાન પલંગ, પેટી પલંગ, પાટ, બેડશીટ, સોફાસેટ, કોર્નર સોફા, ટીપોઈ, ડ્રેસીંગ ટેબલ, ડાઈનીંગ ટેબલ, કિચન કેબીનેટ, બુક સેલ્ફ, ઓફિસ ટેબલ, કમ્પ્યુટર ટેબલ, રીવોલ્વીંગ ચેર, વિઝિટર ચેર, પ્લાસ્ટીક ચેર, ટીવી કેબિનેટ, હીંચકા તેમજ ઓફિસ તથા ઘરનું વગેરે ફર્નિચર મળશે.

**નોંધઃ સેલ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી ચાલુ છે.**

**સ્થળઃ લીમડાવાળા દવાખાના કમ્પાઉન્ડ, મ્યુ. દવાખાના સામે, કુસુમ મેડિકલ સ્ટોરની પાછળ, આણંદ.**

**કાયમી સરનામુંઃ એપ્રોમ રોડ, ઈન્ડેન ગેસની બાજુમાં, સામરખા**

| કોલિન | નટુભાઈ |
|---|---|
| ૯૮૨૪૬ ૧૭૮૫૪ | ૯૭૨૩૪ ૦૫૪૭૭ |


## હાર્દિક અભિનંદન




**સિ. શ્વેતા વિલ્યમ પરમાર સી.સી.વી. (વેદ્રુના સંઘ)**

સિ. શ્વેતા વિલ્યમ પરમાર ડૉન બોસ્કો કોલેજ મારમ - મણિપુરમાં છેલ્લા ત્રણ વર્ષથી આસિસ્ટન્ટ પ્રોફેસર તથા રાષ્ટ્રીય સેવા (NSS)ના પ્રોગ્રામ ઓફિસર તરીકે પોતાની સેવા આપી રહ્યાં છે. રાષ્ટ્રીય સેવા(NSS) હેઠળ તેઓએ સમાજના ઉત્થાન માટે નોંધપાત્ર એવો ફાળો આપેલ છે. તેઓના આ ઉમદાકાર્યને બિરદાવવા મણિપુર સરકારે સિ. શ્વેતાને રાષ્ટ્રીય સેવાના શ્રેષ્ઠ કાર્ય સંચાલકનો એવોર્ડ આપી સન્માનિત કર્યાં છે. સિ. શ્વેતાની આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**લિ. વિલ્યમભાઈ - મધુબેન તથા પરિવાર**
*નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ*

## Congratulation



ગામ ભાલેજ હાલ વડોદરાના રહીશ સ્વ. ડેનીઅલ સુલેમાન ચૌહાણના જયેષ્ઠ પુત્ર અને પુત્રવધૂ જસ્ટીન ડેનીઅલ તથા સુનિતા જસ્ટીનની **સુપુત્રી પર્લીન જસ્ટીન** વર્ષ ૨૦૧૪-૧૫માં લેવાયેલ ધો.૧૨ સાયન્સ (બાયોલોજી ગ્રૃપ) પરીક્ષામાં $A^{+}$ ગ્રેડ મળવી બરોડા મેડિકલ કૉલેજ, વડોદરામાં પ્રથમવર્ષ M.B.B.S.માં એડમિશન મેળવેલ છે. આ સ્થાન પ્રાપ્ત કરી તેણે કુટુંબ તથા ખ્રિસ્તી સમાજનું ગૌરવ વધાર્યું છે. પ્રભુ પર્લીનને આ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બક્ષે તેવી માતાપિતાની અભિલાષા સહ આશીર્વાદ.

પ્રભુનો આભાર.

**જસ્ટીન ડેનીઅલ ચૌહાણ**
*એ/૪૬, ઈન્દ્રલોક સોસાયટી, ટી.પી.૧૩, છાણી જકાતનાકા, વડોદરા* (મો. ૯૮૯૮૪ ૩૮૩૯૭)

# પ્રેરણામૂર્તિ સાધ્વી

**સ્વ. સિસ્ટર પિલાર નવારેતે સી.સી.વી.**

સ્વ. સિસ્ટર પિલારને છીંકણી પટ્ટાવાળી આછા પીળા રંગની સાડી પહેરીને દક્ષિણ ગુજરાતમાં આવેલા ઉનાઇ કેન્દ્રમાં મારા કાર્યકાળ ૧૯૯૧ થી ૧૯૯૪ સુધી મેં જોયાં હતાં. એ સાચે જ અનોખો લહાવો હતો કારણ કે તેઓ મૂળ સ્પેઇન દેશના હોવા છતાં ભારતીય સાધ્વીને શોભે એ રીતે પોશાકમાં પરિધાન થઇને રહેતાં. દેખાવે ખૂબ જ રૂપાળાં હોવાથી તેમની કંચનકાયા પર ભારતીય પોશાક ઓર દીપી ઊઠતો. બાહ્ય રીતે સુંદર તો હતાં જ તેના કરતાં તેમનો માંહ્યલો વધુ સૌંદર્યવાન હતો એ એમના સંપર્કમાં આવનાર હરકોઇને લાગતું.

મને એ સતત લાગતું કે તેમની ભીતરમાં સૃષ્ટિના માલિકની સતત હાજરી હતી અને સ્વ. સિસ્ટર પિલાર સતત તેમની હાજરીમાં જીવતાં હતાં. કદાચ આ હતું તેમનાં જીવનનું ઊંડું રહસ્ય : ઇશ્વરના સાંનિધ્યમાં સતત હોવું ને ઇશ્વરના સાંનિધ્યમાં સતત જીવવું. પરિણામે, તેમનું મુખારવિંદ હંમેશાં પ્રસન્ન, આનંદમય અને જીવંત નજરે પડતું. પ્રત્યેક પરિસ્થિતિમાં પૂર્ણપણે પાંગરવાની કૃપા અને કળા તેમને ભરપટ્ટે બક્ષવામાં આવેલી ન હોય, એવો અહેસાસ મને થયા કરતો!

આવી સહજ, સ્વંયસ્ફૂરિત ને પ્રસન્ન આધ્યાત્મિકતા ક્યાંથી પ્રગટ થઇ હશે એ સવાલનો ઉત્તર હું શોધું છું. ૧૯૨૭ની ૯મી ઓક્ટોબરે સ્પેઇન દેશમાં તેઓ જન્મ્યાં. પરિવારનું તેઓ અગિયારમું તથા આખરી બાળક હતાં. કુટુંબનાં બધાં જ સભ્યોના અઢળક પ્રેમમાં તેઓ ભીંજાયેલાં હતાં. ઘરમાં પ્રેમમય વાતવરણ હતું ને નકારાત્મકતા કે શિક્ષાને જરાયે સ્થાન નહોતું. જો કોઈ દિવસ પિલારે તોફાનમસ્તી કર્યાં હોય તો માતા તરફથી એટલું જ કહેવામાં આવતું : આજે રાત્રે સૂવા જતાં પહેલાં તને હું શુભરાત્રિનું ચુંબન નહીં કરું. પ્રેમાળ જનેતા તથા પિતાએ બાલિકા પિલારમાં પ્રભુ ઇસુ તથા માતા મરિયમ પ્રત્યે અનન્ય પ્રેમનું સિંચન પોતાનાં વાણી વર્તનથી કર્યું.

હજુ તો પિલારનાં નવ વર્ષ પણ પૂરાં નહોતાં થયાં એટલામાં તેમના પિતા સ્પેઇનમાં જ કોમ્યુનિસ્ટના હાથે મૃત્યુ પામ્યા. પિલારનાં માતાએ પતિના સ્વર્ગવાસ પછી બાળકોમાં ધાર્મિક હાકલનાં બીજ વાવ્યાં. ને આમ પાંચ બાળકો પ્રભુ ઈસુને સમર્પિત થયાં. સને ૧૯૪૪ની ૧૯મી સપ્ટેમ્બરને રોજ વેદ્રુના કાર્મેલાઇટ સીસ્ટર્સ ઓફ ચેરીટી મંડળમાં પિલાર જોડાયાં. પછી ભાવનગર સ્થિત ઇસુસંઘી ફાધર ચોહાન પલાઉના આમંત્રણને માન આપીને જાન્યુઆરી, ૧૯૫૩માં સ્પેઇનનાં અન્ય ચાર વડીલ સિસ્ટરો સાથે સિસ્ટર પિલાર ભારત દેશ આવવા જહાજમાં બેઠાં. ત્યારે પીલાર ૨૫ વર્ષનાં ને સૌથી નાનાં હતાં તેમ છતાં તેમનું હૃદય મિશનરી અદમ્ય ઉત્સાહથી ધબકતું હતું.

કાર્ય કે સ્થળ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય પણ એમાં પૂરેપૂરાં લગન, ઉત્સાહ, આનંદ, જોમ, આવડતો, કૌશલ્યો, કળાઓ ને પ્રતિબદ્ધતાથી ખૂંપી જવું એ સિસ્ટર પિલારનો સ્વભાવ હતો. જેમની સાથે સંઘમાં રહેતાં હોય કે જે તે કેન્દ્રનાં ધર્મજનોની સાથે હોય એ બધાંનું સર્વાંગી હિત એમનાં હૈયે વસેલું હતું. તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં જંગલની વચ્ચે બરડીપાડા ગામ આવેલું છે. એક બાજુ મચ્છરો, ચાંચડો, મરઘાંઓ, બકરાંઓ, વૃક્ષો, ડુંગરો, પહાડો, નદીનાળાં ને જંગલી પ્રાણીઓનો સખત પ્રભાવ તો બીજી બાજુ જીવન જરુરિયાતની પાયાની ચીજવસ્તુઓ જેવી કે રોટી, કપડાં, મકાન, વીજળી, પાણી, શિક્ષણ, રસ્તાઓનો ખૂબ જ અભાવ. પ્રભાવ હોય કે અભાવ હોય, પણ પાછું જુએ તો પિલાર શાનાં? બરડીપાડામાં રહેતાં આદિવાસી લોકોનાં જીવનને મંગલ બનાવવામાં સિસ્ટર પિલારનો સિંહફાળો છે. તેમને કોકણા તથા ગામીત આદિવાસીઓની ભાષાઓમાં અમુક શબ્દો ને વાક્યો જ તેમને આવડતાં છતાં તેમના પ્રેમની ભાષાનો પૂરેપૂરો પ્રભાવ હતો. બોરકચ્છ (ઉનાઈ) ગામમાં ત્યારે વીજળીની સગવડ ઓછી. કોકણા આદિવાસીઓ ગરીબાઇમાં જીવતા હતા ત્યારે પણ પોતાની સહજ, સ્વંયસ્ફૂરિત ને પ્રસન્ન આધ્યાત્મિકતા અહીં અચૂક પ્રગટ થાય. ને વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરી જાય. સાચે જ ત્યાં ઇશ્વરના સાંનિધ્યનો અહેસાસ થતો.

ઉનાઈ કેન્દ્રમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઇને પેરીશનાં ધર્મજનો, શાળા તથા છાત્રાલયોનાં વિદ્યાર્થિ-વિદ્યાર્થિનીઓ પ્રત્યે ખાસ મમતા રાખતાં. કોઇપણ ગામની વ્યક્તિ સીસ્ટરને ઘેર ગઇ હોય તો એમની ઉદાર અને હૂંફાળી આગતાસ્વાગતાનો અનુભવ એમને અચૂક થતો. ઉનાઈ કેન્દ્રમાં ૧૯૯૨થી કારીતાસ નીચરલેન્ડીકાસ (હોલેન્ડ) ની આર્થિક મદદથી બાલવાડી યોજના ચલાવવામાં આવી. એની પૂર્વતૈયારી, આયોજન અને અમલીકરણમાં સિસ્ટર પિલારે ખૂબ જ અંગત રસ દાખવીને પોતાનું યોગદાન આપ્યું હતું. તેવી જ રીતે, સાધ્વીસંઘ દ્વારા સંચાલિત મહિલા મંડળના કાર્યને ઉનાઇમાં પૂરતો વેગ આપવામાં આવ્યો હતો એટલું જ નહીં પણ પેરીશના સામાજિક કાર્યમાં પણ પૂરતો રસ દાખવીને લોકોનાં જીવનને વિકસિત કરવા માટે તેઓ અથાગ પ્રયત્ન કરતાં. ઉનાઇ કેન્દ્રમાં દર વર્ષે ભજન સંમેલન યોજવામાં આવે ત્યારે સૃષ્ટિગાન મંદિરની સજાવટની ગુણવત્તા કંઇક ઓર વધી જતી. ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખીને આખો પ્રસંગ દીપી ઊઠે એવા સઘન અને સાર્થક પ્રયત્નો કરતાં. મંડળમાં ઘણા ઊંચા હોદ્દાઓ ભોગવ્યા હોવા છતાં સિસ્ટર પિલાર સત્તાને સેવા જ માનતાં અને એ પ્રમાણે જ જીવતાં. કાર્ય પોતાના મંડળનું હોય કે પેરીશનું હોય કે ધર્મસભાનું હોય બધે જ ઠેકાણે સરખું જીવનદર્શન અને જીવનકવન.

બીજી નવેમ્બર - ૨૦૧૫ના રોજ સ્વર્ગસ્થ સિસ્ટરને પરમાત્મા શાશ્વત શાંતિ આપે એજ અભ્યર્થના અને તેઓ અનેક નવોદિત સાધ્વીબહેનો - સંન્યસ્તગણનાં પ્રેરક બની રહે એવી પ્રાર્થના.

— ફાધર રેમન્ડ એ. ચૌહાણ એસ.જે.

## સ્વ. ફાધર સ્ટેની

‘પ્રભુની ઇચ્છા પૂર્ણ થાઓ., માત્ર તેઓ જ જાણે છે, માણસ માટે શ્રેષ્ઠત્તમ શું છે?’ એક માત્ર આ ઉદ્‌ગાર જ સ્વ. ફાધર સ્ટેનીના ચાહકો માટે આશ્વાસનરૂપ હતો. ૨૫ ઓક્ટોબરના રોજ રોજ સ્વ. ફાધર સ્ટેનીના પાર્થિત દેહને ડપાડા (દક્ષિણ ગુજરાત) ના ચર્ચ કમ્પાઉન્ડમાં લાવવામાં આવ્યો ત્યારે ઉપસ્થિત જનમેદનીમાં છાનાંછપનાં ડૂસકાંના અવાજ વાતાવરણને ગંભીર બનાવી રહ્યો હતો. ‘દિવ્યદયા’ના ઉપાસક, ગરીબોના ચાહક ફાધર સ્ટેનીએ પોતાની સરળતા અને સાદગીથી ડપાડા ધર્મવિભાગના ધર્મજનોના હૈયામાં નિશ્ચિત સ્થાન મેળવ્યું હતું.


સ્વ. ફાધર સ્તાનિસલાઉસ રોડ્રિગ્સ - લોકમુખે બોલાતું નામ ફાધર સ્ટેનીનો જન્મ, ગોવા રાજ્યના અંતરિયાળ ગામના - વાલ્કિનિમાં થયો હતો. તેઓશ્રી સોસાયટી ઓફ સેંટ ફ્રાન્સિસ ઝેવિયર - પિલાસ ફાધરમાં જોડાયા હતા અને ઈ.સ. ૨૦૦૦માં તેમની પુરોહિત દીક્ષા થઈ હતી. તેઓશ્રીએ પોતાનું એક પુરોહિત તરીકેનું સમગ્ર જીવન ગુજરાત અને દાદરાનગર હવેલી (કેન્દ્રશાસિત પ્રદેશ)માં ગાળ્યું હતું. ગુજરાતી ભાષાના અભ્યાસ બાદ, ઈસુના પૂજ્ય હૃદય દેવાલય - વડતાલ (જિ.ખેડા)માં તેઓશ્રીની પ્રથમ નિમણૂંક જૂન-૨૦૦૧માં મદદનીસ સભાપુરોહિત તરીકે કરવામાં આવી હતી. ૨૦૦૪-૦૮ સુધી તેઓ ખેમપુર (જિ. પંચમહાલ)માં મદદનીસ સભાપુરોહિત, સ્થાનિક સંઘના સલાહકાર, હોસ્ટેલના મેનેજર તથા સામાજિક કાર્યના ઇન્ચાર્જ હતા.

ડપાડા ધર્મવિભાગવા મુખ્ય સભાપુરોહિત, ઈસુહૃદય (ગુજરાતી માધ્યમ) હાઈસ્કૂલ તથા સેક્રેટ હાર્ટ હાઈસ્કૂલ (અંગ્રેજી માધ્યમ)ના મેનેજર. છોકરાઓની છાત્રાલયના સુપરિટેન્ડન્ટ તરીકે સેવારત ફાધર સ્ટેનીનું મરણ, સૌને આજીવન કાર્યરત રહેવાનો પ્રત્યક્ષ પદાર્થપાઠ શીખવી ગયું છે. ગ્રામ્ય પરિવેશના ઉછેરમાં પરમપિતા પર દૃઢીભૂત ઊંડી શ્રદ્ધાએ તેમનામાં અદમ્ય મિશનરી ઉત્સાહ રેડ્યો હતો, પડોશીપ્રેમમાં ભરતી આણીહતી.

એક નિર્દોષ બાળક જેવી સરળ, શ્રદ્ધાની સરવાણી સદૈવ તેમનામાં વહેતી હતી. ધર્મવિભાગનાં ગામેગામ તેઓ ખૂંદી વળ્યા હતા અને લોકોમાં દિવ્યદયામાં મજબૂત કરતાં, એકબીજા પ્રત્યે પણ પ્રેમના તાંતણે જોડ્યા હતા. ગ્રામજનો અને યુવાનોને પ્રવૃત્તિમય રાખવાથી તેમને એક વિશેષ પ્રકારની જીવનશૈલી હસ્તમન હતી. માતા મારિયાના પણ સડંગ ઉપાસક હતા, એટલે જરૂર બુધવારે તેઓ ડુંગર માવલી તીર્થધામ - દૂધનીનો ડુંગર ભક્તિ કરતાં તેઓ ચઢતાં હતા.

છેલ્લી પળ સુધી સેવાસી ફાધર સ્ટેની, ડપાડા ધર્મવિભાગના ધર્મજનો આગળ શ્રદ્ધાની જીવંત મિશાલ મૂકતા ગયા છે. જીવનમાં સર્વસ્વનો સ્વીકાર, મૃત્યુને પણ હસ્તે મુખે આવકાર, એવો જીવન સહારો શ્રદ્ધાળુઓ આગળ વણબોલ્યે પ્રસ્તુત કર્યો છે. એક મિશનરી જીવનની સફળતામાં એથીય વધારે કંઈ આવશ્યક છે! પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે.

— ફાધર માર્ટિન આલ્વારિસ એસ.એફ.એસ.



## સ્વ. ફાધર જોસફ વિલ્સન

સ્વ. ફાધર જોસફ વિલ્સનનો જન્મ ૧૫ ફેબ્રુઆરી ૧૯૬૧ના રોજ કન્યાકુમારી જિલ્લા (તમિલનાડુ)માં થયો હતો. ત્રણ ભાઈઓ અને ચાર બહેનોના બહોળા પરિવારમાં તેમનું સ્થાન ત્રીજું હતું. શાળેય શિક્ષણ પૂર્ણ કર્યા બાદ સેંટ આલોઈસ માઈનર સેમિનરી તેઓ નાગરકોઈલમાં પુરોહિતપદના ઉમેદવાર તરીકે જોડાયા પણ ૧૯૮૫માં ફિલોસોફીના અભ્યાસ પછી અમદાવાદ ધર્મપ્રાંતમાં એક મિશનરી પુરોહિત બનવા જોડાયા. ગુજરાતી ભાષાના સઘન અભ્યાસ પછી કોઠ અને ધંધુકામાં રીજન્સી પૂરી કરી. સેંટ ચાર્લ્સ સેમિનરી - નાગપુરમાં દેવવિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરી ૭ માર્ચ, ૧૯૯૧ના રોજ તેમને પુરોહિતદીક્ષા મળી. ત્યારબાદ મદદનીશ સભાપુરોહિત તરીકે તેમણે ડીસામાં કામગીરી કરી. પાલૈયા, બાલાશિનોર, નરોડા (અમદાવાદ) તથા ઉમરેઠમાં એક અસરકારક સભાપુરોહિત તરીકે તેમણે સેવા આપી. નરોડામાં સેવા બાદ તેઓ આધ્યાત્મિક અભ્યાસ માટે મૈસુર ગયા. ત્યાંથી પરત આવ્યા પછી જૂન-૨૦૧૨માં પવિત્ર કુટુંબ ધર્મવિભાગ-ગોમતીપુર (અમદાવાદ)માં મદદનીશ સભાપુરોહિત તથા અંગ્રેજી માધ્યમની શાળાના આચાર્ય તરીકે નિમણૂંક પામ્યા. અથાગ પરિશ્રમથી શાળામાં શિક્ષણમાં ધરખમ પરિવર્તન લાવ્યા. ૨૦૧૪ - માર્ચના એસ.એસ.સી.ની પ્રથમ બેચનું પરિણામ ૯૬% તેમની મહેનતનું જ ફળ હતું! જૂન - ૨૦૧૫થી તેઓ અવર લેડી ઓફ ફાતિમા ધર્મવિભાગ ઉમરેઠમાં કાર્યરત હતા.

તેઓ મૃદુ જબાનના માણસ હતા. ચહેરા પર સ્મિત હમેશાં ફરકતું રહેતું. તેમણે પોતાની પ્રતિકૂળતા કે નારાજગી વ્યક્ત કરી હોય તેવું ભાગ્યે જ બન્યું હોય! એપ્રિલ-૨૦૧૬માં પુરોહિતદીક્ષાની રજતજયંતીની ઉજવણીના ઉંબરે ઉભેલા, સરળતા અને માનવીય વ્યવહારના માલિક આમ અચાનક જ પ્રભુના સાંન્નિધ્યમાં વિરમી ગયા! ૨૩ નવેમ્બર, ૨૦૧૫ના રોજ બપોરે ઠાકોર ધર્મવિભાગના આગરવા ગામે એક લગ્નસંસ્કાર માટે જઈ રહ્યા હતા ત્યારે ઓચિંતા જ દુ:ખાવો ઉપડતાં તેમને ડાકોરથી રાધે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડોક્ટરના ખડેપગ ઈલાજ કરવા જતાં સાંજે ૬.૨૦ કલાકે તેમણે છેલ્લો શ્વાસ લીધો!

રાત્રે ૮.૦૦ વાગ્યે તેમના પાર્થિવ દેહને અવર લેડી ઓફ ફાતિમા દેવાલયમાં, ધર્મજનોનાં દર્શનાર્થે મૂકવામાં આવ્યો. પોતાના પ્રિયજનના મૃત્યુના સમાચાર મળતાં જ ધર્મજનો રાત્રે પણ એકઠા મળ્યાં. ગાંધીનગર મહાવડાધર્મગુરુ ધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. અંતિમ ખ્રિસ્તયજ્ઞ ૨૬ નવેમ્બર, ૨૦૧૫ સવારે ૯.૩૦ કલાકે નિર્મલ મિરિયમ દેવાલય - નડીઆદ ખાતે યોજાયો., જેમાં જ્યાં જ્યાં તેમણે સેવા આપી હતી. ત્યાંના શ્રદ્ધાળુઓ અંતિમવિદાય આપવા ઉમટી પડ્યા હતા. ખ્રિસ્તયજ્ઞ બાદ, કેથોલિક કબ્રસ્તાન - નડીઆદમાં તેમને અંતિમ વિસામો આપ્યો. પરમાત્મા ફાધર વિલ્સનના સ્નેહીજનોને આશ્વાસન આપે અને અમદાવાદ ધર્મપ્રાંતના પરિશ્રમી અને નિષ્ઠાવાન પુરોહિતને શાશ્વત શાંતિ આપે, એજ પ્રાર્થના.

— મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાન




**નાતાલ તથા નવાવર્ષની પ્રેમી સલામ**

# દેવાશ્રય સીટી
# એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમ

ફક્ત ક્રિશ્ચિયન કુટુંબો માટે



મધ્યમવર્ગને પોસાય તેવું તમારા સ્વપ્નાનું ઘર વસાવો.
સરદાર પટેલ રીંગ રોડથી વાંચ ગાત્રાળ તરફનાં રોડ પર સેંટ ઝેવિયર્સ સ્કૂલની એકદમ નજદીક તેમજ કેથોલિક ચર્ચની પાસે ફક્ત ક્રિશ્ચિયન ભાઈઓ માટે નજીવી કિંમતે ઘર વસાવો.

**સુવિધાઓ**

૧. એન.એ.એન.ઓ.સી. ટાઈટલ ક્લીયર.
૨. ૧૦૦% લોન પેપર ઉપલબ્ધ.
૩. ભૂકંપ પ્રૂફ આર.સી.સી.ફ્રેમ સ્ટ્રક્ચર.
૪. આકર્ષક એલીવેશન તથા સિક્યુરીટી કેબિન સાથે ગેટ.
૫. અંડર ગ્રાઉન્ડ ટાંકી તથા ઓવર હેડ ટાંકી ૨૪ કલાક પાણીની સુવિધા.
૬. સોસાયટીમાં સ્વતંત્ર પાણીનો બોર.
૭. દરેક બ્લોકમાં લિફ્ટની સુવિધા.
૮. પી.સી.સી. રોડ તથા સ્ટ્રીટ લાઈટ.
૯. પાર્કિંગ સાથે સંપૂર્ણ હોલો પાર્કિંગ

**સાઈટ એડ્રેસ:** દેવાશ્રય સીટી, સરદાર પટેલ રીંગ રોડ થી વાંચ તરફના રસ્તા પર, અમદાવાદ

**વધુ વિગત માટે મળો:** હેરી કેટરર્સ, શોપ નં.૪, કોષા સાસાયટીની સામે, સીયોનનગર, મણિનગર, અમદાવાદ

**કિરીટ ક્રિશ્ચિયન : ૯૮૨૫૦ ૧૩૮૪૬ / ૯૯૦૪૭ ૫૨૨૧૨ / ૯૮૨૫૦ ૪૭૯૫૨**





# પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૧૫મી યાત્રા
# યુરોપની બીજી યાત્રા તેમજ
# સિંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ, દુબઈના પ્રવાસો

| | **દેશો - સ્થળો** | **સમય** | **અંદાજીત ખર્ચ** | **દિવસો** |
|---|---|---|---|---|
| ૧. | સિંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ | ડિસેમ્બર - ૨૦૧૫ | રૂા. ૧,૧૦,૦૦૦ | ૧૦ દિવસ |
| ૨. | દુબઈ ફેસ્ટીવલ, દુબઈ | જાન્યુઆરી - ૨૦૧૬ | રૂા. ૬૫,૦૦૦ | ૦૫ દિવસ |
| ૩. | યુરોપ : ઈટાલી, રોમ, વેટીકન, લૂર્ડસ, ફાતિમા સ્વીત્ઝરલેન્ડ, સ્પેન, જર્મની | એપ્રિલ - ૨૦૧૬ | રૂા. ૧,૯૩,૦૦૦ | ૧૫ દિવસ |
| ૪. | ઈઝરાયેલ, ઈજીપ્ત, જોર્ડન, દુબઈ | મે - ૨૦૧૬ | રૂા. ૧,૦૫,૦૦૦ | ૧૨ દિવસ |

**-: સંપર્ક :-**

કોકિલાબેન એ. પરમાર
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ - ૩૮૭૩૧૦ જિ. આણંદ
મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪

રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.
મો. ૭૮૧૮૦ ૫૪૦૦૬

**"અન્યાયથી મળેલી ઘણી આવક કરતાં નીતિથી મળેલી થોડી આવક સારી છે."**
**(નીતિવચનો ૧૬:૮)**

## ક્રાઈસ્ટ કેટરર્સ એન્ડ ડેકોરેશન

**"We beleive in giving the best service"**

તમારું મનપસંદ મેનુ હવે તમારા બજેટમાં. આપે ખર્ચેલા દરેક રૂપિયાનું વળતર તો આપને મળવું જ જોઈએ. આ હેતુ સાથે આપના દરેક શુભપ્રસંગ જેવા કે બર્થ ડે, મેરેજ, એન્ગેજમેન્ટ અને બીજા નાના-મોટા એવા દરેક પ્રસંગનું આયોજન બહુ વધારે વિચાર્યા વગર અમને સોંપીને આપ તદ્દન ચિંતામુક્ત થઈ જાવ. અમે આપને ધી બેસ્ટ ક્વોલીટી અને ધી બેસ્ટ સર્વિસની ગેરંટી આપીશું.

**આપના શુભપ્રસંગોનો ઓર્ડર અમને આપવો કે ન આપવો એ તમારા હાથમાં છે, પરંતુ એકવાર એસ્ટીમેટ જરૂરથી લેશો. ૧૦૦% ફાયદામાં રહેશો.**
**"તક આપો અને તફાવત જુઓ."**

:: સંપર્ક ::

**જેક્સન ક્રિશ્ચિયન** ૯૯૨૫૨ ૨૧૬૬૩
**જીમી આર.** ૯૯૯૮૪ ૫૪૩૨૪
**સંજીવ સહાની** ૭૫૬૭૮ ૭૮૪૯૯
**રાકેશ દેસાઈ** ૯૬૬૨૦ ૩૬૪૭૭

*બી-૧૩,૨૦, આશાદીપ સોસાયટી, સિંધવાઈનગરની પાછળ, સી.ટી.એમ., રામોલ રોડ, અમદાવાદ - ૩૮૦૦૨૬*

જાહેરાત

"માણસ એકલો રહે તે સારું નથી." (ઉત્પત્તિ ૨:૧૮)
દેશ વિદેશમાં ઘેર બેઠાં પ્રત્યક્ષ માહિતી આપતું
**ખ્રિસ્તી સમાજના બધાં મિશનો માટે**

## ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**સમયઃ (સોમવાર થી રવિવાર) ૯.૩૦ થી સાંજના ૬.૩૦**
(એપોઈન્ટમેન્ટ લઈને મળવું.)

૧. આપની ઓળખ અને ફોટા વગરનો તમારો બાયોડેટા છ (૬) વખત જાહેરાતમાં મૂકવામાં આવશે. (બે પેપરમાં, વેબસાઈટ અને ફેસબુક ઉપર)
૨. જાહેરાત તથા અન્ય ખર્ચ પેટે યોગ્યતાના ધોરણે રજીસ્ટ્રેશન ફી લેવામાં આવશે.
૩. આર્થિક રીતે નબળી, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
**4. GNM નર્સિંગ, B.Sc.નર્સિંગ તથા વિદેશમાં સ્થાયી થવા ઈચ્છતા,** ઉચ્ચ અભ્યાસ ધરાવતા લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓને યોગ્યતાના ધોરણે વિનામૂલ્યે વિદેશ જવાની સુવિધા.
૫. કુંવારા, વિધવા, વિધુર, હેન્ડીકેપ, ૪૦ વર્ષની ઉપરના તથા પેન્શનર સીનિયર સીટીઝન પાત્ર મળશે.
૬. સાપ્તાહિક નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ પેપર વિના મૂલ્યે મળશે.
૭. ગર્વમેન્ટ રજીસ્ટર મેરેજ માટે પાસ્ટરની સુવિધા મળશે.

**ડાયરેક્ટરઃ ભાઈલાલભાઈ એસ. ટેલર**
પાર્ક સ્ટ્રીટ, મેથોડિસ્ટ નર્સિંગ સ્કૂલ સામે, મિશન રોડ, નડીઆદ - ૦૨ જિ. ખેડા (ગુજરાત)
**મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫, ૯૭૧૪૫ ૧૮૩૬૭**

# લગ્ન વિષયક

*ગુજરાતી કેથલિક યુવતી, B.Com (બી.કોમ) પાસ, જન્મ તા. ૦૮-૦૫-૧૯૮૭, ઉ.વર્ષ - ૨૮ ઊંચાઈ ૫ ફૂટ છે. રસ ધરાવતા યુવકના વાલીઓએ જ કૃપા કરી સંપર્ક કરવો. મિશન - રોમન કેથોલિક, સમકક્ષ જોબ કરતા, લાયકાત ધરાવતા યુવકના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૪૨૯૮ ૯૮૩૭૮**

* * *

*ગુજરાતી કેથલિક યુવક, ઉંમર ૨૭ વર્ષ, 3½ G.N.M. Nursing, કરેલ. ધાર્મિક, સ્માર્ટ, હેન્ડસમ, સરકારી વિભાગમાં કાયમી નોકરી કરતા યુવક માટે સરકારી નોકરીમાં સેવા આપતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૭૬૯૮૧ ૩૬૬૪૭ / ૮૫૧૧૬ ૪૩૭૧૮**
**૯૯૨૫૯ ૦૩૪૭૫ / ૯૯૭૪૩ ૪૯૨૭૨**

* * *

*Gujarati Catholic parents are looking for a good looking, educated girl from a catholic religious family for their son 31 - 5'6" having master degree in USA and having HIB visa, working as a software engineer. Interested parents/ alliance may please contact on the following number

**Mo. 72010 94375**

*We are looking for an appropriate & well qualified match for our daughter- M.Sc., B.Ed., working in a private school, June 1981 born, height 5'3", and weight 55 Kg. Interested parents may kindly contact

**Mob. 76980 91308 / 83471 98366**

* * *


1) We are looking for a good and suitable match from Gujarati catholic family for our M.A., B.Ed. (English) qualified working daughter as an upper primary teacher in Guj. Govt. Age 28 years, height 5'3", fair skin and good look. Interested parents of well qualified, well settled and well placed religious boy may please contact.

2) RC boy, 32 years, height 5'7", wheatish, Master of Commerce. (Finance with Accounting), works as an accountant cum administrator at Science college. Seeking alliance from suitable matches. Please contact on:

**Mob. 90337 35750**
**Email ID: shaadi7183@gmail.com**

# દ્વિમાસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું,
જેને મારામાં શ્રદ્ધા છે તેનું મૃત્યુ થાય, તો પણ તે જીવતો રહેશે."



## સ્વ. વિલ્યમ એસ. ચૌહાણ

જન્મ : ૦૪-૧૦-૧૯૪૩ ★ અવસાન : ૨૨-૧૦-૨૦૧૫

વિલ્યમ,

આપ મારી સાથે નથી, સ્મરણમાં છો.
આપ મારી પાસે નથી, સહવાસમાં છો.
આપ મારી પ્રત્યક્ષ નથી, પરોક્ષમાં છો.
આપ પ્રેરણાદાયી પ્રણેતા છો.
આમ છતાં, મારા શ્વાસોશ્વાસમાં છો.
આપની યાદમાં આપની પત્ની સુનંદા ચૌહાણ.

પપ્પા, અમે તમને ન તો દિલથી ચાહીએ, ન દિમાગથી.
કારણ, હૃદય તો બંધ પડી શકે છે.
દિમાગ તો ભૂલી શકે છે.
એટલે અમે તો તમને આત્માથી ચાહીએ છીએ.
ને આત્મા નથી કદી થંભવાનો કે નથી કદી ભૂલવાનો.

પ્રભુ આપના આત્માને ચિરશાંતિ આપે.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**જાહેર આભાર :-** *મારા પતિશ્રી વિલ્યમભાઈની માંદગી સમયે તથા નિધન સમયે અમારા પરિવારજનો પર આવી પડેલ દુઃખની ઘડીમાં ફાધરો, સિસ્ટરો, સગાંસ્નેહીઓ, જ્ઞાતિબંધુઓ તથા ગામડી ગામના ધર્મજનો, રૂબરૂ તથા પ્રાર્થના કરવા આવનાર દરેકનો તથા ફોન દ્વારા સદ્‌ગતના આત્માને શાંતિ મળે તેવો સંદેશો પાઠવનારનો અમો દિલથી આભાર માનીએ છીએ.*

**લિ. ચૌહાણ સુનંદાબેન તથા પરિવાર**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"મારામાં બળ પ્રેરનાર ઈસુખ્રિસ્તને પ્રતાપે
હું સર્વ કાંઈ કરી શકું છું"



## સ્વ. જોનભાઈ વિલ્યમભાઈ મેકવાન

જન્મ : ૨૪-૦૬-૧૯૬૫ ★ અવસાન : ૧૭-૧૨-૨૦૧૪

આપની અચાનક વિદાયને આજે જોતજોતામાં એક વર્ષ વિતી ગયું, પણ હજી મન માનતું નથી કે, તમે અમારી વચ્ચે નથી. તમારી તસ્વીર નિહાળતાં જ આંખો રડી પડે છે. તમારી હરેક પળે ખોટ સાલે છે. જીવનમાં અથાગ પરિશ્રમ કરી સાદગીથી જીવન જીવી, આખું જીવન સુખ દુઃખને હસતાં હસતાં વેઠી ધીરજ રાખી, કુટુંબનો ઉદ્ધાર કર્યો. તમે કુટુંબના મોભી હતા. બાપુના ગયા પછી બાપની ખોટ પડવા દીધી નથી. બાળકો બોલે તે પહેલાં તો હું છું ચિંતા ના કરતાં બધું જ થઈ જશે. બાળકોને ભણતાં જોઈ હરખાઈ ઉઠતા તમે પણ એનું ફળ જોવા માટે તમે અમારી વચ્ચે નથી એ વાતનું ખૂબ જ દુઃખ છે.

ધર્મ પ્રત્યેનો તમારો પ્રેમ, કુટુંબ તરફની તમારી ભાવના અને સૌની સાથે હસીને જ વાત કરવાનો તમારો સ્વભાવ, બધાને એક તાંતણે બાંધી રાખવાનું તમારું સ્વપ્ન આ બધાં જ તમારા ગુણો અમારા માટે પ્રેરણાદાયી બની ગયા છે. એરીક-એરોન ફોટામાં મોટા પપ્પા કરીને તમને સંબોધે છે. સમય તો પાણીની જેમ વહી જાય છે, પણ તમારી યાદ ભુલાતી નથી. સારા નરસા પ્રસંગોની શરૂઆત થઈ અને તમે વારેવાર યાદ આવ્યા જ કરો છો. સૌનાં ગમતા, વ્હાલીડાં, મજાક-મસ્તીવાળા તમારી ખોટ અમને ખૂબ જ સાલે છે. તમારી સાથે વિતેલો સમય અને તમારા પ્રેમને અમે ક્યારેય નહીં ભૂલીએ.

પરમપિતા આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. પુનરુત્થાનની પ્રભાતે ફરીથી મળીશું.

**લિ. તમારી પત્ની કોકીલા, અજય, વિજય,
જીમ્મી - દિવ્યા, નિમિષા - જીતુ
તથા સમસ્ત મેકવાન પરિવાર**

## દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ



**સ્વ. સુમિત્રાબેન મણિલાલ મકવાણા**

જન્મ: ૦૧-૦૬-૧૯૪૮

અવસાન: ૨૪-૧૨-૨૦૧૩

**"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમાં છું."**

"હે પ્રભુ જોડી હાથ આપને, પ્રેમથી એ માંગીએ,
શરણ મળે સાચું તમારું એજ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં તેને અપનાવજો.
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપ આપજો."
"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

**લિ. મણિલાલ તથા બાળકો**

પુત્રી :
નીરૂ - પીટર,
વિનિતા - આરૂલ
(વડોદરા)

પુત્રો :
બિપીન - મેરી, દિવ્યેશ (સુરત)
હર્ષદ - મનીષા, શ્રેયા (ભાવનગર)
રવિન્દ્ર - વર્ષા, પૂર્વી, અર્પણ (છોટાઉદેપુર)
નિલેશ - મેઘના, નાઈજીલ, માયરોન (વડોદરા)

*સુરભી એવન્યુ, બી-૨૧૪, જૂના છાણી રોડ - સરદારનગર, વડોદરા-૨*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેશભાઈ સેમ્યુલભાઈ ચૌહાણ**

(ગામ: ભાલેજ)

જન્મ: ૩૦-૦૯-૧૯૭૧

અવસાન: ૦૫-૧૨-૨૦૧૪

**"હું જ પુનરુત્થાન છું હું જ જીવન છું..." (યોહાન ૧૧:૨૪)**

જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું
દુઃખને ગાયું નહીં, સુખને ક્યારે છલકાવ્યું નહીં.
હસતો રાખી ચહેરો, વિદાય લીધી ઓચિંતી
સદ્‌ગુણો થકી વસી ગયાં સૌના હૃદયમાં.

**લિ. સમસ્ત દુઃખી પરિવાર**
**લત્તાબેન મહેશભાઈ ચૌહાણ**
**પુત્ર : સ્વપનિલ, સમીર  ભાઈ : રાકેશ**

*૪૬/૩ ઈશાનંદ સોસાયટી, રામોલ રોડ, સી.ટી.એમ.*
*અમદાવાદ - ૩૮૦૦૨૬*

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શૈલેષ ગોવિંદભાઈ પરાસર**
**(સિમોનભાઈ)**

જન્મ: ૨૯-૦૮-૧૯૫૬

અવસાન: ૦૭-૧૨-૨૦૧૩

આપને શ્રદ્ધાંજલિ અર્પતાં શબ્દો ખૂટી જાય છે. સ્નેહથી સીંચાયેલી તમારી એદનવાડીમાં અમો પંખી બની કિલ્લોલ કરતાં હતાં. આપની હાજરી, અમને ચિંતાઓથી મુક્ત રાખતી હતી, પ્રેમનો અહેસાસ કરાવતી હતી, અને અમે નભોમંડળના પંખીઓની જેમ મુક્ત ગગનમાં વિહાર કરતા હતા.


આપના સંસ્કારોથી કેળવાયેલાં બન્ને બાળકો મારો સથવારો બન્યાં છે, મારી શક્તિ બન્યાં છે. અમે, આપને યાદ કરતાં, આપે સિંચેલા સદ્‌ગુણોને પગલે ચાલીએ છીએ. તમારી વસમી વિદાય જીરવવી અઘરી છે, તમારા ચંકી અને ચીકુ પપ્પાને યાદ કરતા પોકારી ઉઠે છે ત્યારે મારી આંખમાં શ્રાવણ-ભાદરવો છલકાઈ ઉઠે છે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે તેવી પ્રાર્થના સહ આપનો પરિવાર.

**લિ. કૈલાસ, ચંકી, ચીકુ તથા મા-બાપુ**

*સી - ૭, નતાશા પાર્ક રેસીડન્સી - ૨, નિઝામપુરા - વડોદરા*

**"ઓ મારા પ્રભુ,**
**ઓ મારા પરમેશ્વર."**

**"હું તારો ઈશ્વર પ્રભુ, તારો જમણો હાથ પકડું છું અને કહું છું, ડરીશ નહીં, હું તારી મદદમાં છું." (યશાયા ૪૧:૧૩)**



**શ્ર દ્ધાં જ લિ**



**સ્વ. સીમોન ફ્રાન્સિસ મેકવાન**
જન્મ: ૧૮-૦૮-૧૯૩૮
અવસાન: ૧૬-૦૬-૨૦૦૭

**સ્વ. આગ્નેશબેન સી. મેકવાન**
જન્મ: ૦૧-૦૬-૧૯૪૧
અવસાન: ૩૦-૧૨-૨૦૧૧


વ્હાલાં મા-બાપુજી,

નહોતી ખબર કે જિંદગી આવા રંગો બતાવશે. જ્યારે જરૂર હતી તમારા આર્શીવાદ અને પ્રેમની ત્યાં તમારી યાદ બતાવશે. પરંતુ સાથે છો હરઘડી તમે અમારી એ પરમેશ્વરનો આત્મા અનુભવ કરાવે છે. બસ હવે તો એક જ આશા છે કે, પુનરુત્થાનની પ્રભાતે જરૂરથી મળીશું.

**લિ. જસ્ટીન - મધુ, કેતન - પિનલ**
**રોબીનસન, ઓલ્વીન, જેક્સન** (સામરખાવાળા)

*ટી.પી. ૧૩, છાણી જકાતનાકા, વડોદરા - ૦૨*

## હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. પાઉલભાઈ દામિયાનભાઈ મેકવાન**

પૂજ્ય સાહેબશ્રી,

એક ધર્મપ્રચારક તરીકે ધર્મસભાની આપે અમૂલ્ય સેવા કરી છે. પ્રભુ આપના આત્માને શાંતિ આપે અને પરિવારજનોને આશ્વાસન આપે એજ પ્રાર્થના.

**ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. એલિઝાબેથ આર. સોલંકી**

અવસાનઃ ૨૫-૧૨-૨૦૧૪

પરમપવિત્ર પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ બક્ષે.

**લિ. આપના વ્હાલા બાળકો**

## દ્વિતીય પુણ્યતિથિ




**સ્વ. ડાહ્યાભાઈ શનાભાઈ પરમાર**

જન્મઃ ૧-૩-૧૯૪૨ ★ અવસાનઃ ૧૫-૧૨-૨૦૧૩

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. સાબીનાબેન ડાહ્યાભાઈ પરમાર**
**તથા સમગ્ર પરિવાર - મોગરી**

## દ્વિતીય પુણ્યતિથિ



**સ્વ. પરમાર મણીલાલ ગોપાલદાસ**

જન્મઃ ૨૬-૧૧-૧૯૪૫ ★ અવસાનઃ ૨૬-૧૨-૨૦૧૩

“હું જ પુનરુત્થાન છું, હું જ જીવન છું.”
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**તમારી પત્ની, ટીની, સંગી**
*સૂર્યનગર, વડોદરા - ૨*

## તૃત્તીય પુણ્યતિથિ



**સ્વ. ઉમેદભાઈ મકાભાઈ રાઠોડ**

જન્મઃ ૧૭-૪-૧૯૩૯ ★ અવસાનઃ ૪-૧૨-૨૦૧૨

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. દુઃખી લુશીયા તેમજ બાળકો**
**રાજેશ - અમિતા, રાજવી, હિતાશી , વિરાજ**

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. વિલ્યમભાઈ એફ. પરમાર**

જન્મઃ ૨૬-૪-૧૯૪૪ ★ અવસાનઃ ૧૩-૧૨-૨૦૧૦

સમય આવ્યો જુદા થવાનો હંમેશ માટે...
મળવાનું છે નક્કી અનંતકાળે...

**લિ. શાંતાબેન પરમાર તથા દુઃખી પરિવાર**
*૬૩, મેઘધનુષ સોસાયટી, ટી.પી.૧૩, છાણી જકાતનાકા, વડોદરા*

# શ્રદ્ધાંજલિ

“ઈસુએ કહ્યું કે, પુનરૂત્થાન તથા જીવન હું છું. જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે.” (યોહાન ૧૧:૨૪)



**સ્વ. માર્ગરેટ અનિલ દાસ**

જન્મ : ૨૩-૦૨-૧૯૪૬

અવસાન : ૦૬-૦૯-૨૦૧૫

“આજે તું અમારી સાથે નથી પણ હજુયે મન એ માનવા તૈયાર નથી. આંખોમાંથી આંસુ સુકાતાં નથી, કારણ, તારા પાલવની હવે આશા નથી. તારું સ્થાન કોઈ લઈ શકવાનું નથી. કેમકે આ દુનિયામાં તારો કોઈ **પર્યાય** નથી. પ્રભુએ ભલે કરી તને દૂર અમારાથી પણ અમારા આત્માથી તને દૂર કરી શકવાના નથી.

આજે પણ યાદ છે એ એક એક પળ તારી સાથે જોડાયેલી યાદોનો કોઈ અંત નથી. તારા વિશે કંઈ કેટલું એ કહી શક્યા નથી. અંતમાં એટલું જ કહીશું કે ખૂટી જશે શબ્દો પણ અમારા જીવનમાંથી તારું મહત્ત્વ ક્યારેય ઘટવાનું નથી. પરિવારના સભ્યો અમે તો આજેય સાથે છીએ, પણ તારા એક વિના આ પરિવાર પૂરો થતો નથી.”

**લિ.**
**અનિલ પી. દાસ (પતિ)**
**રાજીવ એ. દાસ (પુત્ર), રોશની એ. દાસ (પુત્રી)**
*વડોદરા*

## ૧૦મી પુણ્યતિથિ

"હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું,
જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય
તો પણ તે જીવતો થશે."

## ૪૧મી પુણ્યતિથિ



**સ્વ. મરિયમ સીરીલ પરમાર**
**પરલોકે ગમનઃ ૨૯-૧૨-૨૦૦૫**

★

**સ્વ. સીરીલ આલ્બાન પરમાર**
**પરલોકે ગમનઃ ૧૪-૧૦-૧૯૭૪**



"સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી."
"કલ્પવૃક્ષ" સમી આપની છાયા હવે ક્યાંય નહિ મળે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ હૃદયપૂર્વક પ્રાર્થના.

**લિ. સ્વાતિ પાઉલ પરમાર તથા પરિવાર**

# છમાસિક શ્રદ્ધાંજલિ

*ચિઠ્ઠીના કોઈ સંદેશ... જાને વો કૌન સા દેશ... જહાઁ તુમ ચલે ગયે...*

વાત હતી પ્રેમની ગોષ્ઠિ માંડવાની
ત્યાં તો તમે છલાંગ મારી
મૃત્યુની પછેડી ઓઢી લીધી
કોને કરીએ ફરિયાદ અમારા દિલની
અમે રડતાં રહ્યાં ને તમે ચાલ્યા ગયા
વ્યાપ્યો છે સૂનકાર હૈયે
સંસ્મરણો વાગોળવાં રહ્યાં
નથી શબ્દો કે વાચા રહ્યાં હવે
રહી છે અશ્રુભીની મૂકભાષા હૈયે હવે

જન્મ : ૧૬-૦૬-૧૯૪૬



વટવૃક્ષ સમી છાયા હતી આપની
કદી ના વિસરાય એવી માયા હતી આપની
રહી યાદ દિલમાં તમે તસવીરમાં વસી ગયા
ઘર બધું વેરાનને આંગણિયાં સૂનાં થઈ ગયાં
ના તમે રહ્યા, ના શબ્દો રહ્યા,
ના રહ્યા સ્વર તમારા
મળ્યો તમારો પ્રેમ એ પુણ્ય હશે કો' અમારાં
મળશું પુનરુત્થાનની પ્રભાતે
એજ છે દિલની કામના.

અવસાન : ૨૫-૦૫-૨૦૧૫

**સ્વ. ડેવિડ અંતોન ચકલાસિયા**

**ખાસ નોંધ :** *અમારી દુઃખદ પળોમાં, સ્વર્ગસ્થની અંતિમ યાત્રા તેમજ પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહી અમને દિલાસો - સાંત્વના પાઠવનાર જીવનજ્યોત સોસાયટીનાં પરિવારજનો, સગાં-સ્નેહી, મિત્રો, પરિચિતો અને ફાધરો-સિસ્ટરો... સર્વેના અમે આભારી છીએ.*

**લિ. આપની કમુ તથા ચકલાસિયા પરિવાર...**

| | | |
|---|---|---|
| **બ્રિજેશ - પારૂલ** | **બિમલ - પંક્તિ** | **બ્રિજિટ - આદર્શ** |
| **પરી અને શ્લોક** | **મોક્ષ** | **આર્શીયા** |
| *જીવનજ્યોત - પેટલાદ* | *વડોદરા* | *સિંગાપુર* |

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### પરિવારમાં ક્ષમાધર્મ

**વેટિકન :** શુભસંદેશનો પ્રસાર અને પરિવારો સમક્ષ પડકારો - વિચારમીશ અનુસંગે અખિલ વિશ્વ ધર્માધ્યક્ષ પરિષદ (સીનોડ)ના સમાપનના એક સપ્તાહ બાદ, ૪થી નવેમ્બરના રોજ દર્શનાર્થી શ્રદ્ધાળુઓ આગળ વડાધર્મગુરુએ પરિષદને પરમેશ્વરની વિશેષ કૃપા તરીકે ઓળખાવી. “પરિવારમાં માફીની ભાવના, બહેત્તર સમાજની નવરચનામાં પ્રોત્સાહક પરિબળ બની રહે છે તેવો સંદેશ આપ્યો હતો : ‘પરિવારમાં માફીની આપલે, પરિવાર ભંગાણને અટકાવે છે, તદુપરાંત સમાજને સમાજની દુષ્ટતા ક્રુરતાને ઘટાડે છે. સાપ્રંત સમાજના ઉત્થાન માટે તેમજ ધર્મસભાના વિકાસ ખ્રિસ્તી પરિવાર નોંધપાત્ર ભૂમિકા અદા કરી શકે છે’ માફીને અગ્રેસર બનાવી એક પરિવાર પોતાની હાકલને વફાદાર રહે છે તેમજ આશાનું સક્રમણ કરે છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

ત્રણ અઠવાડિયા કાર્યરત પરિષદના અંતે, વેટિકને એક અંતિમ દસ્તાવેજ પ્રકાશિત કર્યો છે જેમાં પરિષદમાં વિચારવિમર્શ કરવામાં આવેલા વિષય, ઉપસ્થિત ધર્માધ્યક્ષના મતમતાંતર વણી લેવામાં આવ્યા છે. પરિવાર પરિષદની પૂર્વતૈયારી છેલ્લાં બે વર્ષથી લગાતાર કરવામાં આવી હતી અને પરિષદનો નિત્કર્ષ સામાન્ય ધર્મજન જાણે સમજે અનુસરે એવા આશયથી પરિષદના અંતે તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજને તેમણે શ્રદ્ધાળુઓ સમક્ષ પ્રગટ કર્યા છે : ‘અનેક નિષ્ણાંતોએ છેલ્લાં બે વર્ષ દરમિયાન કરેલી મથામણ - પ્રયાસને પરિષદની ફ્લશ્રુતિને, ધર્મજનો વાંચીને તેમાં પરોક્ષપણે ભાગીદાર બને એવી મારી ઇચ્છા છે. ગૃહસ્થજનો વાસ્તવિક જીવનમાં શુભસંદેશ જીવીને, રોજબરોજ નવાં પાન તેમાં ઉમેરતા રહે છે, તે હું જાણું છું. હતાશા અને નફરતની આ દુનિયામાં ઉમદા દામ્પત્ય જીવન દ્વારા તમે પરમાત્માદત્ત પરિવારનાં વરદાનનું પ્રત્યક્ષ પ્રમાણપત્ર રજૂ કરો. પરિવાર એક વ્યાયામશાળા છે જ્યાં રોજબરોજ ક્ષમાધર્મનો મહાવરો અનિવાર્ય છે. પ્રેમની પહોળાઇ વધારવા અને સક્ષમ રાખવા સ્વભેટમાં ક્ષમા અગત્યની છે. ‘હે અમારા બાપ’ પ્રાર્થના આપણને કેટલીવાર ક્ષમાધર્મની હાકલની યાદ અપાવે છે? ક્ષમાની આપલે કર્યા વિના આપણે દોઝલ નર્કાગારની જિંદગીનો ભોગ બનીશું, ક્ષમાધર્મ જ બહેત્તર પારિવારિક અને સામાજિક જીવનનું ઉદ્દ્ગમ કેન્દ્ર છે. ક્ષમાની આપલેમાં કરેલો વિલંબ જીવનને કઠિન બનાવી શકે છે! પરિવારમાં સાસુ અને વહુ, ભાઈ અને બહેન, માબાપ અને સંતાન, પતિ અને પત્નીએ દરરોજ દિવસના અંતે એકબીજાની માફી માગવી, માફી આપવી, જેમાં દિવસભરના દિલના જખમ રૂઝાય, દામ્પત્યજીવન બળવત્તર બને દ્રન્દ્રયુદ્ધથી દિવસનો અંત ન થાય તેની કાળજી રાખજો. સંત માથ્થીની સુવાર્તાને અનુસરતાં ધર્મસભા - એક વિશાળ પરિવારના રૂપમાં ક્ષમાધર્મ દ્વારા જ પુર્નજીવિત-વિકસિત બને છે. ઈશ્વરની દયા વર્ષમાં આ અમૂલ્ય ખજાનો પ્રત્યેક પરિવારને સાંપડે એજ અભ્યર્થના.’

– CNA

### જીવનજ્યોતિ બાઈબલ

**વેટિકન :** ‘બાઈબલ જીવન પરિવર્તન કરી શકે છે, નિયમિત વાંચન કરો. વાંચનથી થયેલી અનુભૂતિ ફેસબૂક, માય સ્પેસ કે ટવિટર પર અભિવ્યક્ત કરતા રહો.’ એવો સંદેશ વડાધર્મગુરુ ફ્રાન્સિસે ૨૩ ઓક્ટોબરના રોજ યુવાનોને આપ્યો હતો. ‘બાઈબલ, ઘોડામાં રાખી મૂકવા માટે નથી પણ તમારા હાથમાં હોવું જરૂરી છે, વ્યક્તિગત અને અન્ય સાથેના સંપર્કમાં બાઈબલની હાજરી અનિવાર્ય છે.’ તે પરિવર્તનનો સ્રોત છે, એવો સંદેશ જર્મનીમાં યુવાનો સાથેની મુલાકાતમાં તેમણે નોંધ્યો હતો.

યુવાનો રમતના મેદાનમાં કે બજારમાં ખરીદી કરવા સમૂહમાં હોય છે ત્યારે સમૂહમાં બાઈબલ વાંચન કરવા યુવાનોને અનુરોધ કર્યો હતો : ‘એક બે કે ત્રણ ચાર સાથે મળીને બાઈબલ કેમ વાંચી ન શકાય? કુદરતના ખોળે, દરિયા કિનારે, મીણબત્તીના અજવાળે હોટલમાં બાઈબલ વાંચન એક નોખો અનુભવ પુરો પાડશે. ધ્યાનથી વાંચો, ‘ગમ્મત ગુલાલ’ની જેમ મનોરંજન માટે, ઉતાવળે કે ઉપરચોટિયું વાંચશો નહીં.’ બાઈબલ વાંચન દ્વારા પ્રભુ મને શું કહે છે તે પ્રશ્ન કરવા વડાધર્મગુરુએ લોકોને પ્રોત્સાહિત કર્યા હતા : ‘બાઈબલનો મારા અંતરના ઊંડાણમાં સ્પર્શ થયો છે? હવે મારે શું કરવું જોઈએ? આ રીતે જાણવાની ઉત્કંઠાથી પ્રભુની વાણીનો પ્રભાવ પ્રગટ થઇ શકે. માત્ર આજ સર્વોત્તમ રાહ છે જેનાથી જીવનનું બદલાણ, જીવન મહાન અને સુંદર બની શકે.’

વડાધર્મગુરુનો બાઈબલ અંગેના પ્રતિભાવ બાઈબલની જર્મન આવૃત્તિ ‘યુકેટ બાઈબલ’ (Youcat Bible)ના આમુખમાં પ્રકાશિત થયો છે. યુવાનોના ધર્મશિક્ષણ માટે જર્મનીમાં ‘યુકેટ’ પ્રકાશને આ પ્રકારના બાઈબલનું પ્રકાશન કર્યું છે. બાઈબલની આ નવી આવૃત્તિ અત્યાધુનિક આવરણ સાથે, રેખા ચિત્રાંકન, રંગીન ચિત્રો; વિસ્તૃત ટીપ્પણી તથા ઉક્તિઓ સાથે પ્રકાશિત કરવામાં આવી છે, જે ‘ફ્રેન્ક ફ્રૂટ બૂક કેર’માં ખૂબ જ લોકપ્રિય રહ્યું હતું તથા અમેરિકા, પોલેન્ડ તથા આર્જેન્ટિના જેવા દેશના ૧૫ પ્રકાશકોએ સાથે મળી આ બાઈબલનું પ્રકાશન હવે પછી હાથ ધરવા સમજૂતી કરી હતી. ‘પુસ્તક મેળામાં, અન્ય દસ ગ્રંથમાં બાઈબલની આ આવૃત્તિ મોખરે રહી હતી’ એમ ‘યુકેટ’ના પ્રોજેક્ટ મેનેજરે જણાવ્યું હતું.

૨૦૧૧માં યુકેટ પ્રકાશને યુવાનોના ધર્મશિક્ષણના આ બાઈબલની છ લાખ પ્રત બહાર પાડી હતી. હાલમાં વિશ્વની ૩૯ ભાષાઓમાં તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે. યુકેટના પ્રકાશનના આમુખમાં વડાધર્મગુરુએ પોતાના અંગત બાઈબલ અંગે નોંધ કરી છે : “મારું અંગત બાઈબલ દેખાવમાં પ્રભાવિત કરનારું નથી. વડાધર્મગુરુના બાઈબલમાં શું હશે? જૂનું પુરાણું, જીર્ણ થઈ ગયેલું પણ હું મારા આ બાઈબલને ચાહું છું, તેના બદલામાં નવું બાઈબલ મેળવવાની મારી બિલકુલ ઇચ્છા નથી., અડધાથી વધારે જીવનનાં વર્ષો તેણે મને સાથ આપ્યો છે, મારા સુખદુઃખના પળોનો એ સાથી છે. મારા જીવનનો સર્વોત્તમ

મૂલ્યવાન ખજાનો છે. મારા જીવનનો તે આધાર છે, જેના સિવાય દુનિયાને આપવા માટે મારી પાસે કંઇ પણ નથી.!"

યુવાનો માટેની બાઈબલની આ નવી આવૃત્તિમાં સંતના જીવનની સાક્ષીનાં પ્રકાશનનાં વડાધર્મગુરુએ વખાણ કર્યાં હતાં. 'બાઈબલ વાંચન શરૂ કરતાં જ છેલ્લા પાન સુધી વાંચવાની તમારી ઉત્કંઠા જાળવી રાખનારી આ આવૃત્તિ છે. ધર્મસભાના આરંભ કરતાં પણ આજે વધારે પ્રમાણમાં ખ્રિસ્તીઓની સતામણી થઈ રહી છે, કારણ તેઓ ગળામાં ક્રોસ ધારણ કરીને ઈસુની સાક્ષી આપે છે. બાઈબલના પ્રતાપે જ તેમનું જીવન બિનખ્રિસ્તીઓમાં સાક્ષીરૂપ છે. પ્રભુની વાણીને પ્રતાપે જ દુનિયાને જગપ્રકાશ લાધ્યો છે જે ક્યારેય હોલવાશે નહિ' એમ તેમણે ઉમેર્યું હતું.

અંતમાં વડાધર્મગુરુ પોતાની બાઈબલ વાંચનની સુટેવ અંગે જણાવ્યું હતું : 'વારંવાર હું બાઈબલના થોડાક ભાગનું વાંચન કરું છું અને ત્યારપછી મનનચિંતન કરતાં પ્રભુને સાંભળું છું. હું પ્રભુને જોતો નથી, તેઓ મારી પર રહેમનજર રાખે છે. તેઓ ત્યાં જ છે. હું મારું ધ્યાન, તેમનામાં પરોવા પ્રયાસ કરું છું. લાગણીના આવેશમાં નહીં પણ અંતરના ઊંડાણમાં, ઘણી વાત પ્રભુ મને કહે છે. ક્યારેક માત્ર ખાલીપો... કેવળ શૂન્યવકાશ... પણ હું ધીરજથી ધ્યાન ધરું છું, વાંચન-પ્રાર્થના ક્રમશઃ કરતો રહું છું. ક્યારેક આંખોમાં ઊંઘ પણ આવી જાય છે પણ તેનો વિરોધ કરતો નથી. આખરે એક દીકરો, બાપના સાંનિધ્યમાં છે, એજ વધારે મહત્ત્વનું છે.'

– EWTN News

## ધર્મભારતી

### રાષ્ટ્રીય ખ્રિસ્તશરીર સંમેલન

ચાર દિવસીય ૧૨ થી ૧૫ નવેમ્બર, ૨૦૧૫ (૧૯૬૪-૨૦૧૫) રાષ્ટ્રીય ખ્રિસ્તશરીર સંમેલન સ્મરણોત્સવ (નેશનલ યુકેરિસ્ટિક કોંગ્રસ)નો શુભારંભ ૧૨ નવેમ્બર, ૨૦૧૫ના રોજ સેંટ પાયસ સેમિનરી - ગોરેગાંવ મુંબઈ ખાતે, ૩૮મી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તશરીર સંમેલનની સુવર્ણજયંતીની ઉજવણી નિમિત્તે કરવામાં આવ્યો હતો., જેમાં ભારતભરના ૧૬૪ ધર્મપ્રાંતના પ્રતિનિધિઓ, 'ખ્રિસ્તયજ્ઞમાં ખ્રિસ્તની ઉપસ્થિતિ અને ખ્રિસ્તનું શરીર-જીવનદાયી રોટી' આસ્થા સાથે હાજર રહ્યા હતા. 'ખ્રિસ્ત દ્વારા પોષણ, અન્ય માટે પોષણકારક' સૂત્રવિધાન ખ્રિસ્તીઓને પ્રાપ્ય જીવન, અન્ય સાથે વહેંચવાની યાદ અપાવનારું હતું. ખ્રિસ્તયજ્ઞ દ્વારા પ્રતિપોષણ મેળવીને ગરીબી રેખા નીચે જીવતા વંચિત અને કમનસીબને નવજીવન આપવાનો અહીં અનુરોધ છે. અધ્યક્ષીય આસન, વેદી, પરમયજ્ઞનાં પાત્ર એ જ હતાં જે ૩૮થી કોંગ્રસમાં ઉપયોગમાં લેવામાં આવ્યાં હતાં. મહાનગરના બે શહેરી ધર્મવિભાગ તરફથી ૧૮૦૦ની સાલમાં ઉપહારશય થયેલ ક્રોસ તથા મીણબત્તી સ્ટેન્ડ વેદી પર સુશોભિત હતાં.

સંમેલનના આરંભે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવા શ્રદ્ધાળુઓ પોતાના ધર્મપ્રાંતના ધ્વજ સાથે પરંપરાગત વેશપરિધાન કરી સરઘસ આકારે વેદી સન્મુખ આવ્યા હતા., જેમાં ચાર કાર્ડિનલ, ધર્માધ્યક્ષશ્રીઓ, પુરોહિતગણ તથા ધર્મજનો જોડાયા હતા. પરમ આદરણીય ઓસ્વાલ્ડ કાર્ડિનલ ગ્રેસિયસે પૌપ્ય પદાધિકારી વંદનીય મેલ્કોમ કાર્ડિનલ રણજિતનો ઉષ્માભેર આવકાર કર્યો હતો. પરમપૂજ્ય બેસેલિયસ કાર્ડિનલ ક્લીમિસે રાષ્ટ્રીય ખ્રિસ્ત શરીર સંમેલનને ખુલ્લું જાહેર કર્યું હતું.

કાર્ડિનલ ઓલ્વાલ્ડ ગ્રેસિયસે એમ્માઉસ અનુભવને ટાંકીને જણાવ્યું હતું : 'ઈસુના શિષ્યો હતાશ થઈને બંધ બારણે બેઠા હતા. જેમની પર તેમણે મદાર બાંધ્યો હતો, તેમને ક્રૂસે લટકાવી દેતાં હતપ્રતા બની ગયા હતા! નિરાશ થઈ ગયા હતા. અજાણ્યા પ્રવાસીના સ્વાંગમાં ઈસુનો ભેટો થતાં, વાણી સાંભળતાં અંતર ઝળઝળાં થઈ ગયાં હતાં. પોતાની સાથે રહી જવાનો આગ્રહ કરતાં રોટલીના ટુકડા કરતાં કેવી રીતે ઓળખી કાઢ્યા હતા, અને એ રીતે ખ્રિસ્ત અદ્‌ભુત રીતે તેમને સ્પર્શી ગયા હતા. તેમનામાં હિંમત આપી. શુભસંદેશની ઘોષણા કરવા તેઓ નીડરપણે આગળ આવ્યા. આવો જ અમ્માઉસ અનુભવ સંમેલનમાં હાજર સૌને થાય એવી મારી શુભેચ્છા.' તેઓશ્રીએ ઉમેર્યું હતું : 'ખ્રિસ્તમય જીવનના અનુભવ - સાક્ષીઓની આપલેને કારણે આપણી કઠિનાઈ સરળ બને છે, ક્રૂસનો ભાર ઓછો લાગે છે. સંમેલનની ક્ષણો સૌને એમ્પાઉસની અનુભૂતિ કરાવે એવી મારી અપેક્ષા. ખ્રિસ્તનો સ્પર્શ થતાં તેઓ ક્યારેય પાછા પડ્યા ન હતા. શું આપણી બાબતમાં પણ એવું બની શકે?' પ્રસંગની યાદમાં સીનિયર સુપ. પોસ્ટની હાજરીમાં વિશેષ પરબિડિયાને પ્રસિદ્ધ કર્યું હતું. વિશેષમાં સંન્યસ્તગણ તેમજ ગૃહસ્થાનોએ ખ્રિસ્તયજ્ઞના જીવનથી ઘોષિત જીવનસાક્ષી પ્રગટ કરી હતી. ઉજવણીના અંત ભાગમાં ભારતના ભાતીગળ લોકનૃત્યોની રંગબેરંગી રજૂઆતથી વાતાવરણ મહોરી ઉઠ્યું હતું.

– Report of ccc Avchdioceores of Bomby

## ધર્મગુર્જરી

### સંગીત સંધ્યા

**વડોદરા :** મેન્ટલ હોસ્પિટલ-કારેલી બાગના પટાંગણમાં, ટી.પી. ૧૩ સ્થિત 'રચના ખાદી ગ્રામોદ્યોગ સેવા સદન' દ્વારા મનોવિકલાંગ માટે ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો, જેમાં હોસ્પિટલના ડોક્ટર્સ, કર્મચારીગણ તથા મનોવિકલાંગ દરદીઓ જોડાયા હતા. રોજિંદી ઘટમાળથી અલગ ચીલો ચાતરવાના આશયથી યોજાયેલ આ કાર્યક્રમમાં દરદીઓએ ફિલ્મી ગીતોની સુંદર રજૂઆત કરી હતી અને ગરબે ઘુમ્યા હતા.

રચના ખાદી ગ્રામોદ્યોગ સેવા સદન દ્વારા અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ - બાળકો, યુવાનો, મહિલાઓ તેમજ વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, થેલસીમિયા અવરનેશ, પર્યાવરણ સુરક્ષા, જેલ સુધારણા કાર્યક્રમનું વર્ષ દરમિયાન આયોજન થાય છે અને સામાજિક ઉત્થાનમાં શ્રેષ્ઠ યોગદાન કરે છે. સંગીત સંધ્યા કાર્યક્રમની સફળતામાં સંસ્થાના પ્રમુખ સ્મિતા મેકવાન તથા શુભેચ્છકોએ સહયોગ આપ્યો હતો.

– રેચેલ મેકવાન

## નિબંધ સ્પર્ધાના વિજેતા

**મુંબઈ:** 'સુધીર શાહ એન્ડ એસોશીયેટ્સ' મુંબઈ સંસ્થા તરફથી દર વર્ષે કાકાસાહેબ કાલેલકર પ્રવાસ વર્ણન નિબંધસ્પર્ધા યોજવામાં આવે છે. તેમાં પ્રથમ આવનારને રૂા. ૫૧,૦૦૦.૦૦નું માતબર ઈનામ આપવામાં આવે છે. ૨૦૧૫માં યોજાયેલ આ સ્પર્ધામાં ૨૫૦ જેટલા નિબંધ આવ્યા હતા. તેમાં આપણા કેથલિક સમાજના યુવા લેખક શ્રી મનીષ મેકવાનનો નિબંધ 'બેંગકોક : એકથાઈ છોકરીની પ્રાર્થના.' ઉત્કૃષ્ટ નિવડ્યો હતો, જેને રૂા. એકાવન હજારનું પ્રથમ ઈનામ મળ્યું હતું.

શ્રી મનીષ મેકવાને ૨૦૦૫માં બેંગકોકનો પ્રવાસ ખેડ્યો હતો. તે સ્વાનુભવને તેમણે પોતાની આગવી સાહજિક રમતિયાળ અને ચોટડૂક શૈલીમાં સર્જનાત્મકતાનો સ્પર્શ આપી નિરૂપ્યો છે. ગુજરાતી ભાષા સાહિત્યમાં આવું મોટું ઈનામ મેળવનાર મનીષભાઈને ખૂબ અભિનંદન.

મનીષ મેકવાન એટલે ગુજરાતી નવકથાક્ષેત્રે, ક્રાંતિકારી વિચારો ધરાવતી 'જેહાદી', 'ભાગેડુ' અને 'જખમ' જેવી વિષય નાવિન્ય ધરાવતી નવલકથાઓના સર્જક. ગુજરાતી નવલકથાઓમાં પ્રથમ વાર જ સ્ત્રી સુન્નતની પીડાનાં દર્શન કરાવતી નવલકથા 'જખમ' તેમને મૂઠી ઊંચેરા લેખક તરીકે સ્થાપી દે છે. ફિલ્મસર્જક માટે આ નવલકથા પડકાર બની ઊભી છે! 'હેપી ક્રિસમસ એલી'એ તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ છે.

મનીષ મેકવાન એટલે પત્રકાર જગતમાં આગવું સ્થાન ધરાવનાર કોલમિસ્ટ. તેઓ મુંબઈ સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર, ફૂલછાબ, ગુજરાતમિત્ર, સરદાર ગુર્જરી વગેરે અખબારોમાં પોતાની કોલમ દ્વારા વાચકોના હૃદયમાં સ્થાન ધરાવી ચૂક્યા છે. હાલમાં તેઓ 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' ગ્રુપના ગુજરાતી અખબાર 'નવગુજરાત સમય'માં આસિસ્ટન્ટ એડિટર તરીકે કાર્યરત અને રવિવારની પૂર્તિમાં 'ક્રોસ કનેક્શન' કોલમ ચલાવે છે. અભિનંદન મનિષ મેકવાનને.

— યોસેફ મેકવાન

## ધર્મવિભાગના વર્તમાન

**મહેમદાવાદ :** ૧૬મી સપ્ટેમ્બરના રોજ, નડિયાદ ડીનરીનો બાલિકાદિન સેંટ એલેક્ષ ચર્ચ-મહેમદાવાદ ખાતે યોજાયો જેમાં નવનિયુક્ત પી.એસ.આઈ સુજ્ઞશ્રી કોમલબેન વ્યાસ પધાર્યાં હતાં. ધર્મસેવા સમિતિના ઉપપ્રમુખ ડેનિશ ડાભીએ બાલિકાઓને ભેટ આપી હતી જ્યારે અન્ય ખર્ચ હસમુખભાઈ ડાભી તરફથી આપવામાં આવ્યો હતો. ફાધર માર્ટિન આલવારિશ એસ. એફ. એક્ષ (ડીનરી પ્રમુખ)ની આગેવાનીમાં સ્થાનિક સભ્યગણની સહાયથી બાલિકાદિનની ગૌરવભેર ઉજવણી થઈ.

૪થી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ધર્મવિભાગના કેસરા ગામે પવિત્ર ગુલાબમાળાની રાણીનાં ભક્તિમેળો યોજાયો. ખ્રિસ્તયજ્ઞ અને સ્નેહભોજન દ્વારા ધર્મજનોએ તહેવારની શાનભેર ઉજવણી કરી.

— ફાધર ઝેવિયર

## સેંટ વિન્સેન્ટ પર્વ

**અંકલેશ્વર :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદ અને સ્થાનિક નિત્ય સહાયક માતા કોન્ફરન્સના સંયુક્ત ઉપક્રમે મંડળના રક્ષકસંતનો તહેવાર તથા વાર્ષિક અધિવેશન ૧૮ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ, વડોદરા ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી ગોડફ્રી ડી રોઝારિયોની અધ્યક્ષતામાં યોજાયો. ૨૩ માર્ચ, ૨૦૧૫માં સ્થાપનાનું એક વર્ષ પૂર્ણ કરતી કોન્ફરન્સે, વિવિધ સેવાકાર્યનો આદર્શ આપતાં વાર્ષિક અધિવેશનની જવાબદારી સર્વોત્તમ રીતે નિભાવી છે, અભિનંદન. સેન્ટ્રલ કાઉન્સિલના હોદ્દેદારો તથા પુરોહિતગણે સરઘસ આકારે દેવળમાં પ્રવેશ કર્યો. ખ્રિસ્તયજ્ઞથી ઉજવણીનો આરંભ થયો, જેમાં ધર્માધ્યક્ષશ્રીએ ૯૮ તરુણોને બળસંસ્કાર પ્રદાન કર્યો હતો. ધર્માધ્યક્ષશ્રીએ વિન્શેન્શિયન પરિવાર, બળસંસ્કારનાં મૂલ્યો તથા મિશન સન્ડેને આવરી લેતો પ્રેરક સંદેશ આપ્યો હતો.

ખ્રિસ્તયજ્ઞ બાદ સોસાયટીના વાર્ષિક અધિવેશનનો આરંભ થયો હતો. સ્થાનિક કોન્ફરન્સના પ્રમુખશ્રી જોન્સને આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે પધારેલા ડો. આંબેડકર ઓપન યુનિર્વસિટીના રીજિયોનલ ડાયરેક્ટર - સૂરત, ડો. રોમાન ભાટિયાએ સોસાયટીની સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી.

સ્થાનિક કોન્ફરન્સ તથા સેન્ટ્રલ કાઉન્સિલનો વાર્ષિક અહેવાલ, જે તે પ્રમુખશ્રીએ રજૂ કર્યો હતો. સ્થાનિક કોન્ફરન્સે અંદાજે અઢી લાખના ખર્ચે તૈયાર કરેલ મકાનની ચાવી, ધર્માધ્યક્ષશ્રીના હસ્તે, એક અપંગ જરૂરિયાતમંદ વિધવાબહેનને સુપરત કરી હતી. વિશેષમાં રેડ ક્રોસ સોસાયટી ભરૂચના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કર્યું હતું જેમાં ૫૦ બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું. આ પ્રસંગે ૫૦૦૦/- રૂા. ગુપ્તદાન મળ્યું હતું. ધર્મવિભાગના ઈસુસંઘી પુરોહિતગણ તથા સમગ્ર વિન્શેન્શિયન પરિવારની જહેમતથી ઉજવણી તથા અધિવેશન, સમૂહ ભોજન સાથે સફળ રહ્યાં હતાં. બ્રધર જોન્શન કે. (કોન્ફરન્સ પ્રમુખ), બ્રધર દાનિયેલ ક્રિસ્ટી (સેન્ટ્રલ કાઉન્સિલ પ્રમુખ - અમદાવાદ) તથા હોદ્દેદારોએ ઉજવણીની સફળતા માટે કોઈ કચાશ છોડી ન હતી.

નેશનલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ગુજરાતના બ્રધર સીરિલ મેકવાનની બે વર્ષ માટે પ્રોજેક્ટ મોનિટરિંગ ઓફિસર અને વેસ્ટર્ન રીજિયોનલ કાઉન્સિલમાં ગુજરાતનાં સિ. ફિલોમિના ક્રિસ્ટીની મહિલા પ્રતિનિધિ તરીકે પસંદગી કરી છે. સર્વને અભિનંદન.

— મકવાણા રાજેશ એમ.

**અમદાવાદ :** સી.ટી.એમ. - રામોલ ધર્મવિભાગમાં ૨૪, ૨૫ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ રક્ષકસંતના તહેવારની ઉજવણી કરી. ૨૪મી સાંજે કથાકાર ફાધર વિનય મેકવાને, સેંટ વિન્સેન્ટ અને સુધન્ય ફ્રેડરિક ઓઝાનામના જીવનકવનને આવરી લેતી કથા રજૂ કરી, શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બીજા દિવસે ખ્રિસ્તયજ્ઞ તથા લાભાર્થીઓને સહાય જેવા કાર્યક્રમનું આયોજન મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

— બ્રધર સીરિલ મેકવાન

## સુવર્ણજયંતીની ઉજવણી

**કાટકુવા :** ડોટર્સ ઓફ ધ ક્રોસમાં સિ. વિણા અને સિ. સૂચિનાં સંન્યસ્ત જીવનની ઉજવણી સ્થાનિક ધર્મસભાએ લોકોત્સવ તરીક ઉજવી, ત્યારે સૌના આનંદનો પાર ન રહ્યો. સભાપુરોહિત ફાધર રાજાના માગદર્શન હેઠળ કાટકુવાની આજુબાજુનાં ગામ - રખસખાડી, આંબાપુર તથા લાખનાં ધર્મજનોએ આયોજનથી માંડી અંત સુધી ખ્રિસ્તયજ્ઞમા ભજનસેવા, સત્કાર કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા છેલ્લે સ્નેહભોજનમાં પુરેપુરો સહકાર આપ્યો અને સાધ્વીબેનો પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. નવચેતન છાત્રાલયનું પ્રાર્થના નૃત્ય તેમજ આશ્રયશાળા વૃન્દાવનનો ગરબો, છત્રીનૃત્ય સૌએ વખાણ્યાં હતાં.

— સિ. વિમલા પરમાર

## રાજરાજેશ્વરનું પર્વ

**નડીઆદ :** ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ - મિશન રોડ ધર્મવિભાગમાં રાજરાજેશ્વરનું પર્વ આનંદ-ઉલ્લાસથી ૨૨ નવેમ્બર, ૨૦૧૫ના રોજ મનાવવામાં આવ્યું. આ દિવસે પૂજ્ય ફાધર અશોક વાઘેલા એસ.જે.એ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને ધર્મવિભાગના ૪૦ જેટલા બાળકોએ પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કર્યો હતો. સરઘસ આકારે આ બાળકોએ શ્વેત વસ્ત્રોમાં દેવળમાં પ્રવેશ કર્યો હતો. પર્વના ખ્રિસ્તયજ્ઞની તમામ જવાબદારી પ્રસ્તાવના, શાસ્ત્રપાઠ, ભક્તગણની પ્રાર્થના, આભાર પ્રાર્થના વગેરે બાળકોએ સપેરે ઉપાડી હતી.

— સંજય વાઘેલા

## સુવર્ણજયંતી વર્ષનો આરંભ

**વડોદરા :** વડોદરા ધર્મપ્રાંતના સુવર્ણજયંતીવર્ષ (૧૯૬૬-૨૦૧૬)નો શુભારંભ બિશપ હાઉસ, વડોદરા ખાતે ૨૨ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ધર્મપ્રાંતના ૧૨૫ જેટલા શ્રદ્ધાળુઓની હાજરીમાં કરવામાં આવ્યો. આ પ્રસંગે ફાધર સેડ્રિક પ્રકાશ એસ.જે. એ વડાધર્મગુરુ ફ્રાન્સિસના દસ્તાવેજ પર ચાવીરૂપ ભાષણ આપ્યું હતું. ધર્મપ્રાંતના વિકર જનરલ ફાધર જોયસ પાયલે સુવર્ણજયંતી વર્ષની રૂપરેખા રજૂ કરી હતી. સુવર્ણજંયતીના આરંભે ધર્મપ્રાંતના વરિષ્ઠ સંન્યાસીગણ અને ધર્મજનોએ, પ્રતીકાત્મકરૂપે વડોદરા ધર્મપ્રાંતનો નકશો, સ્વર્ગસ્થ ધમર્ધ્યિક્ષશ્રીની તસ્વીરો, દ્વિતીય વેટિકનનો દસ્તાવેજ, વડોદરા ધર્મપ્રાંતની ડીરેક્ટરી વગેરે વેદી ઉપર પ્રતિષ્ઠિત કર્યા હતાં. વડોદરા ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી ગોડફ્રી ડીરોઝારિયોએ સુવર્ણજંયતી વર્ષનો દીપ પ્રગટાવ્યો હતો. તેઓશ્રી સાથે ફાધર ગાલ્દોસ તથા ફાધર બેરેચી (ઈસુસંઘી મિશનરીઓ) ફાધર જોસ એસ.વી.ડી અને સિ. એન્તોનિત્તે એમ.એસ.સી.જે. જોડાયાં હતાં. દીપપ્રાગટ્ય બાદ સુવર્ણજયંતી સમિતિ જાહેર કરવામાં આવી હતી. વળી ૨૨ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ધર્મપ્રાંતના તમામ ધર્મવિભાગ - દેવળમાં, રાજરાજેશ્વરના પર્વ દિને સુવર્ણજયંતી વર્ષનો આરંભ કરવામાં આવશે, એમ જાહેર કરવામાં આવ્યું હતું.

Courtesy : Baroda Spotlight

## સ્પોર્ટ્સ ડે

**ઝંખવાવ :** શાંતિનિકેતન હાઈસ્કૂલમાં વિદ્યાર્થી સમુદાયને છ જૂથમાં વહેંચી વિવિધ રમતગમત - ફૂટબોલ, ડોઝ બોલ, ખો-ખો, કબ્બડી, ગોળા ફેંક, લાંબીકૂદ, રીલે દોડની સ્પર્ધાઓનો આરંભ ૧૯ ઓક્ટોબરના રોજ કર્યો હતો, જેની પરાકાષ્ઠા ફાધર અમલરાજના પ્રમુખ સ્થાને ૬ઠ્ઠી નવેમ્બર - સ્પોટર્સ ડે નિમિત્તે પૂર્ણ થઈ હતી.

માર્સપાસ્ટ તથા માસડ્રીલ દ્વારા વિદ્યાર્થીઓએ સ્પોર્ટસ ડેનો આરંભ કર્યો હતો, ઈનામ વિતરણ અને સંદેશ સાથે તે પૂર્ણ થયો હતો. શિક્ષકગણ અને આચાર્ય ફાધર પેટ્રિકનો પરિશ્રમ નોંધપાત્ર હતો.

— રમેશભાઈ કે. પરમાર

## હોસ્પિટલનો આરંભ

**સાણંદ :** ૧૦૦ પથારીવાળા અદ્યતન અવર લેડી ઓફ પિલાર હોસ્પિટલનો આરંભ ૨૬ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ થયો, જેમાં ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રીઓ તથા તબીબી સારવાર સાથે સંકળાયેલા ડોક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષમાં પ્રા. ડો. એમ. એમ. પ્રભાકર (મેડિકલ સુપરીટેન્ડન્ટ, પ્રેસિડેન્ટ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ) તેમજ સિ. લુસી જોસફ (પ્રોવિન્શિયલ) ઉપસ્થિત રહ્યાં હતાં. સિસ્ટર્સ ઓફ ચેરીટિ ઓફ સેન્ટ આન્ન સંચાલિત અવર લેડી ઓફ પિલાર હોસ્પિટલ જરૂરિયાતમંદ દરદીઓને ઉત્તમ સારવાર અને યુવતીઓને નર્સિંગ શિક્ષણ આપશે.

— સિ. પ્રભા પરમાર

## વિદાય સન્માન

**ઝંખવાવ :** શાંતિનિકેતન હાઈસ્કૂલમાં વર્ષની શિક્ષણ સેવા બાદ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા શ્રી શંકરભાઈ કે. વસાવાને શાળા પરિવારે વિદાય સન્માન પ્રથમ સત્રના અંતે આપ્યું હતું. શ્રી વસાવા સાહેબના પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય બાદ, તેમનું શાળા પરિવાર તરફથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કુ. પ્રતીક્ષા વસાવા (વિદ્યાર્થિની પ્રતિનિધિ) તથા શ્રી. એન.ડી. ગોહિલ (શિક્ષક પ્રતિનિધિ)એ વસાવા સાહેબના જીવનકવનની વાત પોતાના અનુભવોના આધારે કરી હતી. વિદ્યાર્થી સમુદાય, શિક્ષકગણ તથા સંચાલક મંડળ તરફથી વસાવા સાહેબને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

— રમેશ કે. પરમાર

## બાળઈસુનું ધામ

**ગોરવા :** સંત જોસફ ધર્મવિભાગમાંથી નવરચિત, ગોરવા ધર્મવિભાગનું કાર્મેલાઈટ સંઘના પુરોહિતગણ સંચાલન કરે છે ત્યારે નવનિર્મિત 'બાળઈસુ દેવાલય' ધર્મજનો વચ્ચે શ્રદ્ધાના સ્તંભ સમાન ઉભું છે. ૫, ૬, ૭ નવેમ્બર, ૨૦૧૫ના રોજ રીટ્રીટ સેન્ટર નગરના નિયામક ફાધર પરેશ પરમારે 'પ્રાગ ઈસુનો મહિમા' ભક્તિ દ્વારા પ્રગટ કર્યો હતો. ૮ નવેમ્બરના રોજ મલયાલમ, અંગ્રેજી તથા ગુજરાતીમાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યા હતા. સાંજે પ્રાગના બાળ ઈસુની પ્રતિમા સાથે અંદાજે ૪ થી ૫ હજાર ધર્મજનો સરઘસમાં જોડાયા હતા. પરમપૂજ્ય ધર્માધ્યક્ષ ગોડફ્રીએ આ પ્રસંગે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો તથા બાળઈસુની પ્રતિમાને આશીર્વાદ આપ્યો હતો.

— 'રાજબંધુ'જયંત પરમાર



## યુવા શિબિર

**કપડવંજ :** 'આપણે એકબીજાની શ્રદ્ધાથી પ્રોત્સાહન પામીએ.' ના સૂત્રવિધાન સાથે સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ અમદાવાદના નવનિયુક્ત આધ્યાત્મિક સલાહકાર ફાધર ચાર્લ્સ (સભાપુરોહિત-વટવા,અમદાવાદ)એ ખ્રિસ્તયજ્ઞની ઉજવણીથી યુવા શિબિરનો આરંભ કર્યો. 'હું લોરેન્સ છું, હું કેથોલિક છું' એવું હકારાત્મક પ્રોત્સાહન યુવા શિબિરના ઉદ્‌ઘાટક શ્રી લોરેન્સ મેકમૂને (ઉદ્યોગ સાહસિક, અમદાવાદ) યુવાનોને આપ્યું હતું. શ્રી કિરણ પટેલિયા (ઉપપ્રમુખશ્રી, ઉમરેઠ ધર્મવિભાગ ધર્મસેવા સમિતિ) તથા શ્રી દાનિયેલ ક્રિસ્ટી (પ્રમુખશ્રી, સેન્ટ્રલ કાઉન્સિલ, અમદાવાદ) આ પ્રસંગે હાજર રહ્યા હતા.

સામાજિક, ધાર્મિક, રાજકીય પરિપ્રેક્ષણમાં સાંપ્રત પરિસ્થિતિમાં આજનો યુવાન ક્યાં ? - વિશે વિશદ સમજ, યુવા તાલીમકાર શ્રી ફ્રાન્સિસ કાનીસે આપી હતી. બપોરે 'આમ આદમીની ઓળખ' દાનિયેલ ક્રિસ્ટીએ આપી હતી. સાંજે વિશેષ મુલાકાતમાં સ્વૈચ્છિક સંસ્થાના શ્રી મુકેશ રાઠોડ અને જુનિયર ચેમ્બર નડીઆદના પૂર્વ પ્રમુખશ્રી હસમુખ વાઘેલાએ ઉપસ્થિત રહી પોતાની સિદ્ધિઓથી યુવાનોને વાકેફ કર્યા હતા. ૧૩મી સવારે 'યુવાનો અને સિદ્ધિ પ્રેરણા' અને સાંજે 'પ્રેમ રતન ધન' વિશે પ્રેરણાત્મક તખ્ત શ્રી શૈલેષ ક્રિસ્ટી (સહતંત્રી 'દૂત') એ નિર્માણ કર્યો હતો. બપોરે સમૂહ માધ્યમો અને સામાજિક જવાબદારીમાં ફાધર ક્રિસ્ટોફર (ઝાબુઆ) અને વિજય મેકવાને (બી.બી.એન) સંયુક્ત રીતે 'સોશ્યલ મીડિયા'નાં જમાઉધાર પાસાંનો પરિચય કરાવ્યો હતો. ૧૪ નવેમ્બરના રોજ ફાધર હેરી પિન્ટો (સભાયાજ્ઞિક - ડીસા)એ વ્યક્તિત્વ ઘડતર અને ધ્યેય નિશ્ચિત કરવા અંગે ત્રણેક બેઠકમાં યુવાનોને આદર્શ વ્યક્તિત્વ માટે સમજ આપી હતી.

સાંજે ગુર્જરવાણી-અમદાવાદ સ્થિત 'વેલ્સ'ના યુવામિત્રોએ 'વેલ્સ'ની પ્રવૃત્તિઓની જાણકારી હતી અને જોડાવા પ્રોત્સાહન આપ્યું હતું. ૧૫મી નવેમ્બર સવારે ફાધર ડો. અરસકુમારે 'બાઈબલ - પ્રભુની વાણી' અંગે વાત કરતાં યુવાનોના બાઈબલ સંદર્ભમાં પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ડો. રોમાન ભાટિયાએ 'હવે પછી શું?' પ્રશ્ન ઉભો કરી, શિબિર પછીના આયોજનને વેગ આપ્યો હતો.

સમાપન કાર્યક્રમના ખ્રિસ્તયજ્ઞમાં ફાધર અગ્નેલો એસ.જે. (મેનેજર-આણંદ પ્રેસ)એ સતત સક્રિય રહેવા અનુરોધ કર્યો હતો. સમાપન સમારોહમાં દાતાઓ ઉપરાંત સેન્ટ્રલ કાઉન્સિલના પૂર્વપ્રમુખ સુરેશ પરમાર અને વર્તમાન સેન્ટ્રલ કાઉન્સિલના સેક્રેટરીશ્રી સીરિલ મેકવાન હાજર રહ્યા હતા, જેમણે સોસાયટીની માહિતી યુવાનોને આપી હતી. આ ઉપરાંત સામાજિક સમસ્યાઓ અંગે શેરી નાટક, સંગીત સંધ્યા, ફિલ્મ શો, રમતગમત દ્વારા યુવાનોના સર્વાંગી વિકાસનો ખ્યાલ રાખ્યો હતો. સમાપન કાર્યક્રમમાં સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અને હાજર પ્રત્યેક યુવાનને પ્રેમભેટ આપવામાં આવી હતી. શ્રી કેશવભાઈ મેકવાન (લીંગડા) એ યુવા પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ આયોજકોનું શાલ પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. 'યુવાનો માટે દોન બોસ્કો, કપડવંજના દરવાજા અને અમારાં દિલનાં દ્વાર ખુલ્લાં છે' એવા ફાધર આઈવન ડી'સોઝા (નિયામક કપડવંજ)ના ઉદ્‌ગાર સાથે યુવાશિબિરનું સમાપન થયું હતું. અવર લેડી ઓફ ફાતિમા તથા ડિવાઈન મર્સી યુથ કોન્ફરન્સના સભ્યગણ તથા ઉમરેઠ ડિનરીના યુવા સંયોજક સલેશિયન ફાધર મયંક પરમાર તથા પુરોહિતગણ, સાધ્વીબેનો અને ધર્મબંધુઓની રાતદિવસની મહેનતથી યુવાશિબિર સફળ રહ્યો હતો. ૧૨ થી ૧૫ નવેમ્બર સુધીના આ શિબિરમાં ૭૯ યુવા-યુવતીઓએ ભાગી લીધો હતો.

— મગન પટેલિયા

## બાઈબલ અધિવેશન

**આણંદ :** સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડીના સહયોગથી, ઈન્ડિયન કેથોલિક યુથ મુવમેન્ટ (ICYM) અમદાવાદ ધર્મપ્રાંત દ્વારા બાઈબલ અધિવેશન - યુવા દિવ્યાનુભૂતિ મહોત્સવ ૨૦થી ૨૨ નવેમ્બર, સવારે ૯થી સાંજે ૬.૦૦ સુધી યોજાયો. રીટ્રીટ સેન્ટર પોટ્ટા (કેરલ)ના ફાધર ડિન્નિ વી.સી., ફાલ્ગુની મહેતા, અશોકભાઈ તેમજ સાથીદારોએ ત્રણ દિવસ સુધી પ્રભુનાં વચન દ્વારા કૃપાદાન - દિવ્યાનુભૂતિ કરાવી હતી. વડોદરા ધર્મપ્રાંતના આદિવાસી તેમજ શહેરી વિસ્તારના ૪૬૫ જેટલા યુવા-યુવતીઓએ ચર્ચમાં જ નિવાસ કર્યો હતો જ્યારે આણંદ નજીકના પેટલાદ, નડીઆદ, ઉમરેઠ, આણંદ ડિનરીના અંદાજે ૭૦૦ જેટલા યુવા-યુવતીઓ રોજ આવજા કરતા હતા.

૨૦ નવેમ્બર ૨૦૧૫ના રોજ ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાનના આશીર્વચનથી મહોત્સવનો આરંભ થયો. પાપમાંથી પાછા ઈશ્વર તરફ પ્રયાણ કરવા તેમણે યુવાનોને સંદેશ આપ્યો હતો. જીસસ યુથે ભજન સેવા તથા એક્શન સોંગ દ્વારા યુવાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. 'કેવળ ઈસુ જ જગપ્રકાશ છે, તેમની એકમાત્ર પૂજા જીવનમાં આનંદ ભરી દેશે' એવો વિશ્વાસ સંચાલકોએ રેડ્યો હતો. જ્યાં અંત લાવે ત્યાંજ ઈશ્વર નવી શરૂઆત કરે છે, એવું આશ્વાસન તેમણે આપ્યું હતું. કેથોલિક ચર્ચ - ગામડીના યજમાન પદે આયોજીત મહોત્સવમાં ગામડી કોમ્યુનિટી તેમજ અન્ય પુરોહિતગણનો ઉમળકાભેર સહકાર મળ્યો હતો. ત્રણેક દિવસના દિવ્યાનુભૂતિ અનુભવના અંતે કેટલાયે યુવક યુવતીઓએ અંગત અને જાહેરમાં આયોજકોનો આભાર માન્યો હતો, એજ આ મહોત્સવની ફલઃશ્રુતિ છે.

— ફાધર સંદીપ મધુકર



# સંદર્ભ સૂચિ – ૨૦૧૫

## 'દૂત' ૨૦૧૫ અંક ૧-૧૨

**સંકલનઃ શૈલેષ ક્રિસ્ટી**

**નોંધઃ** ૧) સંદર્ભ સૂચિમાં, ૨૦૧૫ના વર્ષમાં પ્રસિદ્ધ થયેલ કૃતિઓના રચયિતાઓનાં નામ ક્કાવારી પ્રમાણે આપેલાં છે.

૨) દરેક કૃત્તિના શીર્ષક સામે કૌંસમાં આપેલા અંક માસ અને પાન નંબર દર્શાવે છે.

---

**અનિતા શૈલેષ ક્રિસ્ટી**
- ○ પ્રશંસા (૩:૪૧)
- ○ ભૂમિકા (૧૨:૨૯)

**અન્નપૂર્ણા મેકવાન**
- ○ ગુર્જરભૂમિમાં... જેસુઈટ બ્રધરો (૪:૩૬)

**અલ્પેશ પરમાર**
- ○ ગુણવંતી...ગતિશીલ ગુજરાત (૫:૧૬)
- ○ પંદર ઓગસ્ટ (૮:૨૮)
- ○ ઉગ્યો રે ઉગ્યો પ્રકાશ (૧૨:૪૨)

**અમ્રિતા જિતેન્દ્ર માર્શલ**
- ○ પરિવાર - પ્રેમનું બંધન (૫:૨૪)

**અનુપ ડાભી**
- ○ સફળ લગ્નજીવન (૫:૪૦)

**આગ્નેસ વાઘેલા**
- ○ મહિલા શિષ્યાઓ... સ્થાન (૩:૧૮)
- ○ નિસર્ગ સંગ સત્સંગ (૬:૨૬)
- ○ ગુર્જર ધરામહીં (૧૦:૪૦)

**ઈન્દુ રાવ**
- ○ વિચારો વાવીએ... આમંત્રિત તંત્રીલેખ (૩:૧૧)
- ○ સુખી પરિવારની... ચાવીઓ (૫:૪૪)
- ○ શુકન (૮:૧૮)
- ○ સ્વ. ડૉ. કલામને સલામ (૯:૧૬)
- ○ મુજ જીવનપંથ ઉજાળ (૧૧:૩૯)
- ○ પશ્ચાતાપ (૧૨:૩૬)

**ઈશ્વર વાઘેલા**
- ○ આંતરરાષ્ટ્રીય મહિલા દિન (૩:૩૦)
- ○ ભારતનું બંધારણ (૧૧:૩૬)

**ઈગ્નાસ મેકવાન**
- ○ સેમેસ્ટર પદ્ધતિમાં મૂલ્યાંકન (૯:૧૮)

**ઈગ્નેશિયન સમિતિ**
- ○ .....જીવનયાત્રા (૭:૪૨)

**કુમુદબેન પિયૂષભાઈ પરમાર**
- ○ 'ઈસુનું પુનરુત્થાન'નો...(૪:૨૦)

**કૌશિક વસાવા**
- ○ બંધન તોડવા અને સેતુ રચવા (૯:૧૪)

**ગ્રાબિયેલ ચૌહાણ**
- ○ કૂંખ (૯:૨૪)
- ○ આમલી (૧૨:૧૭)

**જસવંત મેકવાન**
- ○ સંત ફ્રાન્સિસ દે સેલ્સ - સંકલન (૧:૩૮)
- ○ સંતપદ - તંત્રીલેખ (૨:૭)
- ○ એક મહિલા રેક્ટર - સંકલન (૩: ૪૩)
- ○ જીવનદાન - તંત્રીલેખ (૪:૩)
- ○ બચતથી બની બળવત્તર - લેખ (૪:૨૬)
- ○ પવિત્ર આત્માનો સંઘ - સંકલન (૫:૪૬)
- ○ પ્રકૃતિસંગ - તંત્રીલેખ (૬:૫)
- ○ અજોડ કફન - સંકલન (૭:૩૯)
- ○ હાજરીનો ઓછવ - તંત્રીલેખ (૮:૦૭)
- ○ રોકાણ કરીએ - તંત્રીલેખ (૯:૮)
- ○ જીવન સમર્પણ - તંત્રીલેખ (૧૦:૯)
- ○ આત્મનિરીક્ષણથી આચરણ (૧૧:૪૬)
- ○ ઝંખના - તંત્રીલેખ (૧૨:૭)

**જે. પી. પરમાર**
- ○ ગ્રીનસ્કૂલ (૯:૪૬)

**જેકબ ડેવિસ**
- ○ વડાધર્મગુરુ : ગરીબોના બેલી (૧૧:૧૮)

**જોસેફ આપિયાન**
- ○ પરગજુને અભય દાન (૧:૨૨)

**જોન કાનીસ**
- ○ આસક્તિ—મુક્તિમાં અવરોધક (૨:૨૪)
- ○ દિલમાં વસેલાં... (૧૦:૪૨)
- ○ પુસ્તક પરિચય (૧૧:૪૪)

**જોન બેડા પરમાર**
- ○ લઘુકથા (૧૧:૨૫)

**જોન ફિલિપ મેકવાન**
- ○ પુસ્તક ઘરનો પ્રાણ (૪:૩૪)
- ○ વંદનીય ફાધર અગ્નેલો (૮:૪૬)

**જાસીન્તા સી. ડાભી**
- ○ આપણી માતાઃ સમાધનકર્તા (૩:૧૬)
- ○ પુનિત ક્રૂસની પ્રતિષ્ઠા (૯:૪૦)
- ○ વડાધર્મગુરુની નજરે બાળકો (૧૧:૨૩)

**જિતેન્દ્ર ફિલીપ**
- ○ ઋત યે સુહાની હૈ... (૩:૨૬)

**જેનેટ જે. ફાર્મર**
- ○ પરિવર્તનનો વાહક (૪:૨૪)
- ○ આંતરરાષ્ટ્રીય જમીનવર્ષ (૭:૧૬)
- ○ હિબાકુશા : સંકલન (૮:૨૨)
- ○ નિત્ય સહાયક માતા (૧૦:૧૬)

**જોન્સી મેકવાન**
- ○ વિશ્વ આહાર દિન (૧૦:૩૦)
- ○ છૂટાછેડા શું એકમાત્ર... ( ૭:૨૧)

**જયંત એમ. પરમાર 'રાજબંધુ'**
- ○ સંત યોસેફ (૫:૧૨)
- ○ માગીરાજાઓના પગલે... (૧૨:૪૧)

**જયંતી એ. મેકવાન**
- ○ આપણે ક્યાં જઈ રહ્યા છીએ (૫:૩૨)
- ○ સમૃદ્ધિ કે સર્વનાશ (૧૨:૪૦)

**ડૉ. પ્રીતિ રાઠોડ**
- ○ જનહિત (૧૨:૧૬)

**ડૉ. ચંદ્રકાન્ત પથિક**
- ○ એક યુવકનું મનોમંથન (૨:૩૫)

**ડૉ. રોમાન ભાટિયા**
- ○ ફાધરને માનવરત્ન એવોર્ડ (૩:૪૨)
- ○ મેરા ભારત મહાન (૮:૨૪)

**ડૉ. થોમસ પરમાર**
- ○ એપ્રિલની હળવી હવા (૪:૧૪)
- ○ બાઈબલમાં ઈશ્વરદર્શન (૭:૩૩)
- ○ સ્વામીચિદાનંદની દૃષ્ટિએ ઈસુ(૧૨:૩૮)

**ડૉ. સિલાસ પટેલિયા**
- ○ અક્ષરોના અજવાળે દીઠી કાલ (૯:૨૮)

**મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન**
- ○ મહાધર્માધ્યિશ્રીનો સંદેશ (૧૧:૧૩)
- ○ શ્રદ્ધાંજલિ - ફાધર વિલ્સન (૧૨:૪૪)

**દોમિનિક એમ. ડાભી**
- ○ નિઃસ્વાર્થ પ્રેમનું સ્મરણ (૩:૪૮)

**પિયુષ એમ. પરમાર**
- ○ સંત પરિચય (૧:૨૪)

**પ્રકાશ એસ. પરમાર**
- ○ સ્કાઉટિંગ અને વિશ્વબંધુત્વ (૨:૪૦)

**પ્રફુલ્લ રાવલ**
- ○ કુમાર સુવર્ણચંદ્રક વિજેતા કવિ (૨:૨૬)

**પિંકી ક્રિશ્ચિયન**
- ○ મહિલા અને ઉદ્યોગસાહસિકતા (૩:૩૨)

**પૉલ મેકવાન**
○ ગાડરાંની ભાળવણી (૫:૩૦)
○ તવ શાંતિનું ઝરણ બનું હું (૧૧:૧૬)
**પ્રવીણ પ્રવાસી**
○ સુખનું સરનામું (૫:૩૮)
**ફાધર આઈવન ડી'સોઝા એસ.ડી.બી.**
○ અગમચેતી પ્રણાલી (૯:૨૦)
**ફાધર અશ્વિન મેકવાન એસ.ડી.બી.**
○ સંત દોમિનિક સાવિયો (૫:૧૮)
○ દૉન બોસ્કો (૮:૧૯)
**ફાધર ડૉ. અરસ કુમાર**
○ પુનરુત્થાનને પ્રતાપે (૫:૨૦)
○ સંન્યસ્તવર્ગ અને નેતૃત્વ... (૧૧:૨૦)
**ફાધર એન્થની વેદમ એસ.જે.**
○ આધ્યાત્મિક સફર (૭:૧૮)
**ફાધર વિનાયક જાદવ એસ.જે.**
○ સંન્યસ્ત જીવનવર્ષ
○ ધર્મસેવાકીય પરિપત્ર અનુઃ (૩:૨૨)
○ સંત ઈગ્નાસ અને મધ્યકાલીન...(૭:૫)
○ સંન્યસ્ત જીવનનાં સાત... (૧૦:૩૪)
○ દયા પરમ ધર્મ (૧૨:૧૯)
**ફાધર નિલેશ પરમાર**
○ ઈશ્વરના રાજ્યના કામદાર (૨:૧૩)
○ પુરોહિતથી...મહાધર્માધ્યક્ષ (૯:૩૬)
**ફાધર શાઈજી કુટ્ટમ્પુરમ્**
○ ઈશજનેતા માતા મરિયમ (૧:૧૮)
○ સંન્યાસી કોને કહેવાય? (૧૦:૩૩)
**ફાધર રત્નાસ્વામી**
○ નવા વર્ષમાં નવું શું? (૧:૨૦)
○ વ્યાનીનું જીવન (૮:૧૬)
○ રાજકીય જવાબદારી... (૭:૧૨)
**ફાધર રિચર્ડ લોપીસ ઈ.સં.**
○ અંતર્યામી આત્માનો અવાજ (૫:૪૨)
○ મુક્તિદાતાનાં માતા (૯:૨૨)
○ સંન્યસ્ત જીવનનાં... (૧૦:૪૪)
**ફાધર ડેવિસ મંજલિ સી.એમ.આઈ.**
○ સીરો-મલબાર ધર્મસભા... (૧:૩૬)
**ફાધર લોરેન્સ ધર્મરાજ એસ.જે.**
○ સ્વ. બ્રધર પૉલ મેકવાન... (૨:૨૨)
**ફાધર સંદિપ મધુકર**
○ મેઘધનુષના સાત રંગ (૨:૨૩)
**ફાધર વિલિયમ 'રિશ્તા'**
○ પુત્ર સ્નેહ (૫:૧૩)
○ વડીલ દરકાર (૧૦:૧૮)
**ફાધર એન્ડુ સિલ્વેરા, એસ.જે.**
○ શુભસંદેશ અને પરિવાર (૨:૨૮)
○ ઈશ્વરનો પુત્ર (૫:૨૬)
**ફાધર વર્ગીસ પૉલ એસ.જે.**
○ અપરાધની તીવ્ર લાગણી (૨:૩૮)
○ મારું શરીર અને મારું લોહી (૪:૧૬)
○ મૃત્યુની મારી પસંદગી (૭:૩૬)
○ વડાધર્મગુરુના વૈશ્વિક પરિપત્ર (૧૦:૨૦)
○ નાતલનો અદ્ભુત ચમત્કાર (૧૨:૨૨)
**ફાધર કિરણ ગોહિલ**
○ નવદિક્ષીત પુરોહિત (૪:૨૫)
**ફાધર હેક્ટર એસ.જે.**
○ ફાધર ચેલેસ્ટોન ડાયસ... (૩:૪૬)
**ફાધર જૉયલ પાયસ**
○ શ્રદ્ધાંજલિ (૫:૩૭)
**ફાધર જોસેફ પરમાર ઈ.સં.**
○ દીકરી બચાવો : માત્ર નારાવાદ! (૯:૨૬)
**ફાધર રાપ્પાઈ પૂત્તોકરણ**
○ ઈકોલોજી મિશન (૬:૩૮)
**ફાધર અનિલ સેવરીન એસ.જે.**
○ ઈસુ તણું મન આપો પ્રભુજી... (૪:૨૨)
**ફાધર હેરી પિન્ટો**
○ ઉત્થાનથી જ પુનરુત્થાન (૪:૧૮)
**ફાધર મયંક પરમાર એસ.ડી.બી.**
○ ગુજરાત સલેશિયન પરિવાર (૮:૨૬)
○ સમર્પિત જીવનના સથવારે (૧૦:૨૫)
○ સ્વ. ફાધર મોરેટો (૧૧:૩૩)
**ફાધર માર્ટિન આલ્વારિસ એસ.એફ.એક્ષ**
○ શ્રદ્ધાંજલિ - ફાધર સ્ટેની
**ફાધર પ્રવીણ પરમાર એસ.ડી.બી.**
○ યુવા સંગે, દૉન બોસ્કો સત્સંગ (૮:૩૬)
**ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.**
○ ઘરડાં ગાડાં વાળે (૭:૨૪)
○ જીવન સાધના - પુસ્તક પરિચય (૧૦:૫૨)
○ રાજરાધિરાજ ઈસુખ્રિસ્ત (૧૧:૪૨)
**ફાધર પાબ્લો ગિલ એસ.જે.**
○ શ્રદ્ધાંજલિ (૭:૨૮)
**બકુલ મેકવાન**
○ નગર નગર આનંદ ભર્યો રે... (૧:૨૮)
○ પૂજ્ય હૃદયની... અનુવાદ (૬:૧૧)
○ પવિત્ર જીવન માટેની...(૧૦:૨૨)
**બ્રધર અરૂણ**
○ ખરેખર ઈશ્વર સર્વોચ્ચ... છે (૧૧:૧૪)
**બ્રધર થોમસ પી. એમ.સી.**
○ 'તારા પિતા કોણ?' (૬:૨૫)
○ ભલમનસાઈ સચેત (૧૨:૧૫)
**બ્રધર અંતોની રાયપ્પણ**
○ માનવવિકાસમાં શિક્ષણ... (૯:૧૫)
**બ્રધર અમલન**
○ મુક્તિની ઘોષણા (૧૦:૧૫)
**બ્રધર ફ્રાન્સિસ પ્રદીપ પરેરા**
○ શાંતિના પંથે ચાલવા... (૧:૧૬)
**બ્રધર દોમિનિક સાવીઓ**
○ પ્રેમના માર્ગે ચાલવા... (૨:૧૪)
**બ્રધર સંદેશ ગોન્સાલ્વેસ એસ.જે.**
○ સંશોધનમાં સત્યની શોધ (૩:૨૦)
○ શરણાર્થી અને નિરાશ્રિત... (૬:૧૪)
**બ્રધર જિતિન**
○ સર્જનમાં સર્જનહારને... (૪:૧૨)
**બ્રધર જોબીન એસ.જે.**
○ જરૂરિયાતમંદ પ્રત્યે અનુકંપા (૫:૧૪)
○ શબ્દવિહોણી ખ્રિસ્તઘોષણા (૭:૧૪)
**બ્રધર અલ્પેશ ચૌહાણ એસ.જે.**
○ મહાન બક્ષિસ (૭:૧૧)
**બ્રધક અશ્વિન પાંડવ એસ.જે.**
○ જાઓ.... (૧૨:૩૦)
**બ્રધર સંજય હોરો એસ.જે.**
○ બલિ નહિ દયા
**ભાવિન જે. પરમાર**
○ 'દૂત' તથા યુવાસમાજ (૨:૧૬)
**મથુર વસાવા**
○ 'મા' અમૂલ્ય મૂડી (૫:૨૯)
**રમણ મેકવાન**
○ નવી કૂંપળ (૧:૨૭)
**રાજેશ ક્રિશ્ચિયન**
○ યુવાશક્તિ અને રાજકારણ (૨:૧૮)
○ એક વિશ્વ : સમાન પર્યાવરણ (૬:૩૪)
○ પરોપકારની ખેતી... (૭:૩૮)
○ ચાલો ફરવા જઈએ (૯:૪૮)
○ મીડિયા સિસ્ટર્સ (૧૧:૨૬)
**રમેશ પી. મેકવાન**
○ શ્રદ્ધાંજલિઃ ફાધર પીટર ફર્નાન્ડીઝ (૨:૩૯)
**રાજુભાઈ ગોપાલભાઈ મેકવાન**
○ સાચુ સુખ સર્જનહારની... (૭:૨૬)
○ પવિત્ર કુટુંબ (૧૨:૩૫)
**રમણ નડીઆદી**
○ પુસ્તક પરિચય (૧૧:૪૪)
**લોરેન્સ સી. મેકમુન**
○ બાળકોને મારી પાસે આવવા દો (૫:૨૨)
○ કદર કરીએ...પ્રોત્સાહન... (૧૧:૨૪)
**વિક્ટર ક્રિસ્ટી**
○ 'શા માટે મને રંજાડે છે?' (૧:૪૦)
○ તપ-આદેશ કે આમંત્રણ? (૩:૪૪)
○ સ્નાનસંસ્કારક સંત યોહાન (૬:૩૬)
**શાંતિલાલ ખુ. ખ્રિસ્તી**
○ રંકથી રાય
**શૈલેષ ક્રિસ્ટી**
○ આહ્વાનઃ 'યુવાનો-ડિજિટલ...(૨:૨૦)
○ સ્વ. ફાધર બાસિલ પરમાર (૨:૩૬)

○ મા... આમંત્રિત તંત્રીલેખ (૫:૦૭)
○ આહ્‌વાન (૬:૧૬)
○ 'બચપન બચાવો' (૬:૨૪)
○ આહ્‌વાનઃ નેતૃત્વનો અભાવ...(૮:૩૯)
○ યુવાચાહકની મુલાકાત (૮:૪૨)
○ મહાધર્માચાર્યને પ્રણામ (૯:૩૮)
○ ધર્મજનોના ધર્માધ્યક્ષશ્રીના... (૯:૪૨)
○ મારા જીવનમાં... આહ્‌વાન (૧૦:૩૨)
○ મૃત્યુ - આમંત્રિત તંત્રીલેખ (૧૧:૭)

**સાયમન એફ. પરમાર**
○ તમે ફરક પાડી શકો છો - અનુ. (૪:૪૦)
○ નાતાલની આસપાસ (૧૨:૨૬)

**સ્નેહલતા ભાટિયા**
○ જલ બીન માછલી (૩:૨૮)
○ પ્રકૃતિ (૭:૨૨)
○ હિમશિલા (૧૨:૨૮)

**સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન**
○ તપઋતુ (૩:૧૫)
○ ક્રૂસનો જયઘોષ (૯:૨૫)

**સિસ્ટર પ્રિસિલ્લા એલ.ડી.**
○ શ્રદ્ધાંજલિ (૬:૩૩)

**સિસ્ટર કોકિલા મેકવાન**
○ પાર્વતીબાઈલેપ્રસીહોસ્પિટલ... (૧:૪૨)

**સ્મિતા બી. મેકવાન**
○ ધર્મસેવાકીય પરિપત્ર અનુઃ (૩:૨૨)
○ રક્તદાન : મહાદાન (૧૦:૨૭)

**સિ મેરી ડાભી એલ.ડી.**
○ સ્વ. સિસ્ટર મારિયા ઝાવિયેર (૩:૨૪ )

**સિ. જોસફા એસ.એમ.એમ.આઈ.**
○ ધર્મશિક્ષણ (૪:૩૮)
○ પરમપિતાની ભેટ (૧૦:૪૧)

**સુશીલા મેકવાન**
○ આધુનિકતા અને નારીઆદર્શ (૩:૩૬)
○ 'વેલ્સ'ના વિસ્તરતાં વલયો (૧૧:૩૪)

**સિસ્ટર રોહિણી જાદવ ઓ.પી.**
○ સેવાની સફરે (૪:૧૧)

**હસમુખ મેકવાન**
○ પાણીનો પોકાર (૩:૩૪)

**શ્વેતા ડી. ક્રિશ્ચિયન**
○ સહકારનો માર્ગ (૭:૨૦)

**ઊંટેશ્વરી સંમિલિતાલયમ**
○ વિકલાંગને સક્ષમ બનાવીએ (૧૨:૧૮)

## કાવ્યવિભાગ

**કલ્પેશ 'કલ્પ'**
○ વાવ્યો હશે (૧:૧૨)
○ સમજાય છે (૩:૧૩)
○ અડધા ફરીથી (૫:૧૦)
○ ગઝલ (૭:૮)

**જોકીમ મકવાણા**
○ ગુડફ્રાઈડે (૪:૮)

**જેનીશ એમ. મકવાણા**
○ તોય ઘણું (૪:૮)

**જોસેફ વાય. મેકવાન**
○ હાકલ કરી રહ્યો છું (૧૦:૧૨)

**જયંત સુતરિયા**
○ ઈનામ (૧૦:૧૨)

**જેક્સન વી. પરમાર**
○ હવે (૨:૧૦)

**ડૉ. સિલાસ પટેલિયા**
○ માતૃભાષા (૨:૧૦)
○ ગ્રંથમહિમા (૪:૮)
○ મજૂર દિન (૫:૧૦)
○ જળ (૭:૮)
○ મનની માટીમાં (૯:૧૨)
○ કબ્રસ્તાન (૧૧:૧૦)
○ નાતાલ (૧૨:૧૦)

**ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી**
○ ઓચ્છવનું જોર નહિ ચાલે (૧૨:૧૦)

**પીટરભાઈ**
○ આભાર (૭:૮)

**સ્વ. પિયુષ પીટર**
○ સોણલુ (૭:૮)

**પ્રભાવતીબહેન બી. મેવકાન**
○ પૂજ્ય પિતાને (૩:૧૩)

**ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન**
○ તુ આવ (૧:૧૨)
○ લાજવાબ ફૂલો પર (૩:૧૩)

**ફ્રાન્સિસ ગાલુસ મેવકાન**
○ નારી (૮:૧૦)
○ કરી લે વિચાર (૧૧:૧૦ )

**બકુલ મેકવાન**
○ પ્રભુ તારી વાણી (૨:૧૦)
○ સજનવા (૩:૧૩)
○ રંગ બદલતો માણસ (૪:૮)
○ શિકાયત પ્રભુની (૫:૧૦)
○ આ માણસ (૬:૮)
○ સંબંધ (૭:૮)
○ ડૉ. કલામને... (૯:૧૨)
○ પ્રભુ આપણો રખેવાળો (૧૦:૧૨)
○ નાતાલનો સંદેશ (૧૨:૧૦)

**બાસીલ મેકવાન 'શૈલ'**
○ નથી ચાલવાનું (૬:૮)
○ શું ફેર પડે (૮:૧૦)

**ભરત મકવાણા**
○ ખુમારી (૮:૧૦)
○ એક રચના (૧૦:૧૨)

**મહેન્દ્રકુમાર પરમાર**
○ આનંદ માણી રહ્યો છું... (૧૧:૧૦)

**નટુભાઈ વાઘેલા**
○ નૂતન વર્ષ (૧:૧૨)
○ હવે શા માટે (૬:૮)
○ કવિતા એ ક્રોસ (૯:૧૨)
○ તો હું શું કરું (૮:૧૦)

**રજનીકાન્ત જોસેફ રાઠોડ**
○ સાચુ જીવન (૬:૮)
○ ઈસુ જન્મ (૧૨:૧૦)

**રમેશ મેકવાન**
○ આશા છે (૫:૧૦)
○ પામવાના પ્રયત્નો (૯:૧૨)
○ હતાશાને કહો... (૧૨:૧૦)

**યાકુબ પરમાર**
○ આપણે (૫:૧૦)

**વિનુભાઈ કાપડિયા**
○ આધાર પ્રભુનો (૨:૧૦)

**સવિતા પરમાર**
○ ધન્ય જીવન (૧:૧૨)
○ મોતની કવિતા (૨:૧૦)
○ ઝૂર્યા કરું (૪:૮)
○ હવે (૬:૮)
○ અર્પું તુજને (૮:૧૦)
○ ધબકતું સત્ય (૧૧:૧૦)

**સૂર્યકાન્ત ડી. પરમાર**
○ યાદ આવે પ્રાર્થના (૧:૧૨)
○ યાદ (૯:૧૨)
○ ચિંતા શાની (૧૧:૧૦)

**સરોજબેન વાય. પરમાર**
○ અરમાન (૩:૧૩)

**શૈલેષભાઈ આઈ. પરમાર**
○ હાઈકુ (૧૦:૧૨)

**વર્ષ ૨૦૧૬ માટે ગુજરાત સાહિત્ય પ્રકાશનાં પ્રકાશનો... અવશ્ય વસાવો.**

**૧. બાઈબલ ડાયરી (પાકું પૂઠું રૂા.૧૬૦/- અને કાચું પૂઠું રૂા.૧૩૦/-)**

**૨. બાઈબલ વાંચન સૂચિ (કિંમત રૂા.૦૫/-) ૩. કેથોલિક પંચાગ (કિંમત રૂા.૨૫/-)**

**પ્રાપ્તિસ્થાનઃ ગુજરાત સાહિત્ય પ્રકાશ, પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧**

જાહેરાત

# ક્રિશ્ચિયન યુથ માટે એક અગત્યની જાહેરાત

ઉંમર અને બદલાયેલો સમય આપણી પાસેથી ઘણું બધું ઝૂંટવી લે છે. એમાં ખાસ તો શૈશવમાં ઉજવેલાં તહેવારો, ખાસ દિવસો વગેરે. એ વખતે એવું લાગતું કે તહેવારો અને ખાસ દિવસો આપણાં વગર અધૂરાં રહી જશે. નાનપણમાં જ્યારે અમે ગૂજરાત વિદ્યાપીઠમાં રહેતાં હતાં ત્યારે બધાં એક બનીને બધાં શુભપ્રસંગોની ઉજવણી કરતાં હતાં. બેસતાવર્ષના દિવસે ઘેર ઘેર શુકનનું સબરસ આપવા જતા. ગ્રુપમાં જ બધાંને સાલમુબારક કરવા જતા. હવે જાતને ભૂલી સામૂહિક રીતે તહેવારો માણવાની ઈચ્છા-ઉત્કટતા ભૂતકાળ બની ગઈ છે. તહેવારોનો પારંપારિક આનંદ જૂના સમયની સ્મૃતિકથા જેવો બની ગયો છે. હવે આપણે તહેવારોની ઉજવણીમાં જાતે ભાગ લેતા નથી, ટી.વી. પર દર્શાવતી ઊજવણીના ફક્ત મૂકપ્રેક્ષક બની ગયા છીએ. નાનપણમાં ગૂજરાત વિદ્યાપીઠના એક પદવીદાન સમારંભમાં તે વખતના પુષ્કળ લોકપ્રિય વડાપ્રધાન જવાહરલાલ નહેરુ આવ્યા હતા. અમારા સહુ માટે તો તેઓ નહેરુચાચા હતા. પ્રવેશ દ્વારા નજીક જ અમારું ઘર હતું. માનવમહેરામણ ઉમટ્યું હતું. બધા તેમનું સ્વાગત ગુલાબનો હાર કે હાથે કાંતેલી સૂતરની આંટી પહેરાવીને કરતાં હતાં. નહેરુચાચાએ તેમને પહેરાવેલો એક ગુલાબનો હાર અમારી બાળકોની ટોળી આગળ ફેંક્યો હતો, જે અમારા ગ્રુપની એક છોકરીએ ઝીલી લીધો હતો. તે વખતે શાસક અને સંસ્થા કોંગ્રેસ અલગ થયા નહોતા. જવાહરલાલ નહેરુના સ્વાગતમાં તે વખતના વિદ્યાપીઠના ચાન્સેલર અને તે વખતના દેશના નાણામંત્રી એવા મોરારજીભાઈ દેસાઈએ બધા માટે અફલાતૂન ભોજન તૈયાર કરાવડાવ્યું હતું. જેની પંગત અમારી સ્કૂલ કુમાર-વિનય મંદિરમાં જ પડી હતી. પતરાળાં-પડિયાંની જગ્યાએ બેસવાને ભોજનથાળ મૂકવા માટે પ્રેમે પાટલા પાથર્યા હતાં. નહેરુચાચા પણ અમારી સામેની પંગતમાં નીચે જ બેઠા હતા. ચોખ્ખા ઘીના ચુરમાના લાડુ બનાવડાવીને અગાઉથી જ વર્ગખંડમાં સાચવીને મૂકવામાં આવ્યાં હતાં. સૌથી પહેલાં પીરસવામાં આવી હતી દાળ, દાળમાં ખારેક ને સૂરણનાં ટૂકડાં, નસીબ હોય તો વઘારનું મરચું પણ આવી પડે જેને નીચોવીને લેવાનું. લાડુ ઝડપથી દરેકને એક એક મૂકતાં ગયાં હતા. તુવેર-રીંગણનું તેમજ ટીંડોળાનું એમ બે શાક હતાં. સૂકાં ધાણાના એક-બે, એક-બે દાણા ભેળવેલા ભજિયાં. રાઈ, અજમો ને હિંગ-મરચાંના વઘારથી લાલ તેલમાં તરતા દેશી વાલ. મુખ્ય આઈટમ કંસાર. મઘમઘતો કંસાર પીરસાય કે તરત એક બીજો જણો દળેલી સાકર અને ચારોળી કંસારમાં પધરાવવા આવે. એની પાછળ ત્રીજો ઘીનું કમંડળ લઈને આવી પહોંચે. કંસારમાં ખાડો કરવાનો - સીધું જ રેડે, ખાડો છલકાઈ જાય. લીલાં મરચાં ને દ્રાક્ષનું રાઈના પટ દીધેલું રાઈતું, તળેલાં પાપડનો ચૂરો. કેરીનું અથાણું. છેલ્લે કમોદના સુગંધી ફફડતા ભાત.

ઘણી છે આવી વાતો. મુદ્દા પર આવવા કહેવી જરૂરી હતી. મુદ્દો એ કે ગૂજરાત વિદ્યાપીઠમાં આના પછી એક રિવાજ પડી ગયો હતો કે પદવીદાન સમારંભ પછી ભોજન સમારંભ હોય જ. અવનવા રિવાજો અને ચાલ આમ જ પડતાં હોય છે. ગેજેટ ફ્રેન્ડ્રલી પેઢીનો વાંચતી વખતે મોબાઈલ પોતાની પાસે રાખવાનો રિવાજ છે. અગાઉની બીજી બધી જ પેઢીઓ કરતાં ડિજીટલ યુગની આ પેઢી સાવ અલગ પડી જાય છે. દુનિયાને આટલી સંકોચાયેલી આટલી પાસપાસે, આટલી ઈન્ટર-કનેક્ટેડ અગાઉની કોઈ યુવા પેઢીએ જોઈ નથી. આજે તમે ઈન્ટરનેટ પર તમારા વિચારો તસવીરો કે વિડિયો અપલોડ કરો છો. જે એ જ ક્ષણે આખી દુનિયા સામે મૂકાઈ જાય છે. ધરતીના કોઈપણ ખૂણેથી કોઈપણ વ્યક્તિ રિયલ ટાઈમમાં તમારાં મંતવ્યને, ક્રિએટીવિટીને કે ગાળાગાળીને એક્સેસ કરી શકે છે. પ્રતિભાવ આપી શકે છે, ફેલાવી શકે છે કે વિરોધ કરી શકે છે. તમે સ્ટેજ પર માઈક્રોફોન સામે ઊભેલા વક્તા છો અથવા પરફોર્મર છો અને આખું વર્ચ્યુઅલ વર્લ્ડ તમારું ઓડિયન્સ છે. નંદન નેલકાણીએ તો કહ્યું છે કે વોટસ્અપ એ સોથી મોટી ક્રાંતિ છે. વિચારો કે માહિતીનું આટલું ગજબનાક ઝડપી આદાનપ્રદાન અગાઉની કોઈ પેઢીએ જોયું છે?

જીવનશૈલી અને જીવનમૂલ્યો પર ટેકનોલોજીનો પ્રભાવ સંપૂર્ણ છે. આંગળીનાં ટેરવાને સહેજ હલાવતાં જ મોબાઈલ ફોન કે કમ્પ્યુટર કે ટી.વી. સ્ક્રીન પર માહિતી અને મનોરંજનના મહાસાગર ઊછળવા લાગે છે. બેધારી તલવાર જેવી સ્થિતિ છે આ. ટેકનોલોજીના આ વિસ્ફોટ સામે આજની પેઢી મૂઢ બની ગઈ છે. ઝડપથી પલટાતાં ટેકનોલોજી યુગમાં માતાપિતાની ફરિયાદ લગભગ એક સરખી જ હોય છે. સંતાનોના જમવાના સમયથી શરૂ કરીને તેઓ કોઈપણ બાબતને ગંભીરતાથી નહિ લેવાની એમની વૃત્તિને પ્રવૃત્તિ બન્ને વિષે માતાપિતા સતત ચિંતા કરે છે. સાથે સાથે માતાપિતા ને જે કમાતા વર્ષો લાગ્યા છે તે બધું જ પલકઝપકમાં સંતાનોને તેઓ ઉલટભેર પૂરું પણ પાડી દે છે. તેમની બધી જ સગવડો સાચવી લે છે. જે સંતાનોને આળસું અને ધ્યેયહીન બનાવી દે છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી અમારી નવી પેઢીની તેજસ્વી વિદ્યાર્થીની-દીકરીઓ- કેયા, ધરા, પરી, હેલી, રિયા, રુદ્રજા, ઝીલ, પ્રેયા, અવિશા, જૂહી, શિરાલી, ઈશિતા, રાજવી, આરના, જહાન્વી, વિધિ, રોશની, નિકેતા, સેજલ, આરતી, બોસ્કી, ક્રિસ્ટીના, જોયસ, મોનિકા, પ્રિતી, રશ્મિકા, રિમ્પલ, સ્નેહા, સ્નેહલ, સ્ટેફી, શ્વેતા વગેરે એક દિવસ ચોક્કસ પોતાની કારકિર્દીને ઉજ્જવળ બનાવશે જ. સારામાં સારી નોકરીઓમાં તેઓ સિલેક્ટ થશે જ અને સમાજનું નામ પણ ઉજ્જવળ કરશે. યુવાનો/વિદ્યાર્થીઓ પણ કોઈ ગાંજ્યા જાય તેવા નથી.

ડિસેમ્બર મહિનામાં SPIPA (રૂા.૬૨,૦૦૦/- સુધીનું મન્થલી સ્ટાઈપેન્ડ), તેમજ તલાટી અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના ભાગરૂપે અમદાવાદ ખાતે ક્રિશ્ચિયન યુથ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ સાથે માતાપિતાને પણ સ્નેહભીનું આમંત્રણ છે. જેના રજીસ્ટ્રેશન માટે તાત્કાલિક **શ્રી રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ (૯૯૨૪૮ ૯૮૫૯૪)**નો સંપર્ક કરવો.

✡ ***Happy Christmas & Happy New Year*** ✡




સરળ સ્વભાવ, મિલનસાર વલણના

**સ્વ. ફાધર સ્તાનિસલાઉસ રોડ્રિગ્સ**

સોસાયટી ઓફ સેંટ ફ્રાન્સિસ ઝાવિયેર

# ૨૦૧૫ના વર્ષોન્તે અસ્તાચળમાં પ્રકાશપૂંજનાં તેજકિરણો...

અલભ્ય પ્રેરણામૂર્તિ સાધ્વી

**સ્વ. સિસ્ટર પિલાર નવારેતે સી.સી.વી.**

વેદ્રુના કાર્મેલાઇટ સિસ્ટર્સ ઓફ ચેરિટી (CCV)



મકાનનું
વેચાણ
ચાલુ છે.




3 BHK
Bungalows

સરનામુંઃ મરિયમપુરા તળાવ પાસે, રંગઈપુરા, પેટલાદ, તા. પેટલાદ

NA / NOC ટાઈટલ ક્લિયર મકાન...

2 BHK Bungalows

બુકીંગ
ચાલુ છે.



સુવિધાઓઃ આર.સી.સી. રોડ - કમ્પાઉન્ડ વૉલ - ગેટ - વિશાળ કોમન પ્લોટ

સેંટ મેરીસ પ્રા. શાળા પાછળ, પીનલ પાર્ક પાસે, મરિયમપુરા, રંગાઈપુરા, તા. પેટલાદ, જિ. આણંદ

# Pinal Residency

NA / NOC ટાઈટલ ક્લિયર મકાન...




સરનામું:
મરિયમપુરા તળાવ પાસે, રંગઈપુરા, પેટલાદ, તા. પેટલાદ

સુવિધાઓ : આર.સી.સી. રોડ - ગટર લાઈન - પાણીનું કનેક્શન - કમ્પાઉન્ડ વોલ - વિશાળ કોમન પ્લોટ

## બુકીંગ ચાલુ છે

સર્વ ખ્રિસ્તી ભાઈબહેનોને નાતાલની
તથા
નવાવર્ષની સોનેરી સલામ.



**સંપર્કઃ**
**નરેશભાઈ આર. પ્રજાપતિ : ૯૮૯૮૮ ૪૦૪૭૫**
**મેહુલ એન. પ્રજાપતિ : ૯૭૨૩૭ ૨૦૮૦૩**
**કાંતિભાઈ ટી. મેકવાન : ૯૫૫૮૫ ૨૮૪૬૬**

**ઓર્ગેનાઈઝર :**
**નરેશભાઈ રૂપાભાઈ પ્રજાપતિ**
**મેહુલ નરેશભાઈ પ્રજાપતિ**

PAVAN HRUDAYA DOOT, December, 2015 No. of Pages 64 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.




Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan